




પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૮-૩-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧૮

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia







### ટ્રમ્પના ૧૦ દિવસના સિઝફાયરના એલાન પછી પણ યુદ્ધ ભીષણ બન્યું


# ઈરાનના ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પર મોટો હુમલોઃ યુધ્ધ વધુ ભયાનક બનવાની દહેશત

## ઈરાને વળતા જવાબમાં સાઉદી અરેબિયા સ્થિત અમેરિકન સૈન્ય બેઝ પર કર્યો હુમલો

**અબતક, નવી દિલ્હી**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાનના સરકારી મીડિયાના દાવા મુજબ, ઈરાનના અત્યંત સંવેદનશીલ ગણાતા ખૌંદાબ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પર અમેરિકા અને ઈઝરાયલ દ્વારા મોટો હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં હેવી-વોટર રિએક્ટર અને યલોકેક પ્રોડક્શન પ્લાન્ટને નિશાન બનાવવામાં આવ્યા છે. બીજી તરફ ઈરાને વળતા જવાબમાં સાઉદી અરેબિયા સ્થિત અમેરિકન સૈન્ય બેઝ પર હુમલો કર્યો છે.

ઈરાનના અત્યંત સંવેદનશીલ ગણાતા 'ખૌંદાબ' ન્યુક્લિયર પ્લાન્ટ પર ભીષણ હુમલો કરવામાં આવ્યો છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં હેવી-વોટર રિએક્ટરને મુખ્ય નિશાન બનાવવામાં આવ્યું છે. આ હુમલામાં પરમાણુ બોમ્બ બનાવવા માટે વપરાતા 'યલોકેક' પ્રોડક્શન પ્લાન્ટ પર ૧૦ થી વધુ બોમ્બ (અનુ. આઠમા પાને)



### રશિયાએ પેટ્રોલની નિકાસ ઉપર મુક્યો પ્રતિબંધ

રશિયાએ ૧ એપ્રિલ, ૨૦૨૬ થી પેટ્રોલની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનો મોટો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ દેશની અંદર પૂરતો પુરવઠો જાળવી રાખવાનો અને ભાવવધારો અટકાવવાનો છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે વિશ્વભરમાં તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવમાં વધઘટ થઈ રહી છે. રશિયન નાયબ વડા પ્રધાન એલેક્ઝાન્ડર નોવાકની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠકમાં દેશના પેટ્રોલિયમ બજારની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જાણવા મળ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં અસ્થિર ભાવ હોવા છતાં, રશિયા પાસે પૂરતો અનામત અને ઉત્પાદન ક્ષમતા છે. તેમ છતાં, સરકારે સ્થાનિક બજારમાં કોઈપણ અછત અથવા ફુગાવાને ટાળવા માટે સાવચેતીના પગલા તરીકે નિકાસ બંધ કરવાનો નિર્ણય લીધો હતો.

### ઈરાન અને હિઝબુલ્લાહ બાદ યુધ્ધમાં યમનની પણ એન્ટ્રી! ઈઝરાયેલ પર ચોતરફી હુમલા શરૂ

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલું સૈન્ય સંઘર્ષ હવે ખતરનાક રીતે વકરી રહ્યો છે. આ જંગમાં હવે યમનના ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહીઓની એન્ટ્રી થઈ છે. વહેલી સવારે હૂતીઓએ દક્ષિણ ઈઝરાયલને નિશાન બનાવીને બેલેસ્ટિક મિસાઈલ હુમલો કર્યો હતો, જેના કારણે સમગ્ર ઈઝરાયલમાં (અનુ. આઠમા પાને)

### ટ્રમ્પે સ્ટ્રેટ ઓફ હોર્મુઝને સ્ટ્રેટ ઓફ ટ્રમ્પ ગણાવ્યું!

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર તેમના નિવેદન માટે ચર્ચામાં છે. આ વખતે, તેમણે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંથી એક, હોર્મુઝ સ્ટ્રેટનો ઉલ્લેખ ''ટ્રમ્પ સ્ટ્રેટ'' તરીકે કર્યો, જેનાથી આંતરરાષ્ટ્રીય ચર્ચા શરૂ થઈ. ફ્લોરિડામાં એક કાર્યક્રમમાં બોલતા, ટ્રમ્પે કહ્યું, ''તેઓએ ટ્રમ્પ સ્ટ્રેટ ખોલવો પડશે... મારો મતલબ હોર્મુઝ છે. માફ કરશો, તે એક ભૂલ હતી. તેમનું નિવેદન તરત જ સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં વાયરલ થઈ ગયું.

## અમારે નાટોની કોઈ જરૂર નથીઃ ટ્રમ્પ



અમેરિકા અને નાટો વચ્ચે હવે તલવાર ખેંચાઈ ગઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નાટો પર ગુસ્સે છે. તેઓ વારંવાર નાટો દેશોની ટીકા કરે છે. જ્યારે પણ તક મળે છે. આ વખતે, તેમણે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે અમેરિકા અને નાટો અલગ થવાના છે. હા, જો ડોનાલ્ડ ટ્રમ્પનું માનવું હોય તો, અમેરિકા હવે નાટો છોડી દેશે. ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે અમેરિકાને નાટોમાં રહેવાની જરૂર નથી. આ નિવેદનથી ટ્રાન્સએટલાન્ટિક જોડાણના હૃદયમાં પરસ્પર સંરક્ષણ નિયમો પ્રત્યે અમેરિકન રાષ્ટ્રપતિની પ્રતિબદ્ધતા પર ફરીથી પ્રશ્નો ઉભા થયા. આનો અર્થ એ થયો કે અમેરિકા અને નાટો ખૂબ જ ટૂંક સમયમાં અલગ થવાના છે. શુક્રવારે રાત્રે મિયામીમાં એક રોકાણ મંચને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે તેમણે નાટો પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. ટ્રમ્પે કહ્યું કે તેઓ ગુસ્સે છે કારણ કે યુરોપિયન નાટો દેશોએ અમેરિકાને ટેકો આપ્યો નથી, જ્યારે અમેરિકા ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધના ચોથા અઠવાડિયામાં પ્રવેશી ગયું છે. હકીકતમાં, અમેરિકાએ ઈરાન પર હુમલો કરવાનો નિર્ણય તેના યુરોપિયન સાથીઓ સાથે શેર કર્યો ન હતો, અને ઘણા નેતાઓએ કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ''અમે હંમેશા તેમની સાથે રહ્યા છીએ, પરંતુ હવે તેમના વર્તનને જોતાં, એવું લાગે છે કે આપણે ત્યાં રહેવાની જરૂર નથી, ખરું ને?'' તેમણે ઉમેર્યું.

# શ્રમ કાયદાના વિરોધમાં ૧ એપ્રિલે દેશમાં 'બ્લેક ડે' મનાવવાની ઘોષણા

## સરકારના ચાર નવા લેબર કોડ સામે કેન્દ્રીય ટ્રેડ યુનિયનનો આક્રોશઃ સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શનની હાકલ

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલા ચાર નવા લેબર કોડ (શ્રમ સંહિતા) સામે શ્રમિક સંગઠનોએ ફરી એકવાર મોરચો માંડ્યો છે. દેશના ૧૦ મુખ્ય કેન્દ્રીય ટ્રેડ યુનિયનોના સંયુક્ત પ્લેટફોર્મે આગામી ૧લી એપ્રિલ, ૨૦૨૬ ના રોજ દેશવ્યાપી 'બ્લેક ડે' (કાળો દિવસ) મનાવવાનું એલાન કર્યું છે. યુનિયનોનો આરોપ છે કે સરકાર સમક્ષ આ કાયદાઓ રદ કરવાની વારંવાર માંગણી કરવા છતાં કોઈ સકારાત્મક પ્રતિસાદ ન મળતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શુક્રવારે જારી કરાયેલા એક સંયુક્ત નિવેદનમાં ટ્રેડ યુનિયનો અને સ્વતંત્ર સેક્ટર ફેડરેશનોએ દેશભરના તમામ શ્રમિકો અને સંગઠનોને અપીલ કરી છે કે તેઓ ૧લી એપ્રિલના રોજ કાળો દિવસ પાળી પોતાનો વિરોધ નોંધાવે. આ આંદોલન દ્વારા કામદારો સરકારને સંદેશ આપવા માંગે છે કે નવા શ્રમ કાયદાઓ તેમના હિતમાં નથી અને તેનાથી નોકરીની સુરક્ષા તેમજ વેતન જેવા પાયાના અધિકારો જોખમાઈ શકે છે.

૧લી એપ્રિલના રોજ વિવિધ ઔદ્યોગિક એકમો, ઓફિસો અને જાહેર સ્થળોએ કાળી પટ્ટી બાંધીને અને કાળા વાવટા ફરકાવીને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. જો સરકાર આ મામલે નમતું નહીં જોખે તો આગામી સમયમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની પણ યુનિયનોએ ચીમકી આપી છે.

# એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડાથી સરકારની તિજોરી ઉપર રૂ.૧.૩ લાખ કરોડનો બોજ વધશે

## ક્રૂડના વધતા ભાવ વચ્ચે ઓઈલ કંપની અને ગ્રાહકોને રાહત આપવા સરકારે ડ્યુટી ઘટાડીઃ કોંગ્રેસે આ નિર્ણયને ચૂંટણીલક્ષી ગણાવ્યો

- ફેબ્રુઆરીમાં ક્રૂડનો સરેરાશ ખર્ચ ૬૯ ડોલર હતો, જે માર્ચમાં વધીને ૧૧૧.૯૩ ડોલર થયો.
- પેટ્રોલ અને ડીઝલ બંને પરની સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યૂટીમાં ૧૦ રૂપિયાનો ઘટાડો.
- ડીઝલ પર ૨૧.૫ રૂપિયા અને એટીએફ પર ૨૯.૫ રૂપિયા પ્રતિ લિટર નિકાસ ડ્યૂટી લાગુ.
- નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં નિકાસ થતા ઈંધણ તેમજ વિદેશ જતાં એરક્રાફ્ટને અપાતા એટીએફ પર નિકાસ ટેક્સ લાગુ નહીં પડે.

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ગ્રાહકો અને ઓઈલ કંપનીઓને ક્રૂડના ઉંચા ભાવની અસરથી બચાવવા માટે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટીમાં ૧૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે. ફેબ્રુઆરીની સરખામણીમાં આ મહિને ભારતીય રિફાઈનરો માટે ક્રૂડના ભાવમાં ૬૨ ટકાનો ઉછાળો આવ્યો છે. સરકારના આ નિર્ણયથી સરકારી તિજોરી પર અંદાજે ૧.૩ લાખ કરોડ રૂપિયાનો બોજ પડશે.

ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમ જેવી ઈંધણ કંપનીઓને પેટ્રોલ પર પ્રતિ લિટર ૨૪ રૂપિયા અને ડીઝલ પર ૩૦ રૂપિયાની ખોટ જઈ રહી હતી. આ નુકસાનની ભરપાઈ કરવા અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઈંધણની અછત વચ્ચે નિકાસ પર થતા અણધાર્યા નફાને રોકવા માટે સરકારે ડીઝલ પર પ્રતિ લિટર ૨૧.૫ રૂપિયા અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ પર ૨૯.૫ રૂપિયાની નિકાસ ડ્યૂટી લાદી છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સના ચેરમેન વિવેક ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, નિકાસ (અનુ. આઠમા પાને)

# શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પર હિમપ્રપાતથી સાત લોકોના મોતઃ પાંચ ઘાયલ




### યુપીના કૌશામ્બીમાં ભયાનક અકસ્માતમાં આઠનાં મોત

ઉત્તર પ્રદેશના કૌશામ્બીમાં શુક્રવારે સાંજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. પ્રયાગરાજથી બાળકની મુંડન વિધિ કરાવીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની પિકઅપ વાન હાઈવે પર ઉભેલા એક ટ્રેલર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૫ મહિલાઓ અને ૩ બાળકો સહિત કુલ ૮ લોકોના મોત નિપજ્યા છે. પિકઅપમાં ફતેહપુર જિલ્લાના અંદાજે ૨૫ લોકો મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માત એટલો ભીષણ હતો કે પિકઅપના ફુરચા ઉડી ગયા હતા અને મુસાફરો રસ્તા પર ફેંકાઈ ગયા હતા. સ્થાનિકો અને પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ૧૦થી વધુ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા હતા. પ્રયાગરાજમાં મુંડન અને કડા ધામમાં દર્શન બાદ ખુશી-ખુશી ઘરે પરત ફરી રહેલા પરિવારમાં આ અકસ્માતને પગલે માતમ છવાઈ ગયો છે.

**અબતક, રાજકોટ**


જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પર અનેક સ્થળોએ હિમપ્રપાત થવાને કારણે વાહનો તેની ઝપેટમાં આવી ગયા હતા. આ દુર્ઘટનામાં એક બાળક અને બે મહિલાઓ સહિત સાત લોકોનાં મોત થયા છે, અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને જોડતા નેશનલ હાઈવે પર ઝોજિલા પાસ પાસે 'ઝીરો પોઈન્ટ' અને 'મિનિમાર્ગ' વચ્ચેના વિસ્તારમાં આ હિમપ્રપાત થયો હતો. બપોરના સમયે વાહનો આ (અનુ. આઠમા પાને)



# જેન-ઝી વિરોધ પ્રદર્શનમાં થયેલા મૃત્યુ મામલે નેપાળના પૂર્વ વડાપ્રધાન કે.પી.શર્મા ઓલીની ધરપકડ

## પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની પણ ધરપકડઃ બાલેન શાહ સરકારે સત્તા સંભાળતાની સાથે જ આક્રમક વલણ અપનાવ્યું



**અબતક, રાજકોટ**

નેપાળના રાજકારણમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઉલટફેર જોવા મળ્યો છે. નવી રચાયેલી બાલેન શાહ સરકારે સત્તા સંભાળતાની સાથે જ આક્રમક વલણ અપનાવ્યું છે. વડાપ્રધાન બાલેન શાહના નેતૃત્વમાં મળેલી પ્રથમ કેબિનેટ બેઠકમાં લેવાયેલા કઠોર નિર્ણય બાદ, પૂર્વ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી અને પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની ધરપકડ કરવામાં આવી છે.

આ ધરપકડ પાછળ ગત વર્ષે સપ્ટેમ્બરમાં થયેલા ઝેન જી આંદોલનના હિંસક વળાંકને જવાબદાર માનવામાં આવે છે. આંદોલન દરમિયાન નિઃશસ્ત્ર વિદ્યાર્થીઓ પર થયેલા ગોળીબારમાં અનેક યુવાનોના મોત નિપજ્યા હતા. તપાસ પંચના અહેવાલમાં આ હિંસા અને જાનહાનિ માટે તત્કાલીન સરકારના વડા કે.પી. ઓલી અને ગૃહમંત્રી રમેશ લેખકની ભૂમિકાને જવાબદાર ઠેરવવામાં આવી હતી. બાલેન શાહ સરકારે પોતાની પ્રથમ બેઠકમાં જ આ રિપોર્ટને તાત્કાલિક અસરથી લાગુ કરી જવાબદારો સામે સીધી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. આજે વહેલી સવારે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની અટકાયત કરવામાં આવી અને તેના થોડા જ સમય બાદ પૂર્વ વડાપ્રધાન કે.પી. ઓલીની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહીથી નેપાળના રાજકીય વર્તુળોમાં સોપો પડી ગયો છે.

કાઠમંડુના મેયરથી વડાપ્રધાન બનેલા બાલેન શાહે આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેમની સરકારમાં ભ્રષ્ટાચાર અને માનવ અધિકારોના ઉલ્લંઘન સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવામાં આવશે. પૂર્વ વડાપ્રધાનની ધરપકડને નેપાળના લોકતંત્રમાં એક મોટા પરિવર્તન અને કાયદાના શાસનના મજબૂતીકરણ તરીકે જોવામાં આવી રહી છે.

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

ખાનગી એકાઉન્ટ / એકાઉન્ટન્સી ક્ષેત્ર તથા વીમા એજન્સી, તથા ખાનગી બેન્કિંગ એજન્સીઝના તમામ જાતક માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળુ નીવડશે તેવી પૂરી શક્યતા. નાના ઔદ્યોગિક એકમના જાતક તેમજ મધ્યમ કદના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. ખાનગી તેમજ સરકારી શૈક્ષણિક સંસ્થાના જાતક માટે મધ્યમ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સારુ નીવડશે. કુટુંબમાં સામાન્ય બાબતને લઈને ખટરાગ કે કંકાસ થવાની સંભાવના. મૈત્રી તથા બહારી સંબંધમાં વિશેષ સંભાળ લેવી અન્યથા, વાયરલ થવાની સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૩ તથા ૪ એપ્રિલ સામાન્ય નીવડશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

આ સપ્તાહ દરમિયાન, ધંધા વ્યવસાયના અધૂરા તથા પેન્ડીગ પડેલા કામકાજ પૂરા થઈ જશે તેવી પૂર્ણ સંભાવના. પ્રવાહી પેય, પ્રવાહી આહાર તેમજ રસાયણિક દ્રવ્યોના ઉત્પાદક, જથ્થા બંધ વ્યાપારી એવમ વિક્રેતા જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે તેવી પૂરી શક્યતા. તેમજ નાના મોટા તમામ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી આ સપ્તાહ બહુ સાનુકૂળ એવમ લાભદાયક નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી, નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક જણાશે. કેવળ, ૨ એપ્રિલ જ સામાન્ય રહેશે.

## મિથુન — ક,છ,ઘ

જાહેર ક્ષેત્રની વ્યક્તિ એવમ રાજકીય ક્ષેત્રે સક્રિય વ્યક્તિ માટે, આ સપ્તાહ સરેરાશ અથવા પ્રતિકૂળ રહે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહ બહુ દોડધામ વાળુ નીવડશે, ઉદ્યોગ, ધંધા કામકાજ અર્થે બહારના રાજ્યમાં પ્રવાસ થાય તેવા સંયોગ અને શક્યતા બન્ને દર્શાય છે. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ અથવા સાવ સરેરાશ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. તમામ પ્રકારના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ અથવા મધ્યમ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તેમજ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સારુ અને લાભદાયક નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તેમજ વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. કેવળ, ૨ એપ્રિલનો દિવસ જ સાધારણ જણાશે.

## કર્ક — ડ,હ

સરકારી તેમજ ખાનગી એકાઉન્ટ / એકાઉન્ટન્સી તથા મેનેજમેન્ટ ફર્મ તથા તમામ પ્રકારના વૈધ કન્સલ્ટિંગ(ક્યલફહ) વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારક નીવડશે તેવી પૂરી શક્યતા. ઓટોમોબાઈલ્સ અને તેના સ્પેર પાર્ટ્સના વ્યાપારી જાતક તેમજ ગેરેજ સંબંધિત જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. પરંતુ નાના નાના વ્યાપાર તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભકારી રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક રહેશે. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૩૧ માર્ચ સરેરાશ રહેશે.

## સિંહ — મ,ટ

અવૈધ સંબંધ તેમજ આવેગ અને ઉતાવળ પર નિયંત્રણ રાખવું નહીં તો વાયરલ થવાની પૂર્ણ સંભાવના અને સંયોગ પણ. શેર બજાર તથા સટ્ટા બજારના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ રહેશે. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વાણિજ્યના એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ તથા ભાગદોડ વાળું રહેશે. ધંધા ઉદ્યોગમાં નવી તકો મળવાની પણ સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી નીવડશે. સગા, કુટુંબીજન સાથે સુમેળ સધાશે, સાથે સાથ સહકાર પણ મળશે. નિવૃત્ત, મહિલા-કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ હળવું લાભદાયક જણાશે. ૩ એપ્રિલ સાવ સરેરાશ રહેશે.

## કન્યા — પ,ઠ,ણ

ખાનગી તથા સરકારી શૈક્ષણિક એકમ સાથે જોડાયેલ તમામ જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. સર્વિસ તથા કન્સલ્ટિંગ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક રહેશે. પ્રવાહી પેય તેમજ રસાયણિક દ્રવ્યોના ઉત્પાદક જાતક તેમજ આયુર્વેદિક ફાર્મસીના જાતક તથા જથ્થા બંધ વ્યાપારી તથા વિક્રેતા માટે આ સપ્તાહ ખૂબ જ લાભકારક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના તમામ મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા નાના મોટા તમામ વ્યાપાર-વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભકર્તા નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી એવમ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ.મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત એવમ વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨ એપ્રિલ સાવ સામાન્ય રહેશે.

## તુલા — ર,ત

ફૂટવેરના ઔદ્યોગિક એવમ વ્યાપારી એકમના જાતક તથા નાના મશીનરીઝ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. જ્યારે, મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સ્ટેશનરી સંબંધિત જથ્થાબંધ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળુ જણાશે. આ સિવાયના, તમામ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ સાવ સામાન્ય અથવા પ્રતિકૂળ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મી, વિશેષ તો રેવન્યુ વિભાગના કર્મચારી, તલાટી તથા ખાનગી એકમના કર્મચારી માટે આ સપ્તાહ સાવ મધ્યમ નીવડશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. કેવળ ૨૯ તથા ૩૧ માર્ચ સાધારણ રહેશે.

## વૃશ્ચિક — ન,ય

ખાનગી એકાઉન્ટ / એકાઉન્ટન્સી એકમના જાતક તથા વીમા એજન્સી, તેમજ ખાનગી બેન્કિંગ એજન્સીઝ કે એકમના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર અને દોડધામ કરાવશે તેવી પૂરી શક્યતા. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા મધ્યમ કદના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારક નીવડ્શે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. આ સપ્તાહે કુટુંબમાં વ્યર્થ બાબતથી હળવો કંકાસ થઈ શકે તેવી સંભાવના. મૈત્રી તેમજ બહારી સંબંધમાં વિશેષ સંભાળ રાખવી નહીં તો વાયરલ થવાની પૂર્ણ સંભાવના. મહિલા-કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ હળવું લાભકર્તા નીવડશે. ૩ એપ્રિલ સામાન્ય રહેશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહ અનેક પ્રકારે લાભ પણ કરાવશે અને સતત કાર્યરત એવમ પ્રવાસશીલ રાખશે તેવી પૂર્ણ સંભાવના. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વણિજ એકમ ના જાતક માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. સર્વિસ બિઝનેસના જાતકો માટે અતિ લાભકારી સપ્તાહ રહેશે. સાથે સાથે અનેક નવી તક સાંપડશે. આ સપ્તાહે બેરોજગાર માટે નોકરી પ્રાપ્તિના શુભાવસરની પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ અને સરળતાપૂર્ણ જણાશે, છતાં કાર્ય ક્ષેત્રમાં વિશેષ કાળજી રાખવી. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ કરવાના સંયોગ. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, ગૃહિણી, મહિલા કર્મી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. ૧ એપ્રિલ અર્ધ સાધારણ રહેશે.

## મકર — ખ,જ

ઉદ્યોગ, ધંધા તથા વ્યવસાયના કામકાજ અર્થે ઘણી દોડધામ રહે સાથે બહારના રાજ્યમાં પ્રવાસ થાય તેવી પૂર્ણ રૂપે સંભાવના. રાજકીય વ્યક્તિ એવમ જાહેર ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. તમામ પ્રકારના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ વ્યસ્ત રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. આ સપ્તાહે, સગા, સ્નેહી તથા પરિવાર જન સાથે સુમેળ થઈ શકે તેવી પૂરી શક્યતા. નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૩૦ તથા ૩૧ માર્ચ સાવ મધ્યમ નીવડશે.

## કુંભ — ગ,શ,ષ

આ સપ્તાહ દરમિયાન વાત (વાયુ) પ્રકૃતિ વાળા જાતકે વિશેષ રૂપે કાળજી રાખવી. આ સપ્તાહ. ભાઈ-બહેન તથા સાળા-સાળી સાથેના પારિવારિક સંબંધોમાં સુમેળ, સમાધાન કરાવશે તેવી પૂર્ણ સંભાવના. હોટેલ, રેસ્ટોરાં, ફૂડ પ્લાઝા જેવા એકમના જાતક તેમજ ટ્રાવેલ એજન્સી જાતક માટે આ સપ્તાહ આંશિક રૂપે લાભદાયક નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક નીવડશે. તથા તમામ કદના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પણ હળવું પ્રતિકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સરેરાશ અથવા હળવું પ્રતિકૂળ રહેશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. ૨૯ તથા ૩૧ માર્ચ સાધારણ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન — દ,ચ,ઝ,થ

ફેશન તથા ફેબ્રીક અને સૌંદર્ય પ્રસાધનો (કોસ્મેટિક્સ) ના ઔદ્યોગિક+વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ અથવા સાનુકૂળ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, તમામ ઔદ્યોગિક એકમના જાતક એવમ તમામ પ્રકારના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સામાન્ય સાથે હળવું સરેરાશ નીવડે શકે તેવી પૂરી શક્યતા. છૂટક વ્યાપારી તથા ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન પરિવાર કે સગા સાથે ફરવા જવાના તથા ધાર્મિક યાત્રા કરવાની પૂરી શક્યતા. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. ૧ તથા ૩ એપ્રિલ સાવ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

---

**સંબંધો જ જીવનની સાચી સંપત્તિ**

# જીવનનું સત્ય: સંબંધોમાં જ વસે છે ખુશીઓની ચાવી

### આજના પ્રેક્ટિકલ યુગમાં સંબંધનો ફાયદો ઉઠાવાય છે, અને પ્રોફેશનલ લોકો તો ફાયદા માટે જ સંબંધ બનાવે છે: સારા દેખાવ માટે ન જીવો પણ સારા બનવા માટે જીવો: કોઈપણ સંબંધ જયારે અલ્પવિરામ માંગે ત્યારે, જબરદસ્તી કરવા કરતાં તેને વિરામ આપી દેવો યોગ્ય છે, નહીં તો સંબંધમાં પૂર્ણવિરામ આવતા વાર નથી લાગતી

**નોલેજ કોર્નર**




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

માનવી પ્રાચીન કાળથી સંબંધો સાથે જીવતો કે જોડાયેલો છે. જેમ જેમ માનવીએ પ્રગતિ કરી તેમ તેમ સંબંધો બદલાતા ગયા, અને તેનું મહત્વ ઘટતું ગયું. જુના લોકો ભાવુક હતા, એટલે તે સંબંધ સંભાળતા હતા. માનવ જીવનમાં સંબંધનું બહુ જ મહત્વ છે. પરિવારમાં સગા સ્નેહી, મિત્ર વર્તુળ સાથે પાડોશીનો સંબંધ સંસાર યાત્રામાં મહામુલો છે. તમારો સ્વભાવ પણ સંબંધ વિકસાવવામાં મદદરૂપ થતો હોય એ હમેંશા સારો રાખવો જરૂરી છે. આજના તકવાદી કે સ્વાર્થના જમાનામાં લોકોને સંબંધની સાચી વેલ્યુની ખબર જ નથી પડતી. સોશિયલ મીડિયામાં ગમે તેટલા ફ્રેન્ડ્સ કે ગ્રુપ હોય ખરે ટાણે કોઈ. મદદ કરતું નથી. આજે બધા જ સ્વીકારે છે કે લોકો સંબંધનો ફાયદો ઉઠાવે છે. કેટલાક તો ફાયદા માટે જ સંબંધ વિકસાવે છે. સારા દેખાવ માટે ન જીવો, પણ સારા બનવા માટે જીવો એ જ જીવનની સાચી મૂડી ગણાશે.

સંબંધ તો આકાશ જેટલો વિશાળ છે. તમારૂં થોડું હાસ્ય કોઈક ના જીવનમાં ખુશીયા લાવી શકે છે. નાના બાળક નિર્દોષતા સાથે ઓળખાણ વગર હાસ્ય વેરે ત્યારે ધરતી પર સ્વર્ગ ખડું થાય છે. સમજણ આવે પછી બાળક પણ તરુણ-કિશોર કે યુવા બનતા તેનામાં પણ સ્વાર્થવૃતિ આવી જવાથી તે પણ મા-બાપે કે પરિવારનું અનુકરણ કરે છે. ૨૧મી સદીમાં બાળકોને જીવન મુલ્યો આધારીત તેનો વિકાસ કરવો તે દરેક મા-બાપની ફરજ છે. દેશો પણ પાડોશી દેશો સાથે સંબંધ વિકસાવે છે, જયારે આપણે પાડોશ કે સગાભાઈ સાથે બોલતા નથી. આપણી જૂની વ્યવસ્થાની સંયુક્ત કુટુંબ પ્રથામાં સંબંધો સોળે કલાએ ખીલ્યા હતા. પરિવારમાં કોઈ નબળો ભાઈ સબળા ભાઈઓના લોહીના સંબંધોએ જીવન પૂર્ણ કરી જતો હતી. સંબંધો સમોવડીયા સાથે જ હોય એ જરૂરી છે. આજે પણ ઘણા લોકો શ્રેષ્ઠ નિસ્વાર્થ સંબંધો નિભાવે છે. અમુક સંબંધો અમીર ગરીબનાં વિભાગો પાડીને પણ એકબીજાથી દૂર થતાં જાય છે. નાનુ બાળક આવો ભેદભાવ કયારેય રાખતો નથી. દરેકે નાનકડા બાળક પાસેથી પણ ઘણું શીખવાની જરૂર છે. આજના પ્રેક્ટિકલ યુગમાં સંબંધનો ફાયદો ઉઠાવાય છે, અને પ્રોફેશનલ લોકો તો ફાયદા માટે જ સંબંધ બનાવે છે: સારા દેખાવ માટે ન જીવો પણ સારા બનવા માટે જીવો. આપણાં સ્વભાવ, ગેર સમજણ કે કોઈની વાતોમાં આવીને આપણે સંબંધ બગાડીએ છીએ પછી સાચી વસ્તુની ખબર પડે ત્યારે ઘણું મોટું થઈ ગયું હોય છે.વિચાર ભેદ હોય શકે પણ મનભેદ ન હોય ત્યાં સંબંધો ટકી જતા હોય છે. સંબંધોની માવજત જરૂરી હોય છે. એકબીજાની સહનશક્તિ અને સમજદારીથી સંબંધો વધુ ઘાટા બને છે.માણસ તેના અનુભવોથી માણસને વધુ ઓળખતો થાય છે. માણરો માણસ પાસેથી શીખવાનું છે, પણ શરત એટલી કે માણસ માણસ બની જીવે તે એક અગત્યની બાબત છે.

પક્ષીઓ પોતાના બચ્ચાને ભવિષ્ય માટે તેને ઉડવાની કળા શીખવે છે. માનવી પોતાના સમગ્ર જીવન દરમ્યાન પોતાના સ્વભાવ કે જીદ કે સ્વાર્થ વૃત્તિને કારણે હેરાન થાય છે. સારા સંબંધો જીવનમાં ક્યારેય એકલતા આવવા જ નથી દેતા. સંબંધો બગડે ત્યારે જ માનવ જીવનમાં એકલતા આવે છે. પરિવારમાં સંબંધોનું બહુ જ મહત્વ છે ત્યારે તેને જાળવવો સૌની વિશેષ જવાબદારી છે. સંબંધના ડાયરામાં મા-બાપ, પત્ની-પતિ, પુત્રો-પુત્રી કે નજીકનાં તમામ સગા આવી શકે છે, મા-બાપ વચ્ચેના ઝગડા કે ગેરસમજણ તો પરિવારને છિન્ન ભીન્ન કરી નાંખે છે. કોઈપણ સંબંધ જયારે અલ્પવિરામ માંગે ત્યારે, જબરદસ્તી કરવા કરતાં તેને વિરામ આપી દેવો યોગ્ય છે, નહીં તો સંબંધમાં પૂર્ણવિરામ આવતા વાર નથી લાગતી. આજના યુગમાં છૂટાછેડાના વધતા બનાવોમાં આવા સંબંધોની ગેરસમણ કે સહનશીલતાનો અભાવ જોવા મળે છે. મોટાભાગનાં ઉંમરમાં મોટા થયા હોય પણ સંબંધો વિકસાવવામાં નિષ્ફળ ગયા હોય. આપણે વિચારીએ કે આપણો પણ સમય આવશે પણ છેલ્લે તો આપણે દિવસોને જ સારો સમય ગણાવીએ છીએ. આપણાંની સામે કયારેય સચ્ચાઈ સાબિત કરવાની ન હોય, એ સંબંધો જ ઘણા સારા અભય સંબંધો નિભાવી જાણતો હોય છે. સંબંધોમાં પ્રેમ, હુંફ લાગણીને સધિયારો મળે ત્યારે જ તેમાં વસંતોત્સવનો આનંદ ભળે છે. અંધારાને દૂર કરવાની મહેનત કરવા કરતા સૌએ એક સંબંધનો દિવો પ્રગટાવીને બધાના ભલા માટે આગળ આવવાની જરૂરી છે.સંબંધ ડેવલપ કરવા ઘણું ધ્યાન રાખવું પડે છે, કોઈ માણસ હૃદયથી વાત કરતો હોય ત્યારે તમારે તમારું મન લગાવવાની જરૂર જ નથી હોતી પણ બધા અહીં જ ભૂલ કરે છે. તેથી સંબંધો તૂટે છે, કોઈ માણસ તૈયાર હોય અને તે તમારી સાથે મન લગાવીને વાત કરે ત્યારે તમારે હૃદયસભર ન જ થવું એ એટલું જ સત્ય છે. મિત્રતા અને સંબંધ તો એકબીજા માટે મદદરૂપ થવાની પવિત્ર ભાવની વાત કરે છે, એક બીજાના સુખ - દુઃખમાં તમારી સાથે ઉભો રહે ને તે જ સાચો સંબંધી, સગા-સંબંધી આપણે એટલે કે કહીએ છીએ. અભણ, ગરીબ, શ્રીમંત, દિવ્યાંગ, ભોળો, લાગણીશીલ કે પ્રેક્ટિકલ કે સ્માર્ટ બધાને પોતાના સંબંધો હોય છે.

અપેક્ષા વગરના સંબંધો જીવનભર ટકી રહે છે. આજના યુગમાં સંબંધની એકપણ સ્પષ્ટ વ્યાખ્યા મળવી મુશ્કેલી છે. જીવનના ખાલીપાને દુર કરવામાં સંબંધ જ રામબાણ ઈલાજ છે. કોઈપણ સંબંધ જયારે આપણી સાથે હોય ત્યારે તેનું મુલ્ય સમજાતું નથી, પણ એ જપારે તૂટે છે ત્યારે જ તેની સાથી કિંમત આપણને ખબર પડે છે. એકબીજા પ્રત્યે કંઈક કરી છૂટવાની ભાવનાને જ સાચો સંબંધ કહેવાય છે. આજની મતલબી દુનિયામાં લોકો સંબંધોને વાપરે છે. સંબંધી એ કરેલી મદદ એ ઋણ છે તેને કયારેય ભૂલશો નહીં કેટલાક તો તમારું જ ખાઈને તમારું જ ખોદતા હોય છે. ઘણા લોકો તમારી આપવિતી બધાને કહેતા ફરતા હોય છે. ઘણા લોકો સંબંધ રાખવા જેવો માણસ હોય છે. જીવનમાં કયારેપ કોઈ સાથે છળકપટ કરશો નહીં. સંબંધ વિકસાવીને દગો આપવો નહીં આજે તો આ યુગમાં નજીકના જ સંબંધો તમને હેરાન કરતા જોવા મળે છે. સાચા લોકો હોય તેની પરીક્ષા ન લેવી. ઈશ્વર અને ભકત વચ્ચે પણ અતૂટ સંબંધો જ મોક્ષ માર્ગ અપાવે છે.આપણું સફળ જીવન ત્યારેજ સાર્થક ગણાય જ્યારે આપણે અન્યો સાથે અતૂટ સંબંધો નિભાવીએ.



### સંબંધ એટલે ?

આજે જયારે દિમાગને પૂછયું ત્યારે, દિલ બોલ્યું કે સંબંધ એટલે રીલેશન, રીલેશન એટલે.... રી..લેશન, ફરી ફરી કરવાનું લેશન, લાગણીઓને પાકી કરવાનું અને વારંવાર કરવાનું હોમવર્ક કરવું. સંબંધ એટલે સમ-બંધ, જેમાં સરખો પ્રેમ, વ્યવહાર અને લાગણીઓ ઉતાવળ ધીરજથી કરવી, અને ક્રોધ શાંતિથી કરવો. પૃથ્વી પરનો માણસ માત્ર એના સંબંધોને આધારે જીવે છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૯.૩.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ અગિયારસ, આશ્લેષા નક્ષત્ર, ધૃતિ યોગ, વિષ્ટિ કરણ આજે બપોરે ૨.૩૯ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ કર્ક ત્યારબાદ સિંહ (મ,ટ) રહેશે**

- **મેષ (અ,લ,ઈ) :** આંતરિક સૂઝમાં વૃદ્ધિ થાય, સંતાન અંગે સારું રહે, પરિવારમાં આનંદ રહે, શુભ દિન.
- **વૃષભ (બ,વ,ઉ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે, તમામ સુખ સગવડ પ્રાપ્ત થાય, દિવસ પ્રગતિકારક રહે.
- **મિથુન (ક,છ,ઘ) :** તમારી પ્રતિભા દર્શાવી શકો, નવા કાર્યનું આયોજન કરી શકો, શુભ દિન, લાભ થાય.
- **કર્ક (ડ,હ) :** બેન્કના કાર્ય નિપટાવી શકો, આર્થિક આયોજન કરી શકો, મનોમંથન કરી શકો.
- **સિંહ (મ,ટ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આંતરિક શક્તિ ખીલે, લોકો દ્વારા તમારી પ્રસંશા થાય.
- **કન્યા (પ,ઠ,ણ) :** લોન વિગેરે બાબતમાં સાંભળવું, ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી વ્યય નિવારવા સલાહ છે.
- **તુલા (ર,ત) :** જીવનમાં નવા નિયમ લાવી શકો, તમારી દિનચર્યા સુધારી શકો, દિવસ દરમિયાન પ્રગતિ થાય.
- **વૃશ્ચિક (ન,ય) :** વ્યક્તિની પરખ કરી શકો, કામકાજ માટે નવા સંશાધનો કામે લગાવી શકો, શુભ દીવસ.
- **ધન (ધ,ભ,ફ,ઢ) :** આધ્યાત્મિક ચિંતન થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, પરિવાર સાથે આનંદ માણી શકો.
- **મકર (ખ,જ) :** કોર્ટ કચેરી કે વીલ વરસના પ્રશ્નો ઉકેલી શકો, વિવાદ નિવારી શકો, મધ્યમ દિવસ રહે.
- **કુંભ (ગ,સ,શ) :** આંતરિક જીવનમાં સારું રહે,સબંધો માં સુલેહ થી ચાલી શકો, વધુ ઉગ્રતાથી કામ ના લેવા સલાહ છે.
- **મીન (દ,ચ,ઝ,થ) :** આપણા ગણીને ચાલતા હોઈએ તે બધા આપણા નથી હોતા!, હિત શત્રુથી કાળજી લેવી, વિશ્વાસે ના ચાલવું, મધ્યમ દિવસ.

## ન્યુકિલઅર જગ્યાઓથી લીકેજ મોટો ખતરો ગણી શકાય



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અગાઉ અત્રે લખ્યા મુજબ બે મોટા ગ્રહણ પછી મિડલ ઈસ્ટમાં યુદ્ધ અટકવાનું નામ નથી લેતું અને અનેક દેશ આ યુદ્ધની અસરમાં આવી ચુક્યા છે ત્યારે પરિસ્થિતિ વધુ વણસે નહિ તે વિશ્વ સમુદાયે જોવું રહ્યું તો કુંભ રાશિમાં ગ્રહણ પછી અત્રે લખેલું કે ભરેલા કુંભની નિયતિ શું છે એ અકળ હોય છે અને કુંભ રાશિ પર શનિ અને રાહુનો પ્રભાવ છે વળી ગોચર ગ્રહોમાં મંગળ બુધ અને રાહુની યુતિ કુંભ રાશિમાં ચાલી રહી છે જે અર્થવ્યવસ્થાથી લઈ ને યુદ્ધના ભયાવહ દ્રશ્યો સામે લાવી રહી છે વળી આ કુંભમાં રાહુ અને મંગળ સાથે હોય વાતાવરણને જેરી તત્વોથી દુષિત કરે છે માટે ન્યુકિલઅર જગ્યાઓથી લીકેજ મોટો ખતરો ગણી શકાય અને વિશ્વ સમુદાય સક્રિય નહિ થાય તો આ લીકેજ સમગ્ર વાતાવરણને ગંભીર રીતે દુષિત કરી શકે વળી મંગળ મીનમાં શનિ તરફ જાય છે તે પણ યુદ્ધ ની સ્થિતિના કારણે મોટા સ્ફોટ અને દુર્ઘટનાથી બચવાનું સૂચન કરે છે જે સમજવું રહ્યું તો આ ગોચર ગ્રહનોની સ્થિતિમાં અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે પણ મતભેદ ઉભા થાય અને બીજા દેશો પણ તેમાં અસર પામતા અને કોઈને કોઈ રીતે યુદ્ધની આગમાં દાઝતા જોવા મળે વળી વિશ્વમાં દરેક પ્રકારની ઉર્જાનું સંકટ બને તે પહેલા આ યુદ્ધમાં વિરામ આવે એ જરૂરી છે.!!!

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૮-૦૩-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૩:૦૦ ગુજરાતી મુવી (વિઠ્ઠલ ટીડી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રસ મલાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ પોડકાસ્ટ (ધો. ૧૦-૧૨ પછી શું (અરુણ દવે))
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (મસાલા બજાર સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ધર્મ યુધ્ધ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૯-૦૩-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (આજ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (તવા બર્ગર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૦-૦૩-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## સૂડોકુ -૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૫ | | | | | |
| ૫ | | | | | ૭ | | ૯ | ૧ |
| | | | | | | | | ૬ |
| | | | | | | | | |
| | ૯ | | | ૨ | | | ૬ | |
| | | ૧ | | | ૪ | ૭ | | |
| ૮ | | | | | | | | |
| | | | ૧ | ૮ | ૫ | ૩ | | ૨ |
| | ૩ | | | | | | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૫ | ૮ | ૧ | ૩ | ૭ | ૨ | ૪ |
| ૨ | ૮ | ૪ | ૬ | ૫ | ૭ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૭ | ૩ | ૨ | ૪ | ૯ | ૬ | ૫ | ૮ |
| ૮ | ૫ | ૧ | ૪ | ૯ | ૬ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૨ | ૯ | ૫ | ૭ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૬ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ | ૫ | ૮ | ૯ |
| ૪ | ૯ | ૨ | ૧ | ૮ | ૫ | ૩ | ૭ | ૬ |
| ૫ | ૧ | ૬ | ૭ | ૩ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૭ | ૩ | ૮ | ૯ | ૬ | ૨ | ૧ | ૪ | ૫ |

## અબતક પંચાગ

**તા.૨૯-૩ -૨૦૨૬ રવિવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૨ — શાલીવાહન શકિ: ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૬ |
| તિથી | ચૈત્ર શુદ અગીયારસ કામદા એકાદશી |
| નક્ષત્ર | આશ્લેષા |
| યોગ | ધૃતિ — કરણઃ બવ |
| સુર્યોદય | ૬.૪૩ — સુર્યાસ્તઃ ૭.૦૧ |
| ચંદ્ર રાશી | કર્ક |
| રાશિ અક્ષર | ડ.હ |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૩૨ થી ૧.૨૦ |


શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# હેતનો હોંકારોઃ મુખ્યમંત્રીને ફુલડે વધાવતા ગુજરાત હાઉસિંગ બોર્ડના રહીશો





તસવીરઃ શૈલેષ વાડોલિયા



## પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, ડો. માધવ દવે સહિતના દિગ્ગજોની પ્રેરક ઉપસ્થિતિ

**અબતક, રાજકોટ**

રાજકોટના પેડક રોડ પર સ્થિત અટલ બિહારી બાજપાઈ ઓડિટોરિયમ આજે એક ઐતિહાસિક ક્ષણનું સાક્ષી બન્યું છે. આજે 'દાદાનો હેતનો હોંકારો' કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં હજારો લોકોએ કલા અને વિકાસનો સંગમ માણ્યો હતો. ફેડરેશન ઓફ હાઉસિંગ બોર્ડ એસોસિએશનના પ્રમુખ અશોકભાઈ ગઢવી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં તમામ હાઉસિંગ બોર્ડ કવાર્ટર ધારકોને એક મંચ પર લાવીને વિકાસની નવી દિશા કંડારવામાં આવી છે.

કાર્યક્રમના મુખ્ય આકર્ષણ એવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંચ પરથી જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, સરકાર હંમેશા સામાન્ય અને મધ્યમ વર્ગના માનવીના પડખે ઉભી છે. હાઉસિંગ બોર્ડના રહીશોના પ્રશ્નો હોય કે તેમના જીવનધોરણને ઊંચું લાવવાની વાત હોય, અમે હંમેશા 'હેતનો હોંકારો' આપીને તેમની સાથે રહ્યા છીએ. રાજકોટની જનતાનો પ્રેમ અને ઉત્સાહ જોઈને પ્રતીત થાય છે કે વિકાસની આ યાત્રા સાચી દિશામાં છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, દરેક ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારને પોતાનું ઘર અને સુવિધા મળે તે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું છે અને અમે તેને સાકાર કરવા કટિબદ્ધ છીએ.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પ્રદેશ અગ્રણી રાજુભાઈ ધ્રુવ, પેલિકન ગ્રુપના ભરતભાઈ શ્રીમાંકર અને રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની ગરિમા વધારવા માટે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા અને રામભાઈ મોકરિયાએ પણ હાજરી આપી હતી. આ ઉપરાંત રાજકોટના ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબારીયા અને દર્શિતાબેન શાહની પ્રેરક ઉપસ્થિતિએ કાર્યક્રમને રાજકીય સ્તરે પણ ભારે મહત્વ આપ્યું હતું. દરેક નેતાઓએ હાઉસિંગ બોર્ડના રહીશો સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

ફેડરેશન ઓફ હાઉસિંગ બોર્ડ એસોસિએશનના પ્રમુખ અશોકભાઈ ગઢવીએ આ પ્રસંગે તમામ મહાનુભાવોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ માત્ર એક મેળાવડો નથી પરંતુ હાઉસિંગ બોર્ડના હજારો પરિવારોની એકતાનું પ્રતીક છે. તેમણે તમામ કવાર્ટર ધારકો વતી મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો કે તેઓ વ્યસ્ત શિડ્યુલ વચ્ચે પણ રાજકોટના સામાન્ય નાગરિકોને મળવા માટે આવ્યા. અશોકભાઈએ વધુમાં જણાવ્યું

(અનુ. આઠમા પાને)

# વોર્ડ નં.પમાં ભાજપ ચારેય નવા ચહેરા મેદાનમાં ઉતારશે

## દિલીપભાઈ લુણાગરીયાને વોર્ડ નં.૪ માંથી લડવાની ઈચ્છાઃ રોટેશન ચેન્જ થતા ડો.હાર્દિક ગોહિલ પણ વોર્ડ બદલશે

## આવાસ કૌભાંડમાં પતિદેવનું નામ ઉછળતા વજીબેન ગોલતરને ભાજપે સસ્પેન્ડ કર્યા છેઃ રસિલાબેન સાકરિયાને જુથવાદ ભરખી જશે

### વોર્ડમાં પટેલ, કોળી, માલધારી, રાજપુત, આહીર સમાજની વસ્તી વધુઃ ઓબીસી અનામત એક જ બેઠક છતાં બે બેઠકો પર ઓબીસી ઉમેદવારને ઉતારશે ભાજપ



રસીલા સાકરીયા



વજીબેન ગોલતર



હાર્દિક ગોહિલ



દિલીપ લુણાગરિયા

**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૫ ભાજપ ચારેય નવા ચહેરા ચુંટણી જંગમાં ઉતારે તેવી શકયતા હાલ દેખાય રહી છે. વોર્ડના ચાર પૈકી જે એક માત્ર પૂર્વ કોર્પોરેટર ને રિપીટ કરવામાં આવે તેવી શકયતા દેખાય રહી છે. તે દિલીપભાઈ લુણાગરીયા વોર્ડ નં.૫ ના બદલે વોર્ડ નં. ૪માંથી ચુંટણી લડવા ઈચ્છુક છે. જયારે એસસી અનામત નીકળી જતા હવે ડો. હાર્દિક પટેલની ટિકીટ સામે પણ ખતરો ઉભો થયો છે. તેમને અન્ય વોર્ડમાંથી મેદાનમાં ઉતારવામાં આવે તેવું લાગી રહ્યું છે.

૨૦૨૧માં ભાજપે વોર્ડ નં.પ માંથી વજીબેન ગોલતર, રસિલાબેન સાકરીયા, દિલીપાભાઈ લુણાગરીયા અને ડો. હાર્દિક પટેલને ટિકીટ આપી હતી. આ ચારેય ઉમેદવારો પક્ષનો વિશ્વાસ સાકાર કરવામાં સફળ રહ્યા હતા. પરંતુ આ વખતે સમીકરણો થોડા બદલાયા છે. ગત વખતે વોર્ડની જે બેઠક એસસી કેટેગરી માટે અનામત હતી તે આ વખતે ઓબીસી કેટેગરી માટે અનામત જાહેર કરાય છે. જેના કારણે ડો. હાર્દિક પટેલની ટિકીટ કપાશે તે ફાઈનલ છે તેમને પક્ષ અન્ય વોર્ડમાંથી ટિકીટ આપી શકે છે. દિલીપભાઈ લુણાગરીયા પાંચ વર્ષ દરમિયાન લોકોના કામ માટે સતત દોડતા રહ્યા છે. તેમને રીપીટ કરવામાં આવે તેવી શકયતા છે. પરંતુ અંગત રીતે દિલીપભાઈની ઈચ્છા વોર્ડ બદલાવી વોર્ડ નં.૪ માંથી લડવાની ઈચ્છા છે વજીબેન ગણોતરના પતિદેવનું નામ આવાસ કૌભાંડમાં ઉછળતા વજીબેનને ભાજપે સસ્પેન્ડ કર્યા છે હવે તેઓને ટિકીટ આપવામાં ન આવે તે સમજી શકાય છે.

(અનુ. આઠમા પાને)

**ભાજપમાં હાલ ચર્ચાતા નામો**

* પરેશભાઈ લીંબાસીયા
* અશ્વિનભાઈ મકવાણા
* સંજયભાઈ ચાવડા
* હાર્દિકભાઈ કુગસીયા
* ભરતભાઈ રાદડીયા
* રમેશભાઈ પરમાર
* કલ્પનાબેન કવાડા
* પરિમલભાઈ પરવડા
* ભગવતીબેન ઘરોડિયા
* માયાબેન ભાનુશાળી
* પ્રિતિબેન પનારા
* કિરણબેન પીઠવા

### ટિકીટ ફાળવણીમાં કાનગડ-રૈયાણીનો રહેશે મહત્વપૂર્ણ રોલ





સામાકાંઠાના તમામ વોર્ડના પોતાના સમર્થકોને ટિકીટ અપાવવા ભાજપના બે બળીયાઓ ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ અને પૂર્વ મંત્રી અરવિંદભાઈ રૈયાણી વચ્ચે બરાબરની જામશે તે નિશ્ચીત છે. અરવિંદ રૈયાણી પોતે પણ વોર્ડ નં.પમાંથી નગર સેવક તરીકે ચુંટાઈ આવ્યા હતા. આવામાં તેઓ આ વોર્ડમાં ઉમેદવારોની પસંદગી માટે ખુબ જ સક્રિય રહેશે બીજી તરફ શહેર ભાજપના વર્તમાન મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા પણ આ વોર્ડમાંથી કોર્પોરેટર રહી ચૂકયા છે. વોર્ડ નં.પ ભાજપના મોટા માથાઓનો વોર્ડ રહ્યો છે. આવામાં હવે કોર્પોરેશનની આગામી ચુંટણીમાં ઉદય કાનગડ અને અરવિંદ રૈયારી માટે ટિકીટ ફાળવણીનો મુદ્દો પ્રતિષ્ઠાનો જંગ બની જશે.

# અર્થતંત્રના વિકાસમાં સહકારી ક્ષેત્રનો અમૂલ્ય ફાળોઃ બેંક ચેરમેન દિનેશ પાઠક







### રાજકોટ નાગરિક સહકારી બેંકની રેલનગર શાખાનું ઉદ્ઘાટન

## પોલીસી ડ્રીવન બેંકમાં પારદર્શિતા અને એકસુત્રતા છેઃ માધવ દવે

**અબતક, રાજકોટ**

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ૪૨મી શાખાનો રેલનગરમાં આજની વિધિવત પ્રારંભ થયો છે અને આ મંગલ અવસરે ભવ્યાતિભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયેલો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ભારતમાતા અને અરવિંદભાઈ મણીઆરની તસવીર સમક્ષ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું. મહેમાનોને મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું. શાખાનો મંગલ પ્રારંભ સાઈ સુખદેવલાલજીના શુભ હસ્તે કરવામાં આવ્યો હતો.

સાઈ સુખદેવલાલજીએ જણાવ્યું હતું કે, 'રેલનગર આસપાસના વિસ્તારમાં સીંધી પરિવારના ૧,૦૦૦ આસપાસ ઘર છે. આપ અમારા દ્વારે આવ્યા છો ત્યારે અહીં સ્વાગત છે અને વધુને વધુ લોકોની જરૂરીયાતના સમયે સેવા કરો એ જ શુભકામના.'

બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે, 'બેંક માર્ચ માસમાં નવી પાંચ શાખા કાર્યરત કરી રહી છે તે પૈકી આ ચોથી શાખાનો શુભારંભ થયો છે. ૧૯૫૩માં શરૂ થયેલી આ બેંકે રાજકોટનાં વિકાસમાં અમુલ્ય ફાળો આપ્યો છે. શહેરનો નાગરિક કોઈને કોઈ રીતે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. સાથે જોડાયેલો જોવા મળે છે. દેશના વિકાસમાં સહકારી ક્ષેત્રનું યોગદાન નોંધપાત્ર છે અને આપણે યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આપણા અર્થતંત્રને ત્રીજા નંબરે ઉપરા લઈ જવાનું આહ્વાન કરે છે ત્યારે સહકારી જગતનું યોગદાન અગ્રેસર રહેશે. આજના સમયમાં અદ્યતન ટેકનોલોજીથી બેંકિંગ થઈ રહ્યું છે. આપણી બેંકે તાજેતરમાં જ ઈન્ફોસીસ કંપનીનો ફીનેકલ સોફટવેર અમલમાં મુક્યો છે. એક હૈ તો સેફ હૈ અર્થાત આપણે સાથે રહીશું તો સફળતા અવશ્ય મેળવીશું.'

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવેએ જણાવ્યું હતું કે, 'રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. સહકારના મૂલ્યોને જાળવી, નિયમોનું પાલન કરતાં મજબુતાઈથી અવિરત પ્રગતિ કરી રહી છે. પોલીસી ડ્રીવન આ બેંકમાં દરેક કામગીરી એકસૂત્રતા અને સમાનતાથી થાય છે. નાના માણસની મોટી બેંક લોકોના સ્વપ્ન પુરા કરે છે અને ક્યારેય હતાશ થવા દેતી નથી.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

જાણીતા બિલ્ડર-સહકારી આગેવાન અશોકભાઈ લશ્કરીએ જણાવ્યું હતું કે,'સહકારી બેંકની ડીપોઝીટ, લોન કે નફો આપણા બધાનો હોય છે. બધુ જ લગભગ

(અનુ. આઠમા પાને)

# શ્રી કાંતા સ્ત્રી વિકાસ ગૃહની દીકરીઓને 'પોઝિટિવ થિંકિંગ' થકી મનને શકિતશાળી બનાવવા આહવાન

## માત્ર મોર્ડન એજ્યુકેશન નહીં પણ આધ્યાત્મિક અભ્યાસ દ્વારા સાચી ખુશી મેળવવા દીકરીઓને અપાયું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

આજની ફાસ્ટ લાઈફ અને અત્યંત સ્પર્ધાત્મક યુગમાં ધોરણ ૯ થી ૧૨ની કિશોરીઓ માનસિક રીતે મજબૂત બને અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને આત્મસાત કરે તેવા ઉમદા હેતુ સાથે રાજકોટમાં 'પોઝિટિવ થિંકિંગ' અને 'વેલ્યુ બેઝ્ડ એજ્યુકેશન' પર એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કાંતા સ્ત્રી વિકાસ ગૃહ ગર્લ્સ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ જયશ્રીબેન વોરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે બી.કે. શ્રેયા દીદી ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ટીનેજર્સમાં વધતી જતી એન્ઝાયટી અને ડિપ્રેશન જેવી સમસ્યાઓ સામે લડવા માટે મનને આંતરિક રીતે શક્તિશાળી બનાવવાનો હતો. બી.કે. શ્રેયા દીદીએ દીકરીઓને જીવનમાં સકારાત્મક અભિગમનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, ''મોર્ડન

(અનુ. આઠમા પાને)





તસવીરઃ શૈલેષ વાડોલિયા

### દીકરીઓ માનસિક રીતે મજબૂત બને તે સમયની માંગઃ જયશ્રીબેન વોરા



શ્રી કાંતા સ્ત્રી વિકાસ ગૃહ ગર્લ્સ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ જયશ્રીબેન વોરાએ જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં દીકરીઓ માત્ર પુસ્તકિયું જ્ઞાન મેળવે તે પૂરતું નથી. વર્તમાન સમયમાં કિશોરીઓમાં વધતી જતી માનસિક સમસ્યાઓ અને એન્ઝાયટી સામે લડવા માટે તેમને આંતરિક રીતે મજબૂત કરવી અનિવાર્ય છે. શાળાના અભ્યાસક્રમની સાથે આવા મૂલ્યવર્ધક કાર્યક્રમો દ્વારા દીકરીઓમાં આત્મવિશ્વાસ અને સંસ્કારોનું સિંચન થાય તેવો અમારો નમ્ર પ્રયાસ છે.



### આધુનિક અને આધ્યાત્મિક શિક્ષણનો સમન્વય જરૂરીઃ બી.કે. શ્રેયા દીદી

કાર્યક્રમ દરમિયાન શ્રેયા દીદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજના સમયમાં માત્ર આધુનિક શિક્ષણ પૂરતું નથી. તેની સાથે આધ્યાત્મિક જ્ઞાન હોવું પણ એટલું જ અનિવાર્ય છે. પરીક્ષાના ડર અને માનસિક તણાવ વચ્ચે જો બાળકોનું મન મજબૂત હશે, તો જ તેઓ સાચા અર્થમાં જીવનમાં સફળ થઈ શકશે.

# માધવપુરના મેળામાં પૂર્વ - પશ્ચિમના સાંસ્કૃતિક સંગમથી 'એક શ્રેષ્ઠ ભારત'ની ઝાંખી

## વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે મેળો ખુલ્લો મૂક્યોઃ ગુજરાત અને પૂર્વોત્તર રાજ્યોના ૫૪૦ કલાકારોની પ્રસ્તુતિ વચ્ચે માધવપુર વિશ્વના નકશા પર ચમકશે



### પોલીસ જવાનો દ્વારા વરરાજા શ્રીકૃષ્ણને 'ગાર્ડ ઓફ ઓનર અપાયુંઃ પ્રથમ ફૂલેકામાં માનવ મેદની

ઐતિહાસિક માધવપુર ઘેડના મેળામાં ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રુક્મિણીજીના વિવાહ પ્રસંગની ઉજવણી અંતર્ગત ભક્તિમય માહોલ જામ્યો છે. ગઈકાલે રાજભોગ દર્શનના સમયે મધુવનમાંથી રુક્મિણીજીના પિયર પક્ષના ભાઈ-બહેનો ઢોલ-શરણાઈ અને ડીજેના તાલે હર્ષોલ્લાસ સાથે પધાર્યા હતા. પરંપરા મુજબ રુક્મિણીજીને વાજતે-ગાજતે તેમના પિયર રુક્મિણી મઠે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં માતાજી હાલ બિરાજમાન છે. બીજી તરફ, ભગવાન શ્રીકૃષ્ણનું પ્રથમ ફૂલેકું માધવરાય મંદિરેથી વિધિવત રીતે પ્રસ્થાન થયું હતું. આ પ્રસંગે વરરાજા બનેલા ભગવાન શ્રીકૃષ્ણને પોલીસ જવાનો દ્વારા 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું, ત્યારબાદ પ્રભુને એન્ટિક રથમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ શોભાયાત્રા મેઈન બજારમાં થઈ દાંડિયા રાસની રમઝટ અને બહેનોના મંગળ લગ્નગીતો સાથે બ્રહ્મકુંડ પહોંચી હતી. બ્રહ્મકુંડ ખાતે પ્રભુએ વિશ્રામ કર્યો હતો, જ્યાં તેમની ભવ્ય આરતી ઉતારી શીતલ જલ અને મેવાનો ભોગ ધરાવી પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. ભક્તોએ વરદુલ્હા શ્રીકૃષ્ણના ચરણસ્પર્શનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. મોડી રાત્રે રથ નિજ મંદિરે પરત ફરતા પ્રભુના સામૈયા અને પોખણા કરવામાં આવ્યા હતા. મેળાના સાંસ્કૃતિક સ્ટેજ પર લોકગાયિકા ગીતાબેન રબારીના લોકગીતોના રસપાનમાં હજારોની જનમેદની ઉમટી પડી હતી. સમગ્ર માધવપુર 'જય માધવરાય'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. આજે તારીખ ૨૮ના રોજ રાત્રે ૯૦૦ કલાકે ભગવાન શ્રીકૃષ્ણનું બીજું ફૂલેકું માધવરાય મંદિરથી પરંપરાગત રીતે નીકળી બ્રહ્મકુંડ પહોંચશે, જેનો લાભ લેવા ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



### માધવપુર મેળાની વિશેષતા

માધવપુરનો આ મેળો સાંસ્કૃતિક વિરાસત જાળવવાની સાથે નવી રોજગારીની તકો ઉભી કરે છે. ભગવાન કૃષ્ણ-રુક્મિણીના મિલનને યાદ કરતો આ ઉત્સવ અરુણાચલ, મણિપુર અને આસામની સુગંધને ગુજરાતની ધરતી પર લાવી રાષ્ટ્રીય એકતા મજબૂત કરે છે. આગામી સમયમાં ૧૧ કિમી લાંબો બીચ અને લાયન સેન્ચુરી જેવા પ્રોજેક્ટ્સ માધવપુરના વિકાસને નવી ઉંચાઈ પર લઈ જશે.





પ્રક ૯૫ા આકાર લઈ રહ્યા છે. માધવપુરમાં ૨૦૦ કરોડના ખર્ચે પક્ષી અભયારણ્ય અને ૨૫ કરોડના ખર્ચે સાંસ્કૃતિક વન તૈયાર થઈ રહ્યું છે.





**અબતક, આશિષ પોપટ, પોરબંદર**

પોરબંદરના ઐતિહાસિક માધવપુર ઘેડ ખાતે ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રુક્મિણીજીના લગ્ન પ્રસંગને યાદ કરતા સુપ્રસિદ્ધ મેળાનો વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે ભવ્ય શુભારંભ થયો છે. ઉદઘાટન પ્રસંગે સંબોધન કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, સદીઓથી પરંપરાગત રીતે ઉજવાતો માધવપુરનો મેળો ગુજરાતના લોકજીવનના સાંસ્કૃતિક ધબકારને જીવંત રાખવાનું ઉત્તમ માધ્યમ છે. પૂર્વોત્તર રાજ્યના રુક્મિણીજી અને પશ્ચિમ ભારતના શ્રીકૃષ્ણનો આ મેળા દ્વારા થતો સાંસ્કૃતિક મિલાપ રાષ્ટ્રીય એકતાનું અનોખું પ્રતીક છે. વર્ષ ૨૦૧૮થી આ મેળાને જે રાષ્ટ્રીય સ્વરૂપ આપવામાં આવ્યું છે તેનાથી પ્રવાસન અને સ્થાનિક રોજગારીના નવા દ્વાર ખુલ્યા છે.

વધુમાં મંત્રીએ હર્ષ વ્યક્ત કર્યો હતો કે, રાજ્ય સરકાર દ્વારા દ્વારકાથી સોમનાથ વચ્ચેના દરિયાઈ પટ્ટી પર અનેક વિકાસ





જેમ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને કચ્છનો રણોત્સવ વૈશ્વિક ફલક પર ચમક્યા છે, તેમ માધવપુર પણ આગામી સમયમાં વિશ્વના પ્રવાસન નકશા પર અંકિત થશે અને સ્થાનિક યુવાનો માટે અર્થવ્યવસ્થાનું કેન્દ્ર બનશે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાએ વિડિયો સંદેશ દ્વારા શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, આ મેળો એ માત્ર આયોજન નથી પણ જીવંત પરંપરા છે જ્યાં ભારત પોતાની આત્માના સૌથી સુંદર સ્વરૂપમાં દેખાય છે. આ મેળામાં પૂર્વોત્તર રાજ્યોના ૨૭૦ અને ગુજરાતના ૨૭૦ મળી કુલ ૫૪૦ કલાકારો પોતાની કલા પીરસી રહ્યા છે.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ૪૭ કરોડના ખર્ચે રુક્મિણીજી મંદિર અને બીચ ડેવલપમેન્ટના કામો પૂર્ણ થયા છે, જ્યારે બીજા તબક્કામાં ૪૩ કરોડના ખર્ચે માધવરાય મંદિરની કાયાપલટ કરવાનું આયોજન છે. આ પ્રસંગે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, કલેક્ટર એસ.ડી. ધાનાણી સહિતના મહાનુભાવો અને પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નેશનલ એવોર્ડ વિજેતા અભિષેક શાહની ફિલ્મ 'ધબકારો' ૧ મે થશે રિલીઝ

### દેવેન ભોજાણી અને આર્જવ ત્રિવેદી મુખ્ય ભૂમિકામાં સાજિદ નડિયાદવાલાનું પ્રોડક્શન હાઉસ હવે ગુજરાતીમાં મજબૂત વાર્તાઓ રજૂ કરશે




**અબતક, રાજકોટ**

ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં ૭૫ વર્ષનો ભવ્ય ઈતિહાસ ધરાવતું પ્રતિષ્ઠિત પ્રોડક્શન હાઉસ નડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ હવે ગુજરાતી સિનેમામાં પ્રવેશવા જઈ રહ્યું છે. નેશનલ એવોર્ડ વિજેતા ફિલ્મમેકર અભિષેક શાહ દ્વારા લિખિત અને નિર્દેશિત ફિલ્મ 'ધબકારો' દ્વારા આ જાણીતું બેનર ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રથમ ડગ માંડશે. આ ફિલ્મ આગામી ગુજરાત સ્થાપના દિવસ એટલે કે ૧ મે, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

'હેલ્લારો' જેવી માસ્ટરપીસ આપનાર નિર્દેશક અભિષેક શાહની આ ફિલ્મમાં લોકપ્રિય અભિનેતા દેવેન ભોજાણી અને આર્જવ ત્રિવેદી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. 'ધ મુવિંગ મંચ' અને 'હરફનમૌલા ફિલ્મ્સ'ના સહયોગમાં બનેલી આ ફિલ્મ વિશે વાત કરતા નિર્દેશકે જણાવ્યું હતું કે, આ એક હળવાશથી કહેવાયેલી લાગણીપ્રધાન વાર્તા છે જેમાં

(અનુ. આઠમા પાને)

# બી.એ.પી.એસ. મંદિરે ઉજવાયો ભગવાન સ્વામિનારાયણનો ૨૪૫મો પ્રાગટ્ય મહોત્સવ



### હજારો ભક્તો-ભાવિકોએ ભગવાન સ્વામિનારાયણને ભક્તિઅર્ઘ્ય કર્યું અર્પણ

**અબતક, રાજકોટ**

બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ ખાતે ભગવાન સ્વામિનારાયણના ૨૪૫મા પ્રાગટ્યોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યોત્સવ પર્વે પ્રમુખસ્વામી

(અનુ. આઠમા પાને)

# ધો.૧૦-૧૨ પછી શું? માર્કશીટની પાછળ નહીં, માસ્ટરીની પાછળ લગાવો દોટ

## નોકરીઓ છીનવાશે નહીં, પણ કામ કરવાની રીત બદલી નાખશે, નવી શિક્ષણ નીતિ સાથે કદમ મિલાવવાનો સમય

એન્કરઃ અરૂણ દવે
વિષય નિષ્ણાંતઃ સુનિલ સોલંકી,
એસ.પી. વિરાણી કોલેજ

**અબતક , રાજકોટ**



દરેક વર્ષે પરીક્ષા પૂર્ણ થયા પછી વિદ્યાર્થીઓ સામે 'હવે શું?' એ મોટો પ્રશ્ન હોય છે. આજના યુગમાં માત્ર ઊંચા માર્ક્સ પૂરતા નથી, પરંતુ પોતાની ક્ષમતાને ઓળખવી જરૂરી છે. નિષ્ણાતોના મતે, દેખાદેખીમાં એડમિશન લેવાને બદલે જો વિદ્યાર્થી લોજિકલ માઈન્ડ ધરાવતો હોય તો આઈટી અને જો સર્જનાત્મક હોય તો મેનેજમેન્ટ ક્ષેત્ર પસંદ કરવું જોઈએ. અબતકના સ્પેશિયલ કાર્યક્રમમાં એસ.પી.વિરાણી કોલેજના નિષ્ણાંત સુનિલ સોલંકીએ વિગતવાર માહિતી જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત હવે માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં, પણ પ્રેક્ટિકલ સ્કીલ પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. આજના માર્કેટમાં એવા યુવાનોની જરૂર છે જેઓ ડિગ્રીની સાથે ટેકનિકલ કૌશલ્ય પણ ધરાવતા હોય. મેડિકલના વિકલ્પ તરીકે બી.એસસી. અને ટેકનોલોજીના બદલાતા પ્રવાહમાં બી.સી.એ. કે બી.બી.એ. જેવા કોર્સ શ્રેષ્ઠ કારકિર્દી બનાવી શકે છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આવવાથી નોકરીઓ જશે તેવો ભય ખોટો છે, હકીકતમાં તે કામ કરવાની રીત બદલી નાખશે. જે લોકો નવી ટેકનોલોજી સાથે અપડેટ રહેશે, તેમના માટે કામ વધુ ઝડપી અને સચોટ બનશે. વેબ ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રોમાં એઆઈ કામ સરળ બનાવે છે, પરંતુ અંતિમ સર્જનાત્મક નિર્ણય તો માણસે જ લેવાનો હોય છે. ઝડપથી પગભર થવા માંગતા વિદ્યાર્થીઓ માટે ગ્રાફિક ડિઝાઈનિંગ, વીડિયો એડિટિંગ અને એકાઉન્ટિંગ જેવા ટૂંકા ગાળાના તાલીમ કોર્સ આશીર્વાદરૂપ છે. ૧૦ પાસ પછી આઈટીઆઈ અને ૧૨ પછી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પણ એક સારો વિકલ્પ છે. યોગ્ય સ્કીલ પર કામ કરવાથી વિદ્યાર્થીઓ સારા પેકેજ સાથે સુરક્ષિત ભવિષ્ય મેળવી શકે છે.


### વાલીઓ માટે ખાસ સંદેશ રસ, રૂચિ અને વલણ

દરેક બાળકની ક્ષમતા અલગ હોય છે. જેવી રીતે માછલી ઝાડ પર ન ચડી શકે, તેવી જ રીતે દરેક બાળક માત્ર એન્જિનિયર કે ડોક્ટર બને તે જરૂરી નથી. વાલીઓએ પોતાના સંતાનનો રસ કયા વિષયમાં છે તે જાણવું જોઈએ. જો બાળકના રસ મુજબ તેને સ્કીલ ડેવલપમેન્ટમાં મદદ કરવામાં આવે, તો તેનું ભવિષ્ય 100% સુરક્ષિત છે.



# નાના મવા રોડ પર મારવાડી શેર્સ બિલ્ડીંગમાં આગ ભભુકતા અફરાતફરી

## ગ્રાઉન્ડ ફ્લોરમાં લાગેલી આગની જ્વાળાઓ ગણતરીની મિનિટોમાં જ પાંચમા માળ સુધી પહોંચી ગઈ : રાહદારીનું ધ્યાન પડતા ફાયર બ્રિગેડને જાણ કરાઈ





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

### સ્પ્રિંકલર ચાલુ થઇ જતાં બેઝમેન્ટમાં પાર્ક કરાયેલી કાર સહિતના વાહનો બચી ગયા

ડકટમાં બેઝમેન્ટ અને પ્રથમ માળની વચ્ચેના ભાગમાં શોર્ટ સર્કિટ કે અન્ય કારણસર આગ લાગી હતી. શોર્ટ સર્કિટ થતા વાયર ગરમ થયા અને બહારની તરફથી પવન લાગતા આગ રોકેટની જેમ ઉપર સુધી પહોંચી ગઈ હતી. ઈલેક્ટ્રીક રૂમમાં આગ ઉપરની તરફથી નીચે આવી હતી એટલે તમામ સામાન ઉપરના ભાગથી સળગ્યો હતો અને ત્યારે સ્પ્રિંકલર ચાલુ થયા હતા. જેથી બેઝમેન્ટમાં રહેલી મોંઘીદાટ કાર સહિતના વાહનો બચી ગયા હતા.

## મવડી, કાલાવડ રોડ અને કનક રોડ ફાયર સ્ટેશનેથી છ ફાયર ફાઈટરો દોડી ગયા : દોઢ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના નાના મવા રોડ પર આવેલી મારવાડી શેર એન્ડ ફાયનાન્સ બિલ્ડીંગમાં ગત રાત્રે આગ ભભૂકી ઉઠતાં ભારે દોડધામ મચી ગઈ હતી. ગ્રાઉન્ડ ફ્લોરથી શરૂ થયેલી આગ ગણતરીની મિનિટોમાં જ છેક પાંચમા માળ સુધી પહોંચતા નાસભાગ મચી જવા પામી હતી. બનાવની જાણ થતા ફાયર બ્રિગેડ સ્ટાફે છ ફાયર ફાઈટરો સાથે પહોંચી ૪૫ મીનીટની જહેમત બાદ આગ બુઝાવી હતી. બનાવ અંગે માલવીયા નગર પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે.

આગની ઘટનામાં ફાયર બ્રિગેડમાંથી મળતી વિગતો મુજબ નાના મવા સર્કલ પાસે ૧૦ માળના મારવાડી બિલ્ડીંગમાં આગ લાગ્યાનો ફાયર બ્રિગેડની ટીમને રાત્રિના ૧૦:૨૪ વાગ્યે કોલ મળ્યો હતો. જેના પગલે મવડી ફાયર સ્ટેશનથી બે ફાયર ફાઈટર અને એક એમ્બ્યુલન્સ, કાલાવડ રોડ સ્ટેશન ખાતેથી ત્રણ ફાયર ફાઈટર અને કનકરોડ સ્ટેશન ખાતેથી એક મળી કુલ છ ફાયર ફાઈટરો ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડ સ્ટાફે ફાયર ફાઈટરો સાથે પહોંચી દોઢ કલાકની જહેમત સાથે સતત પાણીનો મારો ચલાવું આગ બુઝાવી હતી. આગના બનાવમાં મહાનગર પાલીકાના ડે. કમીશનર મહેશ જાની, સી.કે. નંદાણી તેમજ

### પેનલ બોર્ડમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગ્યાનું પ્રાથમિક તારણ

આગની ઘટનામાં ઘટનાસ્થળે દોડી ગયેલા અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈલેક્ટ્રિક ડકટમાં વાયરમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી અને તે વાયરિંગ ઉપર સુધી જતુ હોવાથી પાંચમાં માળ સુધી આગ લાગી હતી. જો કે માત્ર ઈલેક્ટ્રિક ડકટમાં જ આગ હતી. અંદરના ભાગમાં ક્યાંય ફર્નિચર કે પછી બીજે આગ લાગી ન હતી. આગ પર કાબૂ મેળવી લેવાયો છે. આગને કારણે બિલ્ડિંગના કાચ તૂટતા બિલ્ડીંગ જોખમી બન્યું હોય બિલ્ડિંગની અંદર જવાની મનાઈ ફરમાવાઈ છે.

### આગની ઘટનાને પગલે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડે. મ્યુનિસિપલ કમિશનર જાની - નંદાણી અને માલવિયાનગર પોલીસનો કાફલો દોડી ગયો

સિટી એન્જિનિયર કે.કે. મહેતા સ્થળ પર પહોંચી ગયા હતા. ફાયરની ટીમે તપાસ કરતા આગ નીચે એસીના સર્કીટ બોકસમાં સોર્ટ સર્કીટથી લાગ્યા બાદ પાંચમાં માળ સુધી પ્રસરી હોવાનું પ્રાથમીક તપાસમાં બહાર આવતા ફાયર વિભાગ દ્વારા વધુ કાર્યવાહી કરી છે. જયારે માલવીયા નગર પોલીસ મથકના પીઆઈ જે આર દેસાઈ તેમજ એફએસએલ સહીતની ટીમે બિલ્ડીંગમાં આગ અંગે તપાસ કરી હતી. સદનસીબએ સતત ધમધમતી બિલ્ડીંગમાં આગ લાગતા કોઈ જાનહાની સર્જાઈ ન હતી. બનાવને પગલે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહીતના લોકો દોડી આવ્યા હતા

બનાવ વિશે ફાયર વિભાગને જાણ કરનાર દિલીપભાઈએ જણાવ્યું કે, ૧૦:૧૫ વાગ્યે હું મારા મિત્રને મળવા માટે જતા હતા. ત્યારે મારવાડી બિલ્ડીંગમાં આગની જવાળાઓ દેખાઈ હતી. જેને જોઈને તરત જ મેં ફાયર વિભાગને જાણ કરી હતી. એસી ફાટ્યું હોય એવું લાગતું હતું. નીચેથી ફેલાતી આગ પાંચમા માળ સુધી પહોંચી એ દરમિયાન કાચ ફૂટવાના અવાજ આવતાં પાંચમા માળેથી લોકો પણ જીવ બચાવીને નીચે દોડી આવ્યા હતા.

શિક્ષિકા પર વિદ્યાર્થીના દુષ્કર્મ પ્રકરણમાં નવો વળાંક

# ધ્રુવલ દેસાઈએ ગંભીર આક્ષેપો સાથેનો વીડિયો બનાવી ઝેરી પ્રવાહી પી આપઘાતનો પ્રયાસ કર્યો

## શિક્ષિકાએ સાથે મોજમજા કરી મોટી રકમ પડાવી લીધી, વધુ પૈસા આપવાની ના પાડતા બદનામ કરી દેવાના ઈરાદે ખોટો કેસ કર્યાનો આરોપ

**અબતક, રાજકોટ**

શહેરમાં શિક્ષિકા પર દુષ્કર્મ ગુજારી વિદ્યાર્થીએ લખોની રોકડ અને દાગીના પડાવી લીધાની ઘટના સામે આવતા ચકચાર મચી હતી. જે મામલે હવે નવો વળાંક આવ્યો છે. હવે આરોપી યુવકે શિક્ષિકા વિરુદ્ધ અત્યંત ગંભીર આક્ષેપો સાથેનો વિડીયો બનાવી ઝેરી પ્રવાહી પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. શિક્ષિકાએ તેની પાસેથી મોટી રકમ પડાવી મોજમજા કરી, વધુ પૈસા આપવાની ના પાડતા બદનામ કરી ફસાવવા માટે ખોટો કેસ કર્યો છે. મારા મર્યા બાદ મને અને મારા પરિવારને ન્યાય અપાવજો કહીં પગલું ભરી લીધું હતી. હાલ યુવકની સ્થિતિ સ્થીર હોવાનું સામે

### મારા મર્યા બાદ મને અને મારા પરિવારને ન્યાય અપાવજો કહીં પગલું ભર્યું : યુવકની સ્થિતિ સ્થીર હોવાનું સામે આવ્યું

આવ્યું, પરંતુ તેને કઈ જગ્યાએ પગલું ભર્યું તે જાણવા પોલીસેં કવાયત હાથ ધરી છે.

સમગ્ર બનાવની વિગતો એવી છે કે, શહેરની એક શિક્ષિકાએ ગાંધીગ્રામ પોલિસ મથકે તેના વિદ્યાર્થી ધ્રુવલ દેસાઈ પર લગ્નની લાલચે અનેકવાર દુષ્કર્મ ગુજારવા અને લાખોની રોકડ અને દાગીના પડાવી લીધા અંગે ફરિયાદ નોંધાવી હતી. જે મામલામાં હવેચોંકાવનારો વળાંક સામે આવ્યો છે. આ કેસમાં આરોપી યુવકે સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરી પોતાની નિર્દોષતાના દાવા સાથે શિક્ષિકા પર ગંભીર આક્ષેપો કર્યા છે. વિડિયો બનાવ્યા બાદ યુવકે ફિનાઈલ કે ઝેરી પદાર્થ ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે.

જે બનાવમાં વાયરલ થયેલા વીડિયોમાં યુવકે આક્ષેપ કર્યો છે કે, શિક્ષિકાએ તેની પાસેથી મોટી રકમ પડાવી મોજમજા કરી હતી. જ્યારે યુવકે વધુ પૈસા આપવાની ના પાડી, ત્યારે તેને બદનામ કરવા અને ફસાવવા માટે બળાત્કારનો ખોટો કેસ આવ્યો છે. યુવકે પુરાવા તરીકે ગૂગલ પે મારફતે શિક્ષિકાને મોકલેલા નાણાંના ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી અને બંને સાથે ફરવા ગયા હોય તેવી અંગત પળોની સેલ્ફી અને ફોટા પણ જાહેર કર્યા છે.

વીડિયોમાં યુવક અત્યંત ભાવુક અને આક્રોશમાં જોવા મળ્યો હતો. તેણે પ્રશ્ન કર્યો કે, "જે છોકરી મારી સાથે બિન્દાસ ફરતી હોય, તેની પર બળાત્કાર કરવાની મારે શું જરૂર હોય? સામે શિક્ષિકાએ તેને માનસિક રીતે તોડી નાખ્યો છે અને સમાજમાં તેની બદનામી કરી છે. વીડિયોના અંતે તેણે વિનંતી કરી

### મારા પુત્રએ શિક્ષિકાને રૂ. ૪.૫૦ લાખ ઓનલાઇન પરત આપી દીધા છે : ધ્રુવલની માતાનો આક્ષેપ

શિક્ષિકાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવ્યા બાદ આરોપી ધ્રુવલ દેસાઈએ પીડિતા વિરુદ્ધ ગંભીર આક્ષેપો કરી સ્ક્રીનશોટ સહિતના પુરાવાઓ રજુ કરતો વિડીયો બનાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે બાદ આરોપી યુવકની માતા અને પત્ની પણ પોલીસ કમિશનર કચેરીએ પહોંચ્યા હતા. માતાએ જણાવ્યું હતું કે, શિક્ષિકાએ તેમના પુત્ર પર ખોટા આરોપો લગાવ્યા છે, શિક્ષિકાને પોલીસ સામે સમાધાન માટે પણ કહેવામાં આવ્યું હતું, તો તેણે કહ્યું હતું કે, પોલીસ પાસે નહીં બહાર સમાધાન થશે નહીંતર હું ફરિયાદ જ કરીશ. જે બાદ તેને રૂપિયા ૪.૫૦ લાખ ઓનલાઈનથી પરત પણ કરી દીધા હતા છતાં પણ તેને મારા પુત્રને બદનામ કરવા ફરીયાદ નોંધાવી છે.જ્યારે તેની પત્નીએ જણાવ્યું હતું કે, ફરીયાદ નોંધાવનાર શિક્ષિકાને કેટલાય વ્યક્તિ સાથે અફેર છે, ફક્ત મારા પતિને બદનામ કરવાનું આ કાવતરું છે.

કે, મારા મર્યા બાદ મને અને મારા પરિવારને ન્યાય અપાવજો.હાલ યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. બીજી તરફ, રાજકોટ પોલીસે યુવકે રજૂ કરેલા પુરાવા અને વીડિયોની સત્યતા તપાસવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. હાલ પોલીસે યુવકના ઘરે તપાસ કરતાં તે કઈ જગ્યાએ સારવારમાં છે તે જાણી શકાયું ન હતું.

ઉલ્લેખનીય છે કે, શિક્ષિકાને લગ્નની લાલચે યુવકે શારીરિકની સાથે આર્થિક રીતે પણ પાયમાલ કરી દીધી હતી. વિશ્વાસમાં લઈને ધ્રુવલે શિક્ષિકા પાસેથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ ૬ લાખ થી વધુની મતા પડાવી લીધી હતી. ભોગ બનનારે પોતાના ભવિષ્યના વિચાર અને વિશ્વાસને કારણે આ રકમ આપી દીધી હતી.આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે શિક્ષિકાને જાણવા મળ્યું કે ધ્રુવલ દેસાઈની અન્ય કોઈ યુવતી સાથે સગાઈ થઈ ગઈ છે. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાતા શિક્ષિકાએ હિંમત ભેગી કરી પોલીસનો સંપર્ક કર્યો હતો. હાલમાં ગાંધીગ્રામ પોલીસે દુષ્કર્મ અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધીને ફરાર આરોપી ધ્રુવલ દેસાઈની શોધખોળ તેજ કરી છે.

# નેપાળી સગીર પર વિદ્યાના ધામમાં સૃષ્ટી વિરુદ્ધના કૃત્યના આક્ષેપથી ખળભળાટ

## એ ડિવિઝન પોલિસે સગીરનું મેડિકલ કરાવી ઉંમરનો તાગ મેળવ્યો : શારીરિક અડપલાં કરનાર બેલડી વિરુદ્ધ પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધવા તજવીજ

**અબતક, રાજકોટ**

શહેર મધ્યે આવેલા અને ઐતિહાસિક દરજ્જો ધરાવતી રાષ્ટ્રીય શાળા પરિસરમાં અત્યંત ઘૃણાસ્પદ બનાવ બનવા પામ્યો છે. અહીં નેપાળી સગીર સાથે બે શખ્સોએ શ્રુષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યાના આક્ષેપથી ખળભળાટ મચી જવા પામ્યો છે. જે મામલે પોલિસેં ત્વરિત કાર્યવાહી કરતા સગીરની ઉંમરનો તાગ મેળવવા મેડિકલ રિપોર્ટ કરાવ્યો હતો. હાલ પોલિસેં સમગ્ર મામલે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવા તજવીજ આદરી છે.

સમગ્ર ઘટના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ગત તા.૨૭-૦૩-૨૦૨૬ ના રોજ એ ડિવિઝન પોલિસ મથકને એક અરજી મળી હતી. જે અરજીમાં નેપાળી સગીરે અત્યંત ચોકાવનારા આક્ષેપો કર્યા હતા. જામનગર રોડ નજીક રહેતા નેપાળી સગીરે આરોપી તરીકે લાલો પટેલ(ઉવ ૪૫ થી ૫૦ રહે. ગુજરાત સ્પોર્ટ્સ દુકાન, યાજ્ઞિક રોડ, રાજકોટ) અને જયેશ મજેઠીયા(લોહાણા) (રહે. રાષ્ટ્રીય શાળા, પાણીના પ્લાન્ટવાળા રૂમમાં, રાજકોટ)નું નામ આપી જણાવ્યું હતું કે, સગીરની ઉંમર હાલ ૧૫ વર્ષની છે.

સગીરે આપેલી અરજીમાં જણાવ્યું હતું કે, તેં અહીં રાજકોટ ખાતે રહી જયેશ લોહાણા સાથે રાષ્ટ્રીય શાળામાં આવેલ પાણીના પ્લાન્ટ ખાતેં પાણીના જગ ભરવાનું આશરે એક વર્ષથી કામ કરે છે. સગીર જયેશ લોહાણા મારફતે લાલા પટેલના સંપર્કમાં આવ્યો હતો. બંને શખ્સો સગીરને લલચાવી-ફોસલાવી ખાવા-પીવાના બહાને પાણીના પ્લાન્ટના રૂમમાં લઈ જઈ અવાર નવાર શ્રુષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરતા હતા. સગીર આ બાબતનો વિરોધ કરે તેમ છતાં બંને શખ્સો સગીર સાથે અવાર નવાર શ્રુષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું.

### પોલીસે વીડિયો આધારિત પુરાવા કબ્જે કર્યા

સમગ્ર મામલે પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર બંને આરોપીએ સગીર સાથે શારીરિક અડપલાં કર્યાનો વિડીયો આધારિત પુરાવો પણ મળી આવ્યો છે. જેમાં આરોપીઓ સગીરને નગ્ન કરી શારીરિક અડપલાં કરતા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. જેથી પોલિસેં અત્યંત ઘૃણાસ્પદ બનાવમાં વિડિયો પુરાવો કબ્જે કરી બંને આરોપીઓ વિરુદ્ધ પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

વધુમાં સગીરે આક્ષેપ કર્યો હતો કે, બંને આરોપીઓ અનેક બાળકો સાથે આ પ્રકારનું કૃત્ય આચરી શારીરિક શોષણ કરે છે. વધુમાં આરોપીએ આચરેલા ઘૃણાસ્પદ કૃત્ય બાબતે કોઈને જાણ કરીશ તો તને જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપે છે. જેથી સગીર ધમકીઓથી ડરી ગયો હતો. બાદમાં તેણે જ્ઞાતિના આગેવાનો સાથે વાત કરી સમગ્ર મામલે પોલિસ ફરિયાદ કરવાનું નક્કી કર્યું હતું. સગીરે અરજીમાં વધુમાં જણાવ્યું હતું કે, ભવિષ્યમાં તેની ઉપર જીવલેણ હુમલો પણ થઈ શકે તેમ છે જેથી સગીર પર ભવિષ્યમાં કંઈ પણ થાય તો તેની સંપૂર્ણ જવાબદારી આરોપીની રહેશે.

સગીરે કરેલા અત્યંત ચોકાવનારા આક્ષેપ સાથેની અરજી મળતાની સાથે જ ઘટનાની ગંભીરતાને ધ્યાને એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણાની ટીમે ત્વરિત સગીરના મેડિકલ રીપોર્ટ કરાવ્યા હતા. જે રીપોર્ટમાં સગીરની પુખ્તવયનો નહિ હોવાનો અભિપ્રાય તબીબે આપતાં પોલિસેં શારીરિક અડપલાં કરનાર શખ્સો વિરુદ્ધ પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી સકંજામાં લેવા તજવીજ હાથ ધરી હતી.

# જીઆરડી જવાને પત્નીના વિયોગમાં વખ ઘોળતા મોત

## ઝેરી દવા ગટગટાવી કાકાના ઘરે ગયો, તબિયત લથડતા સારવારમાં ખસેડાયો, દમ તોડી દેતાં પરિવારનો ઉંડા શોકમાં ગરકાવ: ત્રણ મહિના પહેલા જ પત્નીનું અવસાન થતા આઘાતમાં હોવાનું તારણ

**અબતક, રાજકોટ**

રાજકોટના આજીડેમ વિસ્તારમાં રહેતા અને યુનિવર્સીટી પોલીસ મથકમાં જીઆરડી જવાન તરીકે ફરજ બજાવતા ૨૬ વર્ષીય યુવાને પત્નીના મોતના વિયોગમાં ઝેરી દવા પી આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મૂળ કાલાવડ તાલુકાના મોકાજી મેઘપર ગામના વતની અને હાલ આજીડેમ ચોકડી પાસે રહેતા દિપક દિનેશભાઈ દાણીધારિયા (ઉ.વ. ૨૬) એ ગઈ રાત્રિના અગિયાર વાગ્યાના અરસામાં કોઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. દવા પીધા બાદ તે મવડી વિસ્તારમાં જ



રહેતા તેના કાકા મનોજભાઈના ઘરે આંટો મારવા ગયો હતો, જ્યાં અચાનક તેની તબિયત લથડતા અને બેભાન થઈ જતાં તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ યુવાનનું કરુણ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, મૃતક દિપક દાણીધારિયા શહેરના યુની. પોલીસમાં જીઆરડી જવાન તરીકે ફરજ બજાવવાની સાથે મેટોડામાં ઘડિયાળની કંપનીની બસ ચલાવી ગુજરાન ચલાવતો હતો. તે બે ભાઈ અને એક બહેનના પરિવારમાં સૌથી મોટો પુત્ર હતો. દિપકના લગ્ન ચાર વર્ષ પહેલાં રિદ્ધિબેન સાથે થયા હતા અને તેમનું દામ્પત્ય જીવન સુખમય રીતે પસાર થઈ રહ્યું હતું. પરંતુ કુદરતને કંઈક જુદું જ મંજૂર હોય તેમ, માત્ર ત્રણ મહિના પહેલા જ તેની પત્ની રિદ્ધિબેનનું ફેફસામાં ઈન્ફેક્શન અને ટીબીની બીમારીને કારણે અવસાન થયું હતું. પત્નીના અકાળે અવસાન બાદ દિપક સતત માનસિક આઘાતમાં અને વિયોગમાં રહેતો હતો, જે અંતે તેના આપઘાતનું કારણ બન્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પત્નીના મોતનો વિરહ સહન ન કરી શકતા યુવાને પણ પત્નીની પાછળ મોતને વહાલું કરી લીધુ હતું.




39મી પૂણ્યતિથીએ સ્મરણાંજલિ

હે મા ! લાખો લડાવી લાડ તમે પ્રેમથી મોટા કર્યા, એ માતાની મીઠી છાંયા અમોને જગતમાં કયાંય નહીં મળે, હૈયુ રડે, નયનો રડે ને રડી રહયા તમારા સંતાનો, એ આંસુડાને લુછનાર માયાળુ માં કયાં મળે? આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતી અર્પે એજ પ્રાર્થના...

સ્વ. મધુબેન પ્રાણલાલ શાહ

સ્વ. તા. ૨૮-૦૩-૧૯૮૭

લી. સ્વ. પ્રાણલાલ વિઠ્ઠલદાસ શાહ - (ભુ.પુ.સરકયુલેશન મેનેજર-જનસત્તા પ્રેસ)

હેમંતકુમાર પ્રાણલાલ શાહ - જીલ્લા પંચાયત - જસદણ (રીટાયર્ડ)

મહેશકુમાર પ્રાણલાલ શાહ - શ્રી અરિહંત એડ., લક્ષ્મી એડ. - રાજકોટ.

જીતેશકુમાર પ્રાણલાલ શાહ - સૌરાષ્ટ્ર કચ્છ સ્ટોક એક્ષ., કેરગ્રોથ - રાજકોટ.

અ.સૌ. તૃપ્તિ કેવલ શાહ - અ.સૌ. ડિમ્પલ રાહુલ શાહ

અ.સૌ. વિશ્વા મુનીલ શાહ - અ.સૌ. કૃતિ રોહીન શાહ

દેવાંશી, હીર, આરવ, કચારા, મિષ્ટી, નિરવા, શાહ પરિવારના જય જીનેન્દ્ર...


**રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના કાગવડ ગામે કાગવડ બાયપાસ રોડ ઓન કાગવડ ખંભાલીડા રોડ બનાવવાના કામે સંપાદીત કરવાની થતી જમીન અંગે દાવા રજુ કરવા બાબતે કાયદાની કલમ-૨૧ હેઠળની જાહેર નોટીસ**

નં.પ્રાંક/ગોંડલ/જમન/૧/૯૦૩/૨૦૨૬ — તા.૧૦/૦૩/૨૦૨૬

આથી નોટીસ આપવામાં આવે છે કે, આ સાથે જોડેલ જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ ની કલમ-૧૯(૧) હેઠળના સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૦૨/૨૦૨૬ ના જાહેરનામા ક્રમાંક : અમ/મ/૨૦૨૬/૨૧૯/જરજ/૧૪૨૦૨૫/૪૫૧/ચ થી પ્રસિધ્ધ થયેલ આખરી જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના કાગવડ ગામમાં આવેલ જમીનમાં હિતસંબંધ ધરાવનાર સઘળા શખ્સને આ ઉપરથી જણાવવામાં આવે છે કે સદરહુ જમીનમાં પોતે પોતાનો હિત સંબંધ હોય તો તેના પ્રકાર અને હિત સંબંધ માટે વળતર મળવા સંબંધે જો કોઈ દાવાઓ હોય તો આ નોટીસની તારીખથી ૩૦ દિવસની અંદર રજુ કરવાના રહેશે.

કોઈપણ દાવા, નિવેદનો જો આખરી તારીખ બાદ મળશે તો અથવા તેમાં દાવો કરનારનો દાવો અને હિત સ્પષ્ટ રીતે બતાવવામાં નહી આવે તો તે રદ બાતલ થવાને પાત્ર છે.

નિયત સમયમર્યાદાની અંદર મળેલ દાવાની, જો કોઈ હોય તો, તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ સમયઃ બપોરના ૧૨:૦૦ કલાકે પ્રાંત કચેરી, ગોંડલ ઠે.તાલુકા સેવા સદન, ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ-૩૬૦૧૧ ખાતે તપાસ / સુનાવણી કરવામાં આવશે. તે વખતે દાવો લેનાર પણ જો ઈચ્છે તો રૂબરૂ અથવા પોતાના વકીલ મારફત હાજર રહી શકે છે અને મૌખિક અથવા લેખિત દસ્તાવેજી પુરાવા પોતાના દાવાના સમર્થનમાં રજુ કરી શકે છે.

સ્થળઃ ગોંડલ

તા.૧૦/૦૩/૨૦૨૬

સક્ષમ સતાધિકારી જમીન સંપાદન અને નાયબ કલેકટર, ગોંડલ

માહિતી -રાજ-૨૦૫૨-૨૫-૨૬

તંત્રી લેખ

# વિદ્યાર્થીકાળમાં સોશિયલ મીડિયાને મર્યાદિત રાખો

વિદ્યાર્થીઓમાં ઉદ્યમ સાહસિકતા પ્રત્યે રૂચિ વિકસાવવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

રાજ્યમાં કન્યાઓના ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધારવા તથા વિજ્ઞાન પ્રવાહ પ્રત્યે દિકરા-દિકરીઓનો ઝોક વધે તે માટે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના શરૂ કરવામાં આવી છે.

નરેન્દ્રભાઈ મોદીએ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ શરૂ કરાવીને કન્યા શિક્ષણની જ્યોત જગાવવા ગામેગામ જઈને શિક્ષણની ભિક્ષા માંગી હતી.ગુજરાતમાં ડ્રોપ આઉટ રેશિયો ૩૪-૩૮ ટકા જેટલો હતો, તે આજે ઘટીને માત્ર ૨ ટકા પર આવી ગયો છે. આજે રાજ્યની શાળાઓ 'મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ' હેઠળ સ્માર્ટ ક્લાસરૂમ અને ડિજિટલ લેબોરેટરી જેવી વર્લ્ડક્લાસ સુવિધાઓથી સજ્જ બની છે. જેથી વિદ્યાર્થીઓને ખૂબ જ સારું શિક્ષણ મળતું થયું છે.

ગુજરાત 'શિક્ષિત રાષ્ટ્ર'ના વિઝનને સાકાર કરવા રાજ્ય સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. છેલ્લા ૧૧ વર્ષોમાં દેશના શિક્ષણક્ષેત્રે પણ આમૂલ પરિવર્તન આવ્યું છે. દીકરીઓનો અભ્યાસ આર્થિક સ્થિતિના કારણે અધૂરો ન રહે તે માટે રાજ્ય સરકારે સતત ચિંતા કરીને નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી મહત્વપૂર્ણ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આ યોજનાઓના સફળ અમલીકરણથી શાળાઓમાં દીકરીઓની સંખ્યામાં ૬-૭ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

ગુજરાત સતત પાંચ વર્ષથી સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પણ પ્રથમ નંબરે છે, રાજ્ય સરકારે વિદ્યાર્થીઓને શાળા અભ્યાસકાળથી જ ઈનોવેશન માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવ્યું છે. વિદ્યાર્થીકાળમાં સોશિયલ મિડીયાનો મર્યાદિત સમય માટે ઉપયોગ થાય અને અભ્યાસ પર વધુ ધ્યાન કેન્દ્રીત થાય તેવું આચરણ બાળકોને કરવું જોઈએ.

ગુજરાત એ એવું રાજ્ય બન્યું છે કે જે શાળા કક્ષાએ સ્ટાર્ટઅપ ઈનોવેશનના આઈડિયા પર રૂ. ૨૦ હજાર સુધીની ગ્રાન્ટ આપે છે જેનો મૂળ હેતુ શાળાથી જ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા પ્રત્યે રૂચિ વિકસાવવાનો છે. ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે એક ક્રાંતિ આવી છે, ત્યારે શિક્ષણ એ માત્ર અભ્યાસ નથી પરંતુ વિદ્યાર્થીઓનું સ્વપનું છે.

લાખો વિદ્યાર્થીઓના અભ્યાસ અને જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવી રહ્યું છે. આજે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને ગુજરાત સરકાર વિદ્યાર્થીઓના વર્ગખંડ સુધી લઈ ગઈ છે તે નવી પેઢી માટે ગૌરવ સમાન છે.

# તરવરીયા યુવાન ચિરાગ કટારીયાનો જન્મદિવસ



તરવરીયા યુવાન કટારીયા ચિરાગનો આજે જન્મદિવસ છે તેઓ કટારીયા એન્ટરપ્રાઈઝ સંસ્થાન ઉભુ કરી સફળ સંચાલન કરનાર તરવરીયા યુવાન ચિરાગને આજે તેમના જન્મદિવસે તેમના પપ્પા ગોપાલભાઈ, માતા શોભનાબેન, પરિવારજનો મિત્રો, શુભેચ્છકો સ્નેહીજનો શુભેચ્છા વરસાવી રહ્યા છે. તેમના મો.નં. ૮૨૬૪૬૮૨૩૪૩ પર શુભેચ્છા આપી રહ્યા છે.

# સંકલ્પ સિધ્ધ હનુમાનજીના દિવ્ય શ્રૃંગાર દર્શન ભાવિકોને આપે છે આધ્યાત્મિક શાંતિ

**અબતક, રાજકોટ**



રાજકોટ કાલાવડ રોડ પર બિરાજમાન સંકલ્પસિધ્ધ હનુમાનજી મહારાજનો શૃંગારમાં મહારાજે મસ્તકે ગોલ્ડન ઓરેન્જને સિલ્કને સુંદર સાફો અને ખેસ સાથે પિન્ક મસ્ટર્ડ યલો રંગના તેજસ્વી વસ્ત્રો ધારણ કર્યા છે. જે તેમની મહિમાને વધારે ઉજાગર કરે છે. ગળામાં મોતીના સુંદર હાર અને ફુલહાર હાથમાં આભૂષણો અને કંકણો સાથે મહારાજનું શણગાર અતિ આકર્ષક લાગે છે. સુવર્ણ કોતરણીવાળુ સિંસાહન અને લીલી પીઠભૂમિ સમગ્ર શૃંગારને વધુ દિવ્યતા આપે છે. અદભુત દર્શન ભકતોને આધ્યાત્મિક શાંતિ અને આનંદનો અનોખો અનુભવ કરાવે છે.

# વિશ્વ શાંતિ માટે ઈસ્કોન મંદિરે કાલે યોજાશે રાષ્ટ્રવ્યાપી હરિનામ સંકીર્તન

## હરિનામ કિર્તનથી સકારાત્મક ઉર્જા એકતા અને શાંતિનો થાય છે સંચાર

**અબતક,રાજકોટ**

ઈસ્કોન મંદિર દ્વારા વિશ્વ શાંતિ અને વૈશ્વિક સદભાવના માટે રવિવાર, તા. ૨૯ માર્ચ ૨૦૨૬ના રોજ એક વિશેષ હરિનામ સંકીર્તન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ સવારે ૧૦:૦૦ વાગ્યે ત્રિકોણબાગ, ખાતે શરૂ થશે. આ પ્રસંગે શહેરના વિવિધ વિસ્તારોમાંથી આશરે ૧૫૦ થી વધુ ભક્તો ઉપસ્થિત રહી ભજન-કીર્તન દ્વારા ભગવાનના પવિત્ર નામનો સંકીર્તન કરશે.

ઈસ્કોન દ્વારા આયોજિત આ હરિનામ સંકીર્તનનો મુખ્ય હેતુ વિશ્વમાં શાંતિ, સદભાવ અને આધ્યાત્મિક જાગૃતિ ફેલાવવાનો છે. શહેરના માર્ગો પર શાંતિપૂર્ણ રીતે સંકીર્તન યાત્રા યોજાશે, જેમાં ભક્તો દ્વારા હરે કૃષ્ણ મહામંત્રનું ગાન કરવામાં આવશે.

આ આયોજન દ્વારા સમાજમાં સકારાત્મક ઉર્જા,એકતા અને શાંતિનો સંદેશ પ્રસરાવવાનો પ્રયત્ન કરવામાં આવશેમ ઈસ્કોન દ્વારા તમામ નાગરિકોને આ પવિત્ર કાર્યક્રમમાં જોડાઈ આધ્યાત્મિક લાભ લેવા આમંત્રણ આપવામાં આવી છે.

# 'સર્વિસફોર્સ'ના ૧૧માં આઉટલેટનો પ્રારંભ: માત્ર રૂ.૯૯માં ટુ-વ્હીલર સર્વિસની ધમાકેદાર ઓફર

**અબતક, રાજકોટ**




ભારતભરમાં ટુ-વ્હીલર ક્ષેત્રે 'ડોર-સ્ટેપ સર્વિસ'ના પ્રણેતા અને સૌથી મોટું મલ્ટી-બ્રાન્ડ નેટવર્ક ધરાવતી કંપની 'સર્વિસફોર્સ' દ્વારા રાજકોટના સહકારનગર મેઈન રોડ પર તેના ૧૧મા આઉટલેટનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું છે. છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત આ કંપની હવે આ વિસ્તારના ગ્રાહકોને પણ ઘરે બેઠા વાહન રિપેરિંગની અત્યાધુનિક સુવિધા પૂરી પાડશે.

આ નવા આઉટલેટના સંચાલક હર્ષભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, ગ્રાહકોને ખૂબ જ વ્યાજબી ભાવે અને શ્રેષ્ઠ ક્વોલિટીની સર્વિસ આપવી એ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ નિમિત્તે વિશેષ પ્રોત્સાહક ઓફર જાહેર કરવામાં આવી છે, જેમાં પ્રથમ ૧૫ દિવસ સુધી કોઈપણ ટુ-વ્હીલરની જનરલ સર્વિસ માત્ર રૂ ૯૯માં કરી આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સર્વિસફોર્સ માત્ર જનરલ સર્વિસ જ નહીં, પરંતુ રસ્તામાં વાહન બંધ પડે ત્યારે મદદ , અકસ્માત સમયે વીમાકીય સહાય, રિપેરિંગ અને પીયુસી જેવી સેવાઓ પણ પૂરી પાડે છે. ગ્રાહકોનો કિંમતી સમય બચાવવા માટે કંપની ઘરે જઈને સર્વિસ આપવાની પરંપરાને વળગી રહી છે, જે આજના વ્યસ્ત સમયમાં લોકપ્રિય બની રહી છે.

# રાજકોટ જિલ્લા ભાજપના પ્રેસ-મીડિયા અગ્રણી અરૂણ નિર્મળનો જન્મદિવસ



રાજકોટ જિલ્લા ભાજપના પ્રેસ-મીડિયા અગ્રણી, રાજકોટ નાગરિક સહકારી બેન્કના શાખા વિકાસ સમિતિના સભ્ય અરૂણભાઈ નિર્મળનો કાલે તા.૨૮ના રોજ જન્મદિવસ છે. તેઓ આજે ૬૬ વર્ષ પૂર્ણ કરીને ૬૭મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.

અરૂણભાઈ નિર્મળ નાનપણથી જ રાષ્ટ્ર પ્રથમના સંસ્કારોથી પ્રેરાઈ સમાજજીવનના કાર્યોમાં સતત સક્રિય છે. તેઓ વર્ષ ૧૯૭૧થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાઈ રાષ્ટ્રસેવાના કાર્યમાં નિષ્ઠાપૂર્વક જોડાયેલા છે. રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રે પણ તેઓ વર્ષોથી વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવતા આવ્યા છે.

નિર્મળે વર્ષ ૧૯૯૫થી ૨૦૦૫ સુધી રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટીમાં પ્રેસ-મીડિયા સંબંધી મહત્વપૂર્ણ જવાબદારી સંભાળી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૫થી ૨૦૨૩ સુધી રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ તરીકે સેવા આપી હતી. આ દરમિયાન રાજકોટ મહાનગરપાલિકા, ધારાસભા, લોકસભા, જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં પ્રચાર-પ્રસારની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી હતી.

તેઓ ગુજરાત સરકારની ચાઈલ્ડ વેલ્ફેર કમિટીમાં ૫ વર્ષ સુધી મેમ્બર તરીકે તેમજ ટેલિફોન એડવાઈઝરી કમિટીમાં ૩ વર્ષ સુધી જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળી ચૂકયા છે. તેઓ સેવાકીય, સામાજિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા તેઓ સતત સમાજ સેવામાં જોડાયેલા રહ્યા છે. આ વર્ષે પોતાના જન્મદિવસ નિમિતે તેઓ ૬૭ કીલો ચણ પક્ષીઓને અર્પણ કરી અનોખી રીતે ઉજવણી કરશે.

અરૂણભાઈ નિર્મળના જન્મદિવસ નિમિતે રાજકોટ શહેર અને જિલ્લા ભાજપના હોદ્દેદારો, સંસદસભ્ય, ધારાસભ્ય, રાજકોટ નાગરિક સહકારી બેન્કના ચેરમેન, વાઈસ ચેરમેન, ડિરેક્ટરો તથા અધિકારીઓ, સહકાર ભારતી તેમજ વિ.હિ.પ.ના અગ્રણીઓ, લાયન્સ ક્લબ, રાજકીય, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના સંતો-મહંતો, અગ્રણીઓ તેમજ શુભેચ્છક મિત્રો તરફથી તેમને મો.૯૮૨૪૪ ૧૬૬૩૯, ૮૩૨૦૪ ૨૯૨૫૮ ઉપર જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# સાંદિપની હરી મંદિરમાં રામનવમી મહોત્સવની આસ્થાભેર ઉજવણી

## ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા ની પ્રેરણા રામ નવમીના ઉત્સવ માટે બની નિમિત





**અબતક, રાજકોટ**

પોરબંદરના સુપ્રસિદ્ધ સાંદિપની વિધાનીકેતન ના હરી મંદિરમાં રામનવમીની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. રમેશભાઈ ઓઝા ના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ મહોત્સવમાં સવારે પૂજન સાથે હરી મંદિરના શિખરો પર ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું. મધ્યાને તુલસીદાસની રામચરિત માનસના બાલકાંડ માં વર્ણિત રામ જન્મોત્સવની મંગલમય ચોપાઈઓ તથા સકીર્તનનું સાંદિપનીના સંસ્કૃત પાઠશાળા ના ઋષિ કુમાર દ્વારા વિવિધ રાગોમાં સંગીતમય શૈલીમાં ગાન રજૂ કર્યું હતું.

બપોરે બાર વાગે મંદિરના મુખ્ય જીદ્વારા રામ દરબારના ગર્ભ ગ્રહના દરવાજા ખુલતા ને સાથે જ ભાવીકોએ ઉમંગઉલ્લાસ સાથે જય ઘોષ કરીને રામ જન્મોત્સવના વધામણા અને દર્શન કર્યા હતા. પી બાલ સ્વરૂપ રામજીને પંચામૃતથી સ્નાન કરાવીને વિવિધ દ્રવ્યોના જળ વડે અભિષેક કરવામાં આવ્યો હતો. અને મંત્રોચ્ચાર સાથે ભગવાનના બાલ સ્વરૂપ રામજીની પૂજા કરવામાં આવી હતી, અને આરતી ઉતારવામાં આવી હતી, તેમને પારણામાં પધરાવી ભેટ રમકડા પ્રસાદ અર્પણ કરવામાં આવ્યા હતા હરિ મંદિરના મુખ્યાજી દ્વારા શ્રી હરિ મંદિરમાં જન્મોત્સવના દર્શનમાં આવેલા તમામ ભાવિકોને રમકડા અને ચોકલેટ આપીને રામ જન્મની વધાઈ આપી હતી ઉત્સવની પૂર્ણાહુતિ સમયે પારણામાં પધરાવેલા બાર સ્વરૂપ રામચંદ્રજીની મંગલ ઉત્સવ આરતી ઉતારવામાં આવી અને સૌ દર્શનાર્થીઓએ દર્શનનો લાભ લીધો હતો આ મંગલમય અવસરે હરિ મંદિરમાં રામ દરબારના ઋષિ કુમાર દ્વારા દિવ્ય અને અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો પદ્યાને અને સાંજે જાનકી વલ્લભ ભગવાનના અલૌકિક શૃંગાર હદર્શન અને પ્રસાદનો ભાવિકોએ લાભ લીધો હતો.

# ઈગ્નુની બી.એડ. બીએસસી નર્સિંગ, પીજીડી, અને આરપીસીની કાલે લેવાશે પ્રવેશ પરીક્ષા

## ઓનલાઈન ઘર બેઠા કારકીર્દી ઘડતર માટે ઈગ્નુ આશિર્વાદરૂપ

**અબતક, રાજકોટ**

શિક્ષણ રૂપી સપનાની ઉડાન માટે શાળા કોલેજમાં ભણ્યા વિના ભણતર માટે ઈન્દીરા ગાંધી ઓપન યુનિ. ઈગ્નુ દ્વારા કાલે રવિવારે તા. ૨૯-૩ ના રોજ પ્રવેશ પરીક્ષા યોજાશે. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિ. દ્વારા બી.એડ. (સવારે ૧૦ થી ૧૨) બી.એસસી. નર્સિંગ પીબી (સવારે ૧૦ થી ૧૨.૩૦) અને પીજીડીઆરપીસી સવારે ૧૦ થી ૧૧.૩૦ કાર્યક્રમોની પ્રવેશ પરીક્ષા દેશભરમાં એક સાથે ૨૯-૩-૨૬ રવિવારના રોજ યોજાશે. પરીક્ષાથી વેબસાઈડ www.ignou.ac.in ઉપર આપેલી સમર્થ પોર્ટલની લિંક પરથી હોલ ટિકીટ મેળવી શકશે. એમાં જો કોઈ ક્ષતિ હોય તો SED ને જાણ કરવી. રાજકોટ રિજયોનલ સેન્ટર દ્વારા સ્થાપવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર નં. ૪૨૦૧૨, ઈલેકટ્રોનિકસ ડિપાર્ટમેન્ટ, સૌરાષ્ટ્ર યુનિ. ખાતે પરીક્ષા લેવામાં આવશે. મોબાઈલ ફોન અને અન્ય કોઈપણ ઈલેકટ્રોનિક સાધન સાથે પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ મળશે નહી. ડો. રુપલ એમ. કુબાવત, રિજયોનલ ડાયરેકટર, ઈગ્નુ રિજયોનલ સેન્ટર રાજકોટની યાદીમાં જણાવ્યું છે.

# કણસાગરા કોલેજમાં એનએસએસ સ્વયંસેવકોનો વિદાય અને પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો

## મોટીવેશનલ સ્પીકર હર્ષલ માંકડની પ્રેરણાદાયી ઉપસ્થિતિ; શ્રેષ્ઠ સેવા આપનાર વિદ્યાર્થીનીઓને એવોર્ડ આપી નવાજાયા

**અબતક, રાજકોટ**



કણસાગરા મહિલા કોલેજ ખાતે એન એસ એસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના સ્વયંસેવકો માટે વિદાય સમારોહ અને પુરસ્કાર વિતરણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ સેવાકીય પ્રવૃત્તિઓ કરનાર વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

કોલેજના પ્રિન્સિપાલ ડો. સ્નેહલ કોટકે વિદ્યાર્થીનીઓને આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે, ''આ કેમ્પસ તમારાથી જ શોભે છે, જીવનમાં ગમે તેટલા આગળ વધો પણ હંમેશા નવું શીખવાની ધગશ જીવંત રાખજો.'' આ તકે મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત મોટીવેશનલ સ્પીકર અને અભિનેતા હર્ષલ માંકડે પોતાની રોચક શૈલીમાં વિદ્યાર્થીનીઓને જીવનના પડકારોનો સામનો કરવા માટે સચોટ માર્ગદર્શન પૂરું પાડી આત્મવિશ્વાસ જગાડ્યો હતો.

પુરસ્કાર વિતરણ સમારોહમાં વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર સ્વયંસેવકોને 'બેસ્ટ વોલેન્ટિયર' અને 'બેસ્ટ લીડર'ના એવોર્ડ્સ એનાયત કરાયા હતા. જેમાં ગવિયા હિન્કલ પી. એ રાષ્ટ્રીય સ્તરના કેમ્પ અને પરેડ સહિત કુલ ચાર એવોર્ડ્સ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. આ ઉપરાંત, પરસાણા નિરાલી અને કાકડિયા ખુશ્બુને પણ રાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. સુધા બી. વાવડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અને નિવૃત્ત મુખ્ય સચિવ પ્રવીણ લહેરીનો આજે જન્મદિવસ



પ્રભાસ પાટણ વિશ્વ પ્રસિદ્ધ શ્રી સોમનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટી રાજ્યના નિવૃત્ત મુખ્ય સચિવ અને અનેકવિધ સેવા સંસ્થાઓ સાથે જોડાયેલા પ્રવીણભાઈ લહેરીનો ૨૮ માર્ચે જન્મદિવસ ૨૮ માર્ચ ૧૯૪૫ના રોજ અમરેલી જિલ્લાના રાજુલા ખાતે જન્મેલા તેઓ ઉજ્જવળ કારકિર્દી સાથે રાજ્યના મુખ્ય સચિવપદ સુધી પહોંચી નિવૃત્ત થયા તેઓની સક્રિયતાથી સોમનાથ મંદિર, નર્મદા ડેમ, સદવિચાર પરિવાર સહિત ૫૦થી વધુ સંસ્થાઓમાં સેવા કાર્ય માટે સતત દોડતા રહે છે.

તેઓ સાહિત્યકાર તરીકે કવિ શ્રી કાગની કાગવાણી ઉપર વિચારધારા લેખક સરદાર અને ગાંધીજી, સંત કબીર સહિત વિષયો ઉપર વર્તમાન પૂર્તિઓમાં લેખો લખતા રહે છે. ''રંગ છે રાજુલા'' ''સરદાર સંસ્મરણો'' ''ઓમ તત સત, હિન્દુ સ્વરાજના શિલ્પી, કૃષ્ણ ભક્તિ જેવા અનેક પુસ્તકો તેમણે લખ્યા છે લહેરી પાસે વિઝન અને મિશન બંન્ને છે અને તેમના બહોળા સંપર્કોનો પણ લોક કલ્યાણ અર્થે સંસ્થાને લાભ મળતો રહે છે તેવી તેની પ્રતિભા તેમના જન્મદિવસે સોમનાથ મંદિરે તેમના દીર્ઘ આયુષ્ય માટે મહામૃત્યુંજય જાપ ,વિશેષ મહાપૂજા તેમજ સંધ્યા દીપમાળા કાર્યક્રમ યોજાય છે. તેમને ઠેર-ઠેરથી જન્મદિન શુભેચ્છાઓનો વરસાદ વસ્યો મોબાઈલ નંબર ૯૮૨૪૦૮૩૯૬૯.

# શહેર ભાજપ દ્વારા કાલે 'મન કી બાત ટિફિન કે સાથ' કાર્યક્રમ યોજાશે

## કાર્યકરોને જોડાવવા શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેની અપીલ



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા મહિનાના અંતિમ રવીવારે યોજવામાં આવતો કાર્યક્રમ 'મન કી બાત' આવતીકાલે સવારે ૧૧.૦૦ કલાકે યોજાશે.

શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નો લોકપ્રિય કાર્યક્રમ ''મન કી બાત'' દ્વારા દર માસના અંતિમ રવીવારે 'મન કી બાત' કાર્યક્રમ યોજવામાં આવે છે. આ માસનો 'મન કી બાત' નો કાર્યક્રમ આવતીકાલે રવીવારે સવારે ૧૧.૦૦ કલાકે યોજવામાં આવશે.

રાજકોટ મહાનગરના તમામ વોર્ડમાં રાજકોટ શહેરના હોદેદારો જોડાઈને કાર્યક્રમને નિહાળશે. આ ઉપરાંત શહેરમાં આવતા તમામ શકિતકેન્દ્રોમાં અપેક્ષિત કાર્યકર્તાઓ, શકિતકેન્દ્રથી ઉપરના પદાધિકારીઓ, ચુંટાયેલા જનપ્રતિનિધિઓ જે તે વોર્ડમાં રહેતા, બુથ પ્રમુખશ્રી અને બુથમાંથી ૪-૫ સીનીયર કાર્યકર્તાઓ ''મન કી બાત- ટીફીન કે સાથ'' કાર્યક્રમમાં સવારે ૧૦.૩૦ કલાકે ઉપસ્થિત રહેવા જે તે વોર્ડના અપેક્ષિત કાર્યકર્તાઓને ટીફીન સાથે ઉપસ્થિત રહેવા સાથે 'મન કી બાત- ટીફીન કે સાથ' કાર્યક્રમ નિહાળવામાં આવશે, તો આ કાર્યક્રમમાં શહેર ભાજપના જે તે વોર્ડમાં કરવામાં આવેલ શકિતકેન્દ્રો ઉપર અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓને જોડાવવા શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ ઝાલાએ જાહેર અનુરોધ કર્યો છે. રાજકોટ મહાનગરમાં 'મન કી બાત' કાર્યક્રમની વ્યવસ્થા 'મન કી બાત' ના ઈન્ચાર્જ શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, ઉપપ્રમુખ રાજદિપસિંહ જાડેજા, મંત્રી ભરતભાઈ શીંગાળા તેમજ વિધાનસભા-૬૮ માં પરાગ મહેતા, વિધાનસભા-૬૯ માં દશરથ વાળા, વિધાનસભા-૭૦ માં યોગેશ ભુવા અને વિધાનસભા-૭૧ માં રસિકભાઈ કાવઠીયા તેમજ શહેર ભાજપ કાર્યાલય ખાતેથી કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા અને સહકાર્યાલય મંત્રી શૈલેષ દવે વ્યવસ્થા સંભાળી રહયા છે.

# પેટ્રોલ - ડીઝલની એકસાઈઝ ઘટાડવામાં સરકારના નિર્ણયને ભાજપ અગ્રણી ચેતન રામાણીનો આવકાર

## સમયસરના નિર્ણયથી પ્રજાને ભાવ વધારાના બોજથી વડાપ્રધાને બચાવી લીધા

**અબતક, રાજકોટ**



ઈઝરાયેલ, અમેરીકા, ઈરાક યુદ્ધના પગલે ઈંધણની કટોકટી વચ્ચે ભારત સરકારના પેટ્રોલ ડિઝલની એકસાઈઝ ઘટાડી પ્રજાને ભાવવધારા થી બચાવવાના વડાપ્રધાનના નિર્ણય બદલ સરકારને અભિનંદન પાઠવી ભાજપ આગેવાન ચેતનભાઈ રામાણીએ ઓ.એમ.સી.નો નફો કાપી નાગરીકોને રાહત આપનાર સરકારને અભિનંદન પાઠવ્યા છે.

ચેતન રામાણીએ કહ્યું હતું કે આ ફેરફારોને કારણે ઓઈલ માકેર્ટીંગ કંપનીઓના ખર્ચમાં ઘટાડો થવાની શકયતા છે અને જો પંપ ભાવ તરત ઘટાડવામાં ન આવે તો આ લાભ કંપનીઓને મળીને તેમના નફાના માર્જિનમાં વધારો થઈ શકે છે, જે તેમની કમાણી, રોકડ પ્રવાહ અને બેલેન્સ શીટને મજબુત બનાવશે, કુલ મળીને સરકારના આ નિર્ણયથી ઉર્જા અને ઉડ્યન ક્ષેત્રમાં સ્પષ્ટતા આવશે. નિકાસને પ્રોત્સાહન મળશે અને તેની અંતિમ અસર આંતર રાષ્ટ્રીય ફુડ ઓઈલના ભાવ તથા બજારની પરિસ્થિતિ પર નિર્ભર રહેશે.

# રાજ્યમાં છેલ્લા ૧૦ દિવસમાં ૧૨ હજારથી વધુ નવા પી.એન.જી. કનેક્શન્સ અપાયાં

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ-ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો, વિતરણ વ્યવસ્થા અને લોકોને સરળતા ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થાઓની સમીક્ષા કરાઈ

### જિલ્લા સ્તરની કોર્ડીનેશન કમિટી કલેક્ટરના અધ્યક્ષસ્થાને કાર્યરત થશે

કેન્દ્ર સરકાર સાથેના સંકલન માટે અને જિલ્લાઓમાં સપ્લાય ચેઈન જળવાઈ રહે તેના માર્ગદર્શન માટે મુખ્યસચિવના અધ્યક્ષ સ્થાને એક સ્ટેટ લેવલ કોર્ડીનેશન કમિટીની રચના કરવાનો નિર્ણય આ બેઠકમાં લેવામાં આવ્યો હતો. જિલ્લા સ્તરની આવી કોર્ડીનેશન કમિટી કલેક્ટરના અધ્યક્ષ સ્થાને કાર્યરત થશે.

બિનનિવાસી ગુજરાતીઓને આ વૈશ્વિક સંકટના સમયમાં જરૂરીયાત જણાયે મદદરૂપ થવા એક હેલ્પ લાઈન શરૂ કરવામાં આવી છે અને એન.આર.આઈ. પ્રભાગને બિનનિવાસી ગુજરાતીઓના સંપર્કમાં રહેવાની સૂચના આપવામાં આવી છે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં પેટ્રોલ-ડિઝલ-ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો, વિતરણ વ્યવસ્થા અને લોકોને તે સરળતા ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં હાલ ગેસ, પેટ્રોલ, ડીઝલ, ફર્ટીલાઈઝર સહિતની આવશ્યક ચીજ વસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

એટલું જ નહિં ભવિષ્યમાં પણ આ સપ્લાય પૂરતી માત્રામાં મળી રહે તે અંગેની વ્યવસ્થાઓ રાજ્ય સરકારે સુનિશ્ચિત કરી છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ઉર્જા મંત્રી ઋષિકેશભાઈ પટેલ અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીએ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહીને વિવિધ સૂચનો કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હાલની વૈશ્વિક પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં દેશના રાજ્યોમાં પેટ્રોલ, ડિઝલ, ગેસ, ખાતર અને અન્ન પુરવઠાની સ્થિતિ અંગે રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્ર શાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નર સાથે ગઈકાલે યોજેલી વિડીયો કોન્ફરન્સમાં તેમણે આપેલા દિશા-નિર્દેશોના પગલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આજે રાજ્યના વરિષ્ઠ સચિવોની બેઠક યોજવામાં આવી હતી.



મુખ્યમંત્રીએ આ બેઠકમાં જણાવ્યું કે, હાલના સમયે બધા જ વિભાગોએ સતર્ક રહીને સંકલન સાથે ટીમ વર્કથી કાર્યરત રહી લોકોને આવશ્યક ચીજવસ્તુઓનો સપ્લાય સરળતાથી મળી રહે તે સુનિશ્ચિત કરવાનું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજ્યમાં પી.એન.જી. કનેક્શનને અગ્રતા આપવાની જે માર્ગદર્શિકાઓ કેન્દ્ર સરકારે આપેલી છે તેનો રાજ્યમાં ઝડપી અમલ કરીને નવા પી.એન.જી. કનેક્શન તાત્કાલિક ધોરણે અપાય તે જરૂરી છે.

ખાસ કરીને રહેઠાણ સાથો સાથ શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલ્સને આવા કનેક્શનમાં અગ્રતા આપવા મુખ્યમંત્રીએ સૂચવ્યું હતું.

ગુજરાત દેશમાં સૌથી વધુ ૨૩ ટકા પી.એન.જી. ગેસ કનેક્શન ધરાવતું રાજ્ય છે. આ ઉપરાંત દેશના ૧૨ ટકા સી.એન.જી. ફિલીંગ સ્ટેશન પણ રાજ્યમાં કાર્યરત છે.

વડાપ્રધાનએ રાજ્યોને વધું નવા પી.એન.જી. કનેક્શન્સ માટે કરેલી હિમાયતના પગલે રાજ્યમાં નવા કનેક્શન આપવા માટેનું કાર્ય યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે. પાછલા ૧૦ દિવસમાં ૧૨ હજારથી વધુ નવા પી.એન.જી. કનેક્શન્સ અને ૩૦૦થી વધુ નવા કોમર્શીયલ કનેક્શન્સ અપાયાં છે.

આ બેઠકમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રજૂ થયેલા પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં ૧.૨૮ કરોડ ડોમેસ્ટીક એલ.પી.જી. કનેક્શન છે. એટલું જ નહિં આ ડોમેસ્ટીક કનેક્શન ધારકોને ગેસનો પુરવઠો નિયમિત મેળવવામાં કોઈ તકલીફ ન રહે તે માટે ઓઈલ એન્ડ ગેસ કંપનીઝ સાથે રાજ્ય સરકાર સતત સંકલનમાં છે.રાજ્ય સરકારે એલ.પી.જી. કનેક્શન ધારકોની કોઈપણ સમસ્યાના ત્વરિત નિવારણ માટે કાર્યરત કરેલી હેલ્પલાઈન દ્વારા અત્યાર સુધીમાં ૧૦,૦૦૦ ફરિયાદોનું નિવારણ કરવામાં આવ્યું છે.

### ખેડૂતોને ખરીફ સીઝન માટે ખાતરની કોઈ સમસ્યા નહિ રહેઃ કૃષિ વિભાગ

મુખ્યમંત્રીએ પેટ્રોલ, ડિઝલ. ગેસ જેવી ચીજ વસ્તુઓની સંગ્રહખોરી અને કાળાબજાર કરનારાઓ પર નિગરાની રાખવા તથા કડકાઈથી પેશ આવીને દાખલારૂપ સજા થાય તે માટે તાકીદ કરી હતી. તેમણે કહ્યું કે આના પરિણામે લોકોના મનમાંથી અછત કે તંગીનો જે ખોટો ભય છે તે દૂર કરી શકાશે.

રાજ્યમાં ફર્ટીલાઈઝરનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને ખેડૂતોને ખરીફ સીઝન માટે ખાતરની કોઈ સમસ્યા રહે નહીં તેવું આયોજન કૃષિ વિભાગે કર્યું છે તેની પણ માહિતી આ બેઠકમાં આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ રાજ્યના પોર્ટ્સ પર કાર્ગોનું સરળ સંચાલન અને મોનિટરીંગ થાય તેમજ કન્જેશન થવાને કારણ સપ્લાય ચેનમાં રૂકાવટ ન આવે તે સુનિશ્ચિત કરવા અંગે પણ બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યમાં શ્રમિકોને પ્રવર્તમાન વૈશ્વિક સ્થિતિને કારણે આર્થિક મુશ્કેલી સહન કરવી ન પડે તે માટે તેમને મહેનતાણાની ચૂકવણી સમયસર થાય તે જોવાની સૂચના સબંધિત વિભાગોને મુખ્યમંત્રીએ આપી હતી.

# પાણીનો વાલ્વ કેમ બંધ કરે છે કહી કુવાડવામાં વૃદ્ધ વાલ્વમેનને માર માર્યો

## પાણી વિતરણનો સમય પુરો થઈ જતા વૃદ્ધે વાલ્વ બંધ કર્યો'તો : છરી બતાવી ખૂનની ધમકી આપી

**અબતક, રાજકોટ**

કુવાડવા ગ્રામ પંચાયતના પાણી વિતરણ વિભાગમાં કામ કરતા ૭૦ વર્ષના વૃદ્ધ વાલ્વમેનને મને પૂછ્યા વગર વાલ્વ બંધ કરીશ તો જાનથી મારી નાખીશ તેમ કહી ઢીકાપાટુનો મારમારી છરી બતાવી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, સામતભાઈ રામભાઈ કટોસણીયા(ઉંમર ૭૦)(રહે કુવાડવા ગામ લુહાર ચાલી આંબલી વાળી શેરી) એ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે દશરથ નાથાભાઈ લઢેર(રહે કુવાડવા ગામ હરિઓમ ચોક મારુતિ ડેરી પાછળ) નું નામ આપી જણાવ્યું હતું કે, તે છેલ્લા ૩૫ વર્ષથી કુવાડવા ગ્રામ પંચાયતના પાણી વિતરણ વિભાગમાં પાણીનો વાલ્વમેન તરીકે કામ કરે છે. વિસ્તાર પ્રમાણે દરરોજ ૩૫ મિનિટ પાણીનો વાલ્વ ખોલી પાણી વિતરણ કરવાનું હોય છે.

ગત તા.૨૭ ના રોજ પાણી વિતરણ કરવાનો વારો હોય જેથી સવારના ૬ વાગ્યાથી કુવાડવા ગામમાં પાણીના વાલ્વ ખોલી પાણી વિતરણ કરતા હતા ત્યારે બપોરના દોઢ વાગ્યા આસપાસ કુવાડવા ગામના હરિઓમ ચોક ખાતે વાલ્વ ખોલી ૩૫ મિનિટ સુધી પાણી વિતરણ કરી સમય પૂરો થઈ જતા વાલ્વ બંધ કરતા હતા. દરમિયાન હરિઓમ ચોક મારૂતિ ડેરી પાછળ રહેતો દશરથ નાથાભાઈ લઢેર તેની પાસે આવી કહેવા લાગ્યો કે, વાલ્વ કેમ બંધ કરશ? જેથી વૃદ્ધે જણાવ્યું હતું કે, પાણી વિતરણનો સમય પૂરો થઈ ગયો હોવાથી વાલ્વ બંધ કરું છું. આટલું કહેતા શખસે ઉશ્કેરાઈને ગાળો ભાંડી ઢીકાપાટુનો મારમાર્યો હતો. એટલું જ નહીં તેની પાસે રહેલ છરી બતાવી મને પૂછ્યા વગર અહીં પાણીનો વાલ્વ બંધ કરવો નહીં નહીં તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. વધારે ઝઘડો ન થાય તે માટે વૃદ્ધ અહીંથી નીકળી ગયા અને સીધા કુવાડવા ગ્રામ પંચાયતના સદસ્ય વિનુભાઈ આંબલીયા પાસે પહોંચી બનાવની જાણ કરતા બંનેએ આ શખસ દશરથ વિરુદ્ધ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ૩૨ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી

## ૩૧ જીએએસ (જુનિયર સ્કેલ) અને ૧૨ મામલતદારની બદલી કરાય

**અબતક, રાજકોટ**

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા ૩૨ નાયબ મામલતદારોને મામલતદારની જગ્યા પર હંગામી ધોરણે બઢતી આપવામાં આવી છે.

ના. મામલતદાર તરીકે હાલ જવાબદારી વહન કરી રહેલા શ્રીપાલકુમાર વૈષ્ણવ, મહાવીરસિંહ સોલંકી, મહેન્દ્રસિંહ રાજપુત, હર્ષાબેન દેસાઈ, પ્રકાશગીરી બાવા, સ્મૃતિ ગોહિલ, અમરજીતસિંહ દિવાન, મહાદેવભાઈ નાકિયા, શકિતસિંહ ઝાલા, અભિષેકભાઈ પટેલ, ફાલ્ગુનીબેન પટેલ, વિરલ વસાવા, આનંદ કુમાર, જેનીસ ગામેતી, શૈલેષ ડામોર, પંકજ મનત, શૈલેષ એક, ચિરાગ કામોલ, ભાવેશ વરસત, અલ્કેશ વાલવાઈ, સંજય ખરાડી, સુનીલ સંગાડા, હેતલબાળા ભાભોર, પ્રતિકસિંહ ગામેતી, કમલેશ ખરાડી, અલ્પેશ પરમાર, સનદ રાઠવા, સાવન કુમાર મેહ, જયશ્રી વસાવા, સંજયકુમાર વસાવા અને દિપીકા ચૌધરીને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. જયારે ૧૨ મામલતદારોની બદલી કરવામાં આવી છે.

આ ઉપરાંત જી.એ.એસ. (જુનીયર સ્કેલ) કેટરના ૩૧ અધિકારીની બદલી કરવામાં આવી છે. જેમાં કાજલ આંબલીયા, એમ.બી.દેસાઈ, તેમજ ચૌધરી, ડી.એ. રવિયા, શ્રધ્ધા બારોટ, અર્પણ ચાવડા, વી.એ. પંચાલ, અમિતકુમાર ગામીત, આર.જે. ઝાલા, જયકુમાર રાવલ, ફ્રાન્સીસ વસાવા, ડો. ડી.એ. ભારાઈ, જે.આર. સોલંકી, નિલાક્ષ મકવાણા, ઘનશ્યામ ચાવડા, પ્રશાંત મંગુડા, જે.વી. કાકડીયા, એચ.જે. ગોહિલ, કે.પી. ચૌધરી, હર્ષદર્ધન જાડેજા, મીરા સોમપુરા, હર્ષદીપ આચાર્ય, ઈશિતા મેર, વિનોદ જોશી, એન.વી. દેસાઈ, કે.પી. પટેલ, જે.બી. પાંડવ, ઉમંગ પટેલ, નેહાબેન પંચાલ, એ.પી. વ્યાસ અને યુ.વી. પટેલનો સમાવેશ થાય છે.

# ગોંડલ નજીક બાઈક સ્લીપ થતા આધેડનું મોત

## ખરાબ રસ્તાને કારણે એક જ દિવસમા એક જ સ્થળે પાંચ અકસ્માતો સર્જાયા, સુલતાનપુર પીઆઈએ માર્ગની મરામત કરાવી

**અબતક રાજકોટ**

ગોંડલ તાલુકાના પાટખીલોરી ગામ પાસે ખરાબ રસ્તાને કારણે સર્જાયેલા અકસ્માતમાં રાજકોટના આધેડનું મોત નીપજ્યું છે. રસ્તા પરના ખાડાઓને કારણે મોટરસાયકલ સ્લીપ થતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આધેડે સારવાર દરમિયાન દમ તોડતા પરિવારમાં માતમ છવાયો છે.પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના સંતકબીર રોડ પર આવેલી બાળકૃષ્ણ સોસાયટીમાં રહેતા વિનોદભાઈ માવજીભાઈ ભરાડ (ઉં.વ. ૫૫) ગત ૨૨ માર્ચના રોજ મોટરસાયકલ લઈને કામ અર્થે દેરડી કુંભાજી જઈ રહ્યા હતા. આ દરમિયાન દેરડી કુંભાજી અને પાટખીલોરી વચ્ચે રસ્તો અત્યંત બિસ્માર હોવાથી તેમનું બાઈક સ્લીપ થઈ ગયું હતું. માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક કુંકાવાવ અને ત્યારબાદ રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત થયું છે. આશ્ચર્યજનક વાત એ છે કે, જે દિવસે વિનોદભાઈનો અકસ્માત થયો તે જ દિવસે તે જ સ્થળે અન્ય ૪ અકસ્માતો પણ સર્જાયા હતા. રસ્તાની ગંભીર સ્થિતિ જોતા ૨૩ માર્ચના રોજ સુલતાનપુરના પીઆઈ ખાચરે ખાડા પુરાવવાની કામગીરી કરાવી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક વિનોદભાઈ દોષી હોસ્પિટલમાં કેન્ટીન ચલાવતા હતા. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે, પોતે પાંચ ભાઈ અને ત્રણ બહેનોના પરિવારમાં તેઓ વચેટ ભાઈ હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# થોરાળા વિસ્તારમાં ગાળાગાળી કરવાની ના પાડનાર વેપારી પર હુમલો

## દુકાન પાસે ગાળો બોલવાની ના પાડતા ગૌતમ, લાલા સહિતના શખ્સોએ છરી અને ઈંટ વડે માર માર્યો

**અબતક રાજકોટ**

શહેરના ન્યૂ થોરાળા મેઈન રોડ પર આવેલી કરિયાણાની દુકાન પાસે ગાળો બોલવાની ના પાડવી યુવકને ભારે પડી છે. અસામાજિક તત્વોએ ઉશ્કેરાઈ જઈ વેપારી પર છરી અને ઈંટ વડે હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘાયલ યુવકને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ન્યૂ થોરાડા મેઈન રોડ, અવધ પાર્ક પાસે રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા મનોજભાઈ નાનજીભાઈ રાઠોડ (ઉં.વ. ૩૫) ગઈકાલે રાત્રે ૧:૩૦ વાગ્યાની આસપાસ પોતાની દુકાને હાજર હતા. આ સમયે ત્યાં ગૌતમ ઉર્ફે લાલો સરવૈયા અને તેની સાથેના શખ્સો આવીને ગાળાગાળી કરી રહ્યા હતા. મનોજભાઈએ તેમને પોતાની દુકાન પાસે ગાળો બોલવાની ના પાડતા મામલો બિચક્યો હતો.

સામન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા ગૌતમ અને તેના સાથીઓએ મનોજભાઈ પર છરી અને ઈંટ વડે માર મારતા મનોજભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને ઈજાગ્રસ્ત હાલતમાં તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મનોજભાઈ ત્રણ ભાઈ અને ત્રણ બહેનોમાં સૌથી નાના છે અને તેમને સંતાનમાં બે દીકરા છે. થોરાડા પોલીસે આ મામલે પ્રાથમિક વિગતો મેળવી હુમલાખોરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રેલનગરમાં સમાધાનના બહાને બોલાવી યુવક પર પાઈપ વડે હુમલો

## ભાઈને છરી બતાવનાર શખ્સને ઠપકો આપ્યાનો ખાર રાખી છ શખ્સોએ માર માર્યો

**અબતક રાજકોટ**

શહેરના રેલનગર પેટ્રોલ પંપ પાસે ગઈકાલે બપોરના સમયે પાંચ શખ્સોએ યુવક પર પાઈપ વડે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. જૂની અદાવતનું સમાધાન કરવાના બહાને બોલાવીને આ હુમલો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના ગાયકવાડી વિસ્તારમાં સાધુ વાસવાણી સ્કૂલ પાછળ આવેલા રવિ સાગર એપાર્ટમેન્ટમાં રહેતા કાના વિનોદભાઈ ભાવનાણી (ઉં.વ. ૨૮) પર હુમલો કરવામાં આવ્યો છે. કાનાભાઈના જણાવ્યા મુજબ, ગત ૧૫ માર્ચના રોજ બંધન પાર્ટી પ્લોટમાં ચેટીચાંદના કાર્યક્રમ દરમિયાન મારા ભાઈ ધનરાજ સાથે સંદીપ નામના શખ્સને કોઈ બાબતે ઝઘડો થયો હતો. એ સમયે સંદીપે ધનરાજને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ બાદ મેં સંદીપને ફોન કરીને મારા ભાઈને છરી કેમ બતાવી તે બાબતે ઠપકો આપી ગાળાગાળી કરી હતી. ગઈકાલે બપોરે ૧:૩૦ વાગ્યાની આસપાસ 'લાલા' નામના શખ્સે મને ફોન કર્યો હતો અને જણાવ્યું હતું કે, "આપણે ચા-પાણી પીને જૂનું બધું પતાવી દઈએ, તું સમાધાન માટે રેલનગર પેટ્રોલ પંપ સામે મઢુલી પાન પાસે આવ." હું ત્યાં પહોંચ્યો ત્યારે અગાઉથી જ ઘાત લગાવીને બેઠેલા સંદીપ, લાલો, સાગર, દિનેશ અને અન્ય બે અજાણ્યા શખ્સોએ મારા પર અચાનક પાઈપ વડે હુમલો કરી દીધો હતો. હુમલામાં કાનાભાઈને માથે શરીરે ઈજાઓ થતા તાત્કાલિક ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હાલ પોલીસે આ મામલે ઈજાગ્રસ્તનું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઢાંઢણી ગામ નજીકથી રૂ. ૨.૧૬ લાખનો દારૂ ભરેલી વર્ના કાર સાથે દિગુભાની ધરપકડ

## ઈન્દોરથી શરાબ ભરી રાજકોટમાં સપ્લાય કરે તેં પૂર્વે જ પીસીબી ત્રાટકી : ૪૮૦ બોટલ દારૂ, કાર સહિત રૂ. ૪.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે, રિસીવર મહેન્દ્ર નળીયાપરાની શોધખોળ






**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ ઢાંઢણી ગામ નજીકથી પીસીબીની ટીમે રૂ. ૨.૧૬ લાખનો દારૂ ભરેલી વર્ના કાર સાથે જામનગરના દિગુભા જાડેજાની ધરપકડ કરી રૂ. ૪.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઈન્દોરથી દારૂ લાવી રાજકોટમાં ડિલિવરી આપે તેં પૂર્વે જ પોલિસેં ખેપિયાને દબોચી લીધો હતો જ્યારે રિસીવરની શોધખોળ શરૂ કરી હતી.


દારૂના દરોડા અંગે પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ શહેર પીસીબી બ્રાંચના પીઆઈ એમ આર ગોંડલીયાની સૂચનાથી પીઆઈ એમ જે હુંણના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ પી બી ત્રાજિયા, આર કે જાડેજાની રાહબરીમાં પીસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પીસીબીના હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલ બાતમીના આધારે ભાવનગર રોડ પર આવેલ ઢાંઢણી ગામના પાટીયા નજીક વોચ ગોઠવી ગોઠવી હતી. તે દરમિયાન વર્ના કાર જીજે-૧૦-બીજી-૧૨૨૨ને અટકાવી તલાસી લેતા તેમાંથી રૂ.૨.૧૬ લાખનો ૪૮૦ બોટલ વિદેશી દારૂ મળી આવતા કારચાલક દિગ્વિજયસિંહ ઉર્ફે દિગુભા રણજીતસિંહ જાડેજા (ઉમર ૩૪ રહે. બેરાજા પસાયા, જામનગર)ની ધરપકડ કરી દારૂ કાર સહિત કુલ ૪.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દારૂના દરોડા અંગે પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઝડપાયેલો શખ્સ દારૂની ખેપ મારવા ઈન્દોર ગયો હતો. જ્યાંથી કારમાં દારૂ ભરીને અહીં રાજકોટ ખાતે મહેન્દ્ર નળીયાપરાને ડિલિવરી આપવા આવી રહ્યો હતો. જે પૂર્વે જ પીસીબી ટીમે તેને દબોચી લીધો હતો. આ અંગેની કામગીરીમાં પીઆઇ એમ આર ગોંડલીયા,પીઆઇ એમ.જે હુંણ, પીએસઆઇ પીબી, ત્રાજિયા,પીએસઆઇ આર કે જાડેજા, એ એસ આઇ મયુર પલારીયા, સંતોષભાઈ મોરી, દેવરાજભાઈ કલોતરા, દિલીપભાઈ બોરીચા, ઉમેશભાઈ ચાવડા,વિશાલ દવે, હરદેવસિંહ રાઠોડ, કિરીતસિંહ, રાહુલગીરી, કુલદીપસિંહ જાડેજા, વિજય મેતા, યુવરાજસિંહ રાણા,નગીનભાઈ ડાંગર,હિરેન સોલંકી, હિરેન્દ્ર પરમાર સહિતની ટીમ જોડાઈ હતી.

# આજી નદીના પુલ પાસે બોલેરોમાંથી દોઢ લાખના દેશી દારૂ સાથે બે ઝડપાયા

## ક્રાઈમ બ્રાન્ચ દરોડો પાડી ૫૦ લીટર દેશી દારૂ અને વાહન મળી રૂ.૩.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો, સપ્લાયર પરેશ માથાસુડીયાની શોધખળ





**અબ તક રાજકોટ**

શહેરના આજી ડેમ ચોકડી થી ગોંડલ ચોકડી તરફ જતા આજી નદીના ફૂલ નજીક ક્રાઈમ બ્રાન્ચ છે દરોડો પાડી બોલેરો કારમાંથી દોઢ લાખ ની કિંમતનો ૭૫૦ લીટર દેશી દારૂ સાથે બે આરોપીઓને રંગેહાથ ઝડપી લઈ ₹૩.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.વધુ વિગત મુજબ

શહેરમાં દારૂના દૂષણને નાબૂદ કરવા પોલીસ કમિશનર બ્રજેસ કુમાર ઝા દ્વારા આપેલા આદેશને પગલે ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અને એસીપી બીબી બસીયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમા હતી ત્યારે સાયલા તાલુકાના ચોરાવીરા ગામે રહેતો કિશન ભીખા માથાસુડીયા અને સાયલાના કેસરપર ગામે રહેતો ધવલ ઉર્ફે રમેશ કરશન મણદૂરીયા સહિત બંને શખ્સો લષ ૧૩ ફૂ ૩૦૨ નંબરની બોલેરો પીકપ ફોનમાં દેશી દારૂની ડિલિવરી કરવા આવતા હોવાની ક્રાઈમ બ્રાન્ચના કનકસિંહ સોલંકી અને રાજેશભાઈ ચાવડા ને મળેલ બાતમીના આધારે સ્ટાફે

આજીડેમ ચોકડીથી ગોંડલ ચોકડી તરફ જતા ૧૫૦ ફૂટ રીંગ રોડ આજી નદીના પુલ નજીક વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબરની બજ્ઞહયજ્ઞિ ।શભસી। ઝડપે આવતા તેને અટકાવી તલાસી લેતા જેમાંથી ૧.૫૦ લાખની કિંમતનો ૭૫૦ દેશી દારૂનો જથ્થો બે શખ્સોની ધરપકડ કરી દારૂ અને બોલેરો સહિત કુલ ૩.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા બન્ને આરોપીની પૂછપરછમાં આ દારૂનો જથ્થો ચોરાવીરા ગામના બુટલેગર પરેશ રાવજી માથાસુડીએ મોકલાવ્યા ની કબુલાત આપતા તેની શોધખોળ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર ગોંડલીયા, પીઆઈ મનોજ ડામોર, પીઆઈ સીએચ જાદવ, એ.એસ.આઈ અનિલ સોનારા કનકસિંહ સોલંકી ગીરીરાજસિંહ જાડેજા સુભાષભાઈ રબારી રાજેશભાઈ ચાવડા હરપાલસિંહ જાડેજા સહિતની ટીમે કામગીરી બજાવી હતી.

# પાકિસ્તાન પ્રીમિયર લિગ પર સટ્ટો રમતો પંટર હર્ષ ઉર્ફે જાડો ઝડપાયો

## આઈપીએલમાં ક્રિકેટ ફીવર શરૂ થાય તેં પૂર્વે જ ક્રાઈમ બ્રાન્ચ પણ સક્રિય થઈ : આઈડી ફરોવર્ડ કરનાર બુકી ઉદય મકવાણાને પણ ઉપાડી લીધો, મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા કવાયત

**અબતક, રાજકોટ**

શહેરની મધ્યમાં આવેલ તાલુકા પંચાયત પાસે પાકિસ્તાન પ્રીમિયર લિગ પર ઓનલાઈન આઈડી મારફતે જુગાર રમતા પંટરને ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લીધો હતો. જે બાદ આઈડી ફરોવર્ડ કરનાર બુકી ઉદય મકવાણાને પણ ઉપાડી લઈ મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા કવાયત છે.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ વી.ડી.ડોડીયા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ પ્રદિપસિંહ જાડેજા, રાહુલભાઈ ગોહેલ, રાજેશભાઈ જળુ અને દિપકભાઈ ચૌહાણને જામનગર રોડ પર તાલુકા પંચાયત ઓફીસના ગેઈટ પાસે રોડ ઉપર એક વ્યક્તિ પોતાના મોબાઈલ ફોનમાં રહેલ આઈ.ડી.માં જુગાર રમે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ તેનું નામ પૂછતાં પોતાનું નામ હર્ષ ઉર્ફે જાડો દિનેશ દવે (ઉ.વ.૨૭, રહે. મહાદેવ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૩૦૨, વર્ધમાનનગર શેરી નં.૯, પેલેસ રોડ) હોવાનું જણાવ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે તે શખ્સના મોબાઈલ ફોનમાં જોતા ગુગલ ક્રોમ બ્રાઉઝરમાં ઈંગ્લીસ ૯૯૯ નામની આઈ.ડી.માં જુગાર રમતો હોવાનું સામે આવ્યું હતું. જે અંગે તે શખ્સે જણાવ્યું હતું કે, આઈ.ડી. ક્રિકેટનો સટ્ટો રમવા માટેની છે અને હાલમાં ચાલતી ટી-૨૦ ક્રિકેટ મેચ ઉપર જુગાર રમતો હતો. તેમજ તે શખ્સે આઠેક દીવસ પહેલા મિત્ર ઉદય પ્રવિણચંદ્ર મકવાણા પાસેથી આઈડી લીધેલ હોવાની કબૂલાત આપતાં તેની પણ ધરપકડ કરી મુખ્ય બુકી સુધી પહોંચવા કવાયત આદરી છે.

# પરપ્રાંતીય પરિવારની ૧૨ વર્ષની પુત્રીને યુપીનો સકિયા ભગાડી ગયો!

## ઘરેથી નીકળી ગયા બાદ કિશોરી લાપતા બની આજીડેમ પોલીસે કિશોરીની શોધખોળ હાથ ધરી

**અબતક, રાજકોટ**

કોઠારીયા સોલવન્ટ પાસે રહેતા પર પ્રાંતિય પરિવારની ૧૨ વર્ષની પુત્રીને યુપીનો શખસ ભગાડી ગયાની શંકા દર્શાવી આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે. વધુ વિગત મુજબ મૂળ બિહાર ભોજપુરના વતની અને હાલ રાજકોટ શહેરના કોઠારીયા સોલવન્ટ પાસે રહેતા શ્રમિક પરિવારની ૧૨ વર્ષની દીકરી ગુમ થઈ જતા આજીડેમ પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને સંતાનમાં બે દીકરા અને છ દીકરીઓ છે. પત્ની અને પતિ કારખાનામાં મજૂરી કામ કરે છે. સૌથી મોટી દીકરીના લગ્ન થઈ ગયા છે. આધેડ ગત તા.૧૪/૦૩ ના રોજ રાત પાળી કર્યા બાદ ઘરે સુતા હતા. ત્યારે તેની પત્ની અને સંતાનો કારખાને કામ કરવા ગયા હતા.બપોરના સાડા ત્રણ કલાકની આસપાસ ઉઠીને જોતા દીકરી ઘરે જોવા મળી ન હતી.આસપાસના વિસ્તાર અને સગા સંબંધીના ઘરે તપાસ કરી હતી. આ ઉપરાંત તેના વતન પણ તપાસ કરી હતી પરંતુ પતો લાગ્યો ન હતો.દીકરી જે કારખાનામાં કામ કરતી ત્યાં તપાસ કરતા જાણવા મળ્યું કે તેની સાથે કામ કરતો યુપીનો સકિયા નામનો યુવક તેની પુત્રીને ભગાડી ગયાનું સકિયાના જીજાજી કહ્યું હતું કે. દીકરીના ફોનમાંથી યુવકનો નંબર શોધી યુવક અને દીકરી સાથે વાત પણ કરી હતી. ત્યારબાદ ફોન સ્વીચ ઓફ આવતા દીકરીને લેવા ગયેલ સકિયાના જીજાજીને ફોન કરતા તેનો ફોન પણ બંધ આવતો હતો. જે અંગે આધેડની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે.

### મારી કોલેજ, મારી પ્રાર્થના

# કણસાગરા મહિલા કોલેજની નિબંધ સ્પર્ધામાં ૨૨ છાત્રાઓએ લીધો ભાગ

**અબતક, રાજકોટ**

રાજકોટ કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ ખાતે મારી કોલેજ, મારી પ્રાર્થના વિષય પર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓમાં પ્રાર્થનાનું મહત્વ સમજાવવું અને તેના દ્વારા જીવનમાં થતા સકારાત્મક પરિવર્તનો અંગે જાગૃતિ લાવવાનો હતો.

સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ પ્રાર્થનાના આધ્યાત્મિક અને નૈતિક મહત્વ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સાથે જ કોલેજ એસેમ્બલીમાં થતી દૈનિક પ્રાર્થનાથી તેમના વ્યક્તિગત જીવનમાં આવેલા પરિવર્તનો અને પ્રેરણાદાયક અનુભવો પણ રજૂ કર્યા હતા. કુલ ૨૨ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સ્પર્ધાને સફળ બનાવી હતી.

નિબંધ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીનીઓને પુરસ્કાર અને પુસ્તકો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા

આ કાર્યક્રમનું સફળ આયોજન પ્રાધ્યાપક મીરાબેન જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કોલેજના પ્રિન્સિપાલ ડો. સ્નેહલ મેડમનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીનીઓમાં પ્રાર્થના પ્રત્યે આસ્થા, સકારાત્મકતા અને નૈતિક મૂલ્યો વિકસાવવા સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

(પહેલા પાનાનું ચાલું)

### યુધ્ધ વધુ ભયાનક...

ઝીંકવામાં આવ્યા છે. હુમલા બાદ પ્લાન્ટની આસપાસ કાળો ધુમાડો જોવા મળ્યો હતો, જોકે રેડિયેશનના કોઈ સંકેત મળ્યા નથી.

હુમલા બાદ ઈરાનની સૈન્ય પાંખ આઈઆરજીસી એ વળતો પ્રહાર કરવાની જાહેરાત કરી છે. ઈરાને અમેરિકા અને ઈઝરાયલ સાથે જોડાયેલા ઉદ્યોગોમાં કામ કરતા કર્મચારીઓને તાત્કાલિક ઓફિસ છોડી દેવા માટે અલ્ટીમેટમ આપ્યું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ ૧૦ દિવસ માટે હુમલા રોકવાની (સીઝફાયર) વાત કરી હતી, પરંતુ આ જાહેરાત વચ્ચે જ પરમાણુ પ્લાન્ટ પર થયેલા હુમલાએ સમગ્ર વિશ્વમાં આશ્ચર્ય અને તણાવ વધારી દીધો છે. વળતા હુમલાની ભીતિને પગલે ઈરાને ઔદ્યોગિક વિસ્તારોની ૧ કિમીની ત્રિજ્યામાં રહેતા નાગરિકોને ઘર ખાલી કરવા આદેશ આપ્યો છે. મધ્ય પૂર્વમાં હવે ગમે ત્યારે મોટું યુદ્ધ ફાટી નીકળે તેવી સ્થિતિ સર્જાઈ છે.

ઈઝરાયલ દ્વારા ઈરાનના પરમાણુ મથકોને નિશાન બનાવ્યા બાદ, ઈરાને વળતા પ્રહાર તરીકે સાઉદી અરેબિયા સ્થિત અમેરિકન સૈન્ય બેઝ પર મોટો હુમલો કર્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર વિશ્વમાં તણાવની સ્થિતિ સર્જાઈ છે અને રશિયા-યુક્રેન બાદ હવે આ ક્ષેત્રમાં પણ મહાયુદ્ધ ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

બહેરીન અને યુએઈમાં ફરી એકવાર ઈરાન તરફથી મિસાઈલ હુમલાની આશંકાને જોતા સાયરનો વાગ્યા હતા જેના લીધે નાગરિકોનું ટેન્શન વધી ગયું હતું. જોકે આ હુમલા અમેરિકન સૈન્ય બેઝને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા. જ્યારે બીજી બાજુ પહેલીવાર આ યુદ્ધમાં સીરિયા તરફ ઈરાન દ્વારા મિસાઈલ હુમલા કરવામાં આવ્યા હોવાની ચર્ચા છે જેમાં સીરિયામાં પ્રચંડ ધડાકા સંભળાયા હતા. યમનની સેનાએ ચોખ્ખા શબ્દોમાં કહી દીધું છે કે અમે અમેરિકા અને ઈઝરાયલને ઈરાન પર હુમલા કરવા માટે રાતા સમુદ્રનો ઉપયોગ નહીં કરવા દઈએ. જો અમેરિકા અને ઈઝરાયલની સાથે કોઈ અન્ય ગઠબંધન યુદ્ધ મેદાનમાં ઉતરશે તો અમે પણ ઈરાન તરફથી યુદ્ધ લડવા સીધી રીતે મેદાનમાં આવી જઈશું.

### યમન...

હાઈ-એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. યમનથી છોડાયેલી મિસાઈલને કારણે દક્ષિણ ઈઝરાયલના બીરશેબા શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં જોરદાર સાયરન વાગવા લાગ્યા હતા. સૌથી ગંભીર બાબત એ છે કે ઈઝરાયલનું મુખ્ય પરમાણુ અનુસંધાન કેન્દ્ર પણ આ વિસ્તારની નજીક આવેલું છે, જેને કારણે પરમાણુ સુરક્ષાને લઈને ચિંતાઓ વધી ગઈ છે.

વર્તમાન સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધી હૂતીઓ મુખ્યત્વે રાતા સમુદ્રમાં જહાજોને નિશાન બનાવતા હતા, પરંતુ ઈઝરાયલની જમીન પર સીધો બેલેસ્ટિક મિસાઈલ હુમલો કરવાની આ પ્રથમ ઘટના છે. ઈઝરાયલી સેનાએ પુષ્ટિ કરી છે કે તેઓએ યમનથી આવી રહેલી મિસાઈલની ઓળખ કરી લીધી છે અને તેને તોડી પાડવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

### સરકારની તિજોરી...

પરના ટેક્સથી પ્રથમ પખવાડિયામાં ૧,૫૦૦ કરોડનો ફાયદો થશે, જ્યારે એક્સાઈઝ ડ્યૂટીમાં કાપથી ૭,૦૦૦ કરોડથી વધુની આવક જતી કરવી પડશે. આ નિકાસ કરની દર પખવાડિયે સમીક્ષા કરવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે રાજ્યસભામાં જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાની સ્થિતિને ધ્યાનમાં રાખીને ભાવ સ્થિર રાખવા આ નિર્ણય લેવાયો છે અને સરકાર દેશની રાજકોષીય સ્થિતિનું કાળજીપૂર્વક સંચાલન કરશે.

પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે આસમાને પહોંચેલા ભાવના સમયે ઓઈલ કંપનીઓનું નુકસાન ઘટાડવા સરકારે પોતાની ટેક્સની આવકમાં મોટો કાપ સહન કર્યો છે. ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ નિર્ણયની પ્રશંસા કરતા તેને પ્રજાલક્ષી શાસન, સંવેદનશીલ અને સમયસરનો નિર્ણય ગણાવ્યો હતો.

બીજી તરફ, કોંગ્રેસે સરકારના આ નિર્ણય પર સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે છેલ્લા ૧૨ વર્ષમાં જ્યારે ૭ વખત વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ ઘટ્યા ત્યારે ગ્રાહકો માટે ભાવ ઘટાડવામાં આવ્યા ન હતા અને આજની જાહેરાત માત્ર વિધાનસભા ચૂંટણીઓને કારણે છે. મનીષ તિવારી અને પવન ખેડાએ પણ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, મંત્રીઓ પોતાના ખિસ્સામાંથી પૈસા નથી આપી રહ્યા, સરકાર વર્ષોથી સસ્તા ક્રૂડમાંથી કમાણી કરી રહી છે અને ૩૦ એપ્રિલ સુધી જ આ દેખાવ છે.

### હિમપ્રપાત...

ઊંચાઈવાળા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક બરફના મોટા જથ્થા નીચે ધસી આવ્યા હતા, જેમાં અનેક વાહનો દટાઈ ગયા હતા. ઘટના બાદ તરત જ વિવિધ એજન્સીઓ દ્વારા સંયુક્ત બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ગંદરબલના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ ખલીલ પોસવાલે જણાવ્યું કે ત્રણ વાહનો હિમપ્રપાતની ઝપેટમાં આવ્યા હતા. જોકે બચાવ ટીમ પહોંચી ગઈ છે અને તેણે કામગીરી આરંભીને ફસાયેલાઓને બચાવી લેવા પ્રયાસો હાથ ધર્યા છે.લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ જણાવ્યું હતું કે તેમણે સ્થાનિક સત્તાધીશોને તાત્કાલિક પગલાં લેવા સૂચના આપી છે. તેમણે એક્સ પર એક પોસ્ટમાં તેમણે હતું કે, જોજી લા ખાતે હિમપ્રપાતના દુર્ભાગ્યપૂર્ણ સમાચાર મળ્યા છે. મેં કારગિલના ડીસી અને એસએસપીને તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લેવા અને રાહત તેમજ બચાવ કામગીરી શરૂ કરવા નિર્દેશ આપ્યો છે. આપત્તિ રાહત દળો અને બીઆરઓ સહિતની તમામ સરકારી એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. હું વ્યક્તિગત રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું.

(ત્રીજા પાનાનું ચાલું)

### મુખ્યમંત્રી...

હતું કે, હાઉસિંગ બોર્ડના રહીશોના પ્રશ્નોને સરકાર સુધી પહોંચાડવા માટે આ મંચ એક સેતુ સમાન સાબિત થશે.

પેડક રોડ પર આવેલા ઓડિટોરિયમની અંદર અને બહાર લોકોની ભીડ ઉમટી પડી હતી. બપોરે ૧૨:૦૦ વાગ્યાથી જ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મુખ્યમંત્રીને પોતાની વચ્ચે જોઈને રહીશોમાં હરખની હેલી જોવા મળી હતી. આ આખો કાર્યક્રમ માત્ર ઓડિટોરિયમ પૂરતો મર્યાદિત ન રહ્યો, પરંતુ ટેકનોલોજીના માધ્યમથી હજારો લોકોએ ઘરે બેઠા લાઈવ નિહાળ્યો હતો.

'દાદાનો હેતનો હોંકારો' કાર્યક્રમ રાજકોટની સામાજિક અને રાજકીય સભાનતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ કાર્યક્રમ દ્વારા રહીશોને ખાતરી મળી છે કે તેમની સમસ્યાઓ અને તેમની જરૂરિયાતો માટે સરકાર અને સંગઠન બંને જાગૃત છે. અશોકભાઈ ગઢવીના નેતૃત્વ હેઠળ આ સફળ આયોજન બદલ સમગ્ર હાઉસિંગ બોર્ડમાં હર્ષની લાગણી છવાઈ છે.

### વોર્ડ નં.૫...

વોર્ડના અન્ય એક પૂર્વ કોર્પોરેટર રસિલાબેન સાકરીયાને જુથવાદ ભરખી જશે. આ વોર્ડમાં પટેલ, કોળી, માલધારી અને આહીર સમાજની વસતી વધુ છે. આવામાં વોર્ડના એક જ બેઠક ઓબીસી અનામત હોવા બે બેઠકો પરથી ભાજપ ઓબીસી સમાજને ટિકીટ આપશે તેવું મનાય રહ્યું છે.

કોંગ્રેસ માંથી વોર્ડ નં.૫ માં રણજીત મુંધવાની દાવેદારી મજબુત મનાય રહી છે. બાકી કેટલાક નેતાઓ પણ મેદાનમાં છે. આમ આદમી પાર્ટી દ્વારા ચાર પૈકી ત્રણ ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે. નીતાબેન અજાણી, અશોકભાઈ દુધાગરા અને જયદીપભાઈ ભદાણીયાને ટિકીટ આપવામાં આવી છે. હવે એક મહિલા ઉમેદવારનું નામ જાહેર કરવાનું બાકી છે.

### નાગરીક બેંક...

આગેવાન અશોકભાઈ લશ્કરીએ જણાવ્યું હતું કે, 'સહકારી બેંકની ડીપોઝીટ, લોન કે નફો આપણા બધાનો હોય છે. બધુ જ લગભગ સ્થાનિક લેવલે જ રહે છે. સંચાલકો પણ સ્થાનિક જ હોવાથી આપણી કોઈપણ રજુઆત સરળતાથી કરી શકાય છે. બેંકિંગના કોઈપણ વ્યવહારમાં કોઈ છુપો ચાર્જ વસુલાતો નથી. આપણે વધુને વધુ લોકો તેમાં જોડાઈએ અને સહુ સાથે મળીને આગળ વધીએ.'

ઉદ્‌ઘાટન સમારોહમાં સાંઈ સુખદેવલાલજી , માધવભાઈ દવે, અશોકભાઈ લશ્કરી, નરેન્દ્રસિંહ જાડેજા તેમજ બેંક પરિવારમાંથી દિનેશભાઈ પાઠક , જીવણભાઈ પટેલ , ડિરેકટરગણમાંથી હસમુખભાઈ ચંદારાણા, ચંદ્રેશભાઈ ધોળકીયા, અશોકભાઈ ગાંધી, જયોતિબેન ભટ્ટ, વિક્રમસિંહ પરમાર, ભૌમિકભાઈ શાહ, દેવાંગભાઈ માંકડ, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શૈલેષભાઈ ઠાકર, જીમ્મીભાઈ દક્ષીણી, હંસરાજભાઈ ગજેરા, વિજયભાઈ કોઠારી, વિનોદભાઈ લાઠીયા, વિનોદ કુમાર શર્મા , રજનીકાંત રાયચુરા ઉપરાંત રેલનગર શાખા વિકાસ સમિતિમાથી સુનિલભાઈ ટેકવાણી, ડો. હાર્દિકભાઈ નિમ્બાર્ક, સીએ. વિજયભાઈ પારવાણી ઉપરાંત કુસુમબેન ટેકવાણી , સીએ. નિકુંજભાઈ ધોળકીયા, નીતાબેન પંડિત, હિરલબેન જાની, મહેશભાઈ જાની, જશવંતભાઈ ભટ્ટ, અર્ચનાબેન જોષી, અલ્પાબેન દવે , બાબુભાઈ ઉધરેજા, ડો. ઉજાસભાઈ પારધી, સોનભાઈ અહુજા, હિતેશભાઈ દવે, દિલીપભાઈ કુંગસીયા, વિલાસબા સોઢા, ડો. ફુલકીતભાઈ બક્ષી, કિરીટભાઈ વાઘેલા , મથુરભાઈ સંચાણીયા, અનુરાધાબા ઝાલા, સાંઈ દશરથ મહારાજ, ટીકુભાઈ જાડેજા, ભરતભાઈ રેલવાણી , શાંતુભાઈ રૂપારેલીયા , વાલ્મીકી સમાજમાંથી દિનેશભાઈ ગોહેલ આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતાં.

### કાંતા સ્ત્રી વિકાસ ગૃહ...

એજ્યુકેશન એ આવકનો સ્ત્રોત હોઈ શકે છે, પરંતુ આધ્યાત્મિક અભ્યાસ એ જીવનમાં સાચી ખુશીનો સાચો સ્ત્રોત છે.'' તેમણે વધુમાં ઉમેર્યું કે જીવનમાં હેલ્થ, વેલ્થ અને હેપીનેસ ત્રણેય અનિવાર્ય છે. માત્ર સંપત્તિ હોવાથી સુખ મળતું નથી, માનસિક શાંતિ પણ એટલી જ જરૂરી છે.

મોબાઈલ અને ટેકનોલોજીના વધુ પડતા ઉપયોગ અંગે ચેતવણી આપતા તેમણે સચોટ શબ્દોમાં કહ્યું હતું કે, ''ટેકનોલોજી એક સારો સેવક છે, પણ જો તમે તેને તમારા પર હાવી થવા દો તો તે ખૂબ જ ખરાબ માલિક સાબિત થાય છે.'' આ કાર્યક્રમ દ્વારા દીકરીઓ કોઈ પણ વિપરીત પરિસ્થિતિમાં ડર્યા વગર હિંમતથી સામનો કરે અને પોતાના સંસ્કારોને જાળવી રાખીને જીવનમાં આગળ વધે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

(ચોથા પાનાનું ચાલુ)

### ધબકારો...

પ્રેક્ષકોને પોતાનો 'ધબકારો' સંભળાશે.

સાજિદ નડિયાદવાલાનું આ બેનર બોલિવૂડમાં 'છીછોરે', 'સુપર 30' અને 'હાઈવે' જેવી અર્થસભર ફિલ્મો માટે જાણીતું છે. હવે તેમના સાથથી ગુજરાતી ફિલ્મોના વિઝનને નવી ઊંચાઈ મળશે તેવું ફિલ્મ સાથે સંકળાયેલા પ્રતિનિધિઓએ ઉમેર્યું હતું. ૨૦૨૬નો ગુજરાત સ્થાપના દિવસ ગુજરાતી સિનેમા માટે ખરેખર યાદગાર સાબિત થશે.

### બી.એ.પી.એસ. મંદિરે...

સભાગૃહમાં ભગવાન સ્વામિનારાયણના ૨૪૫મા જન્મોત્સવની વિશિષ્ટ સભા યોજાઈ હતી.આ વિશિષ્ટ સભામાં યુવાનો દ્વારા પૂજ્ય અપૂર્વમુનિ સ્વામી સાથે 'માનવ ઉત્કર્ષના પ્રણેતા ભગવાન સ્વામિનારાયણ' વિષયક ડીબેટ દ્વારા ખૂબ સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

જન્મોત્સવનીસભાના તમામ ભકતોએ ભગવાન સ્વામિનારાયણના જન્મોત્સવને વધાવવા માટે મંદિર અને મંદિર પરિસર ફરતે સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. મંદિર પર શોભતી ભગવાન સ્વામિનારાયણની ૨૦ ફૂટની વિશાળ ચિત્ર પ્રતિમાએ નયનરમ્ય નઝારો ઉભો કર્યો હતો. સમૂહ આરતી વખતે મંદિર પરિસરમાં ઉપસ્થિત ભક્તોની દીપમાળા અને આકાશમાં આતશબાજીની હારમાળાએ ભવ્ય નજારો રચ્યો હતો. સમુહ આરતી બાદ ભક્તોએ ઘનશ્યામ મહારાજને પારણે ઝુલાવવાનો અને સમીપ દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો. અંતમાં સૌ ભકતો-ભાવિકો ભગવાન સ્વામિનારાયણના સંદેશ અને સ્મૃતિઓને સંભારી ભગવાનમાં જોડાવવાના દ્રઢ સંકલ્પ સાથે વિદાય થયા હતા.

જન્મોત્સવ ઉપક્રમે ઠાકોરજીની વૈદિક મહાપૂજાવિધિ યોજાઈ હતી. મહાપૂજાવિધિ બાદ સંતોએ ઠાકોરજીને જન્મોત્સવ પર્વે પંચામૃત અને કેસર જલાભિષેક કરી વધાવ્યા હતા. ત્યારબાદ નીલકંઠવર્ણી મંડપમાં નીલકંઠવર્ણી મહારાજની કેસર જલાભિષેક વિધિ સાથે સહજાનંદ નામાવલીનો પાઠ યોજાયો હતો. આજના જન્મોત્સવ પર્વે ભક્તોએ ભગવાનના વિશિષ્ટ નૂતન શણગાર દર્શન અને શણગાર આરતી દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ઉપસ્થિત ભકતોએ અક્ષરપુરૂષોત્તમ મહારાજને કેસર જળથી અભિષેક દ્વારા વધાવ્યા હતા.

સમગ્ર દિવસ દરમ્યાન કાલાવડ રોડ મંદિરે હજારો ભક્તો-ભાવિકોએ ભગવાન સ્વામિનારાયણને ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. આ દિવસે રાજકોટમાં નિર્મિત વિવિધ સંસ્કારધામોમાં પણ ભકતો-ભાવિકોએ અન્નકૂટ દર્શન અને આરતીનો લાભ લીધો હતો.

(૧૧માં પાનાનું ચાલુ)

### પૂ. જીજ્ઞેશદાદા

ભક્તોની સુવિધા માટે ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા શહેરના વિવિધ વિસ્તારો જેવા કે સ્પીડવેલ ચોક, કુવાડવા રોડ અને ભક્તિનગર સર્કલથી વિનામૂલ્યે બસ સેવા પૂરી પાડવામાં આવી છે. કથાની સાથે સાથે સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા શ્રીનાથજી કીર્તન, હાસ્યરસ અને સત્સંગ વણઝાર જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ સુંદર આયોજન કરાયું છે. વિશાળ ટીમ આ દિવ્ય આયોજનને સફળ બનાવવા રાત-દિવસ જહેમત ઉઠાવી રહી છે, જેના કારણે રાજકોટની ધર્મપ્રેમી જનતામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### 'મંચ એક, નાટકો અનેક'

સામાજિક વિષય પર આધારિત 'સ્ટિયરિંગ' નાટકે આજના સમયની વાસ્તવિકતા રજૂ કરી હતી.

રાજકોટના સ્થાનીક દિગ્દર્શકો હાર્દિક આસોડિયા, શમિક દવે અને ગૌતમ દવેના માર્ગદર્શન હેઠળ યુવા કલાકારોએ અદભૂત અભિનયના દર્શન કરાવ્યા હતા. મોડી રાત સુધી ચાલેલા આ ફેસ્ટિવલમાં નાટ્યપ્રેમીઓની ભારે ભીડ જોવા મળી હતી, જે સાબિત કરે છે કે ડિજિટલ યુગમાં પણ 'જીવંત નાટક' પ્રત્યે લોકોનો લગાવ અકબંધ છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, ''રંગભૂમિ એ સમાજનો અરીસો છે. રાજકોટની ધરતીએ અનેક દિગ્ગજ કલાકારો આપ્યા છે અને આવા ફેસ્ટિવલ દ્વારા નવી પેઢીને પ્લેટફોર્મ પૂરું પાડવાનો આ એક પ્રશંસનીય પ્રયાસ છે.'' ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર કાર્યક્રમનું 'અબ તક' ચેનલ અને ડિજિટલ માધ્યમો પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેને હજારો લોકોએ લાઈવ નિહાળી કલાકારોને બિરદાવ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ઉમેદવારોની પસંદગી...

નિયમની ચૂસ્તપણે અમલવારી કરવામાં આવશે તે નિશ્ચિત મનાય રહ્યું છે. આ ઉપરાંત ત્રણ ટર્મકે તેથી વધુ સમય જન પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા નેતાને પણ હવે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમા ટિકિટ આપવામાં આવશે નહીં આ નિયમમાં અમૂક વોર્ડમાં સમીકરણોનાં આધારે થોડી છૂટછાટ પણ આપી શકાય છે. જિલ્લા-મહાનગર કે તાલુકા મંડળમાં સંગઠનમાં સ્થાન ધરાવતા આગેવાનોને પણ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ટિકિટ નહી અપાય.

જો કોઈ કારણોસર ટિકિટની ફાળવણી કરવી પડે તેવી સ્થિતિમાં તેઓ પાસેથી સંગઠનના હોદેદારો પાસેથી રાજીનામા લઈ લેવામાં આવશે કોઈ પરિવારના બે કે ત્રણ સભ્યો વચ્ચે પણ ત્રણ ટર્મ થઈગઈ હોય તો પણ તેઓને ટિકિટ મળશે નહી હવે જોવાનું એ રહે છે કે ત્રણ કે તેથી વધુ વાર ટિકિટ આપવામા આવી હોય અને તે ઉમેદવાર એક કે બે વાર જન પ્રતિનિધિ તરીકે ચૂંટાયા હોય અને એકાદવાર ચૂંટણી હારી ગયા હોય તો તેની ત્રણ ટર્મ ગણાશે કે ચૂંટાયા હોય તે ટર્મને ધ્યાનમાં રાખવામાં આવશે તે અંગે પણ મોટો નિર્ણય લેવાઈ શકે છે. જે નેતા પદાધિકારીઓ તરીકે જવાબદારી નિભાવી ચૂકયા છે. તેઓને પણ ટિકિટ ન મળે તેવી શકયતા પણ દેખાય રહી છે. ટુંક સમયમા ભાજપ હાઈકમાન્ડ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે નિયમોની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી શકે છે.

સ્થાનીક સ્વરાજયની ચૂંટણી લડવા ઈચ્છુક કાર્યકરોને સાંભળવા અને તેઓની દાવેદારી સ્વીકારવા માટે આગામી દિવસોમાં પ્રદેશ નિરીક્ષકોના નામની જાહેરાત કરવામાં આવશે. નિરીક્ષકો પોતાને ફાળવેલા જિલ્લા અને મહાનગરોમાં રૂબરૂ થઈ દાવેદારોની સેન્સ લેશે. ચૂંટણી જાહેર થયાબાદ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થયાના બેથી ત્રણ દિવસ બાદ ભાજપ દ્વારા ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. ૨૭ ટકા ઓબીસી અનામતની અમલવારી બાદ રાજયમાં પ્રથમ વખત સ્થાનિક સ્વરાજયની મોટી ચૂંટણી યોજાઈ રહી હોય ભાજપ ઉમેદવારોની પસંદગીમાં ખૂબજ કાળજી રાખશે.

### મીડિયા ઈન્ચાર્જ...

ચોથા સ્તંભ એવા મિડિયાના માધ્યમ દ્વારા સાચી માહિતી જમીની સ્તર સુધી પ્રભાવી રીતે પંહોચતી કરવા તેઓએ મીડિયા વિભાગના કાર્યકર્તાઓને હાકલ કરી હતી. પરસ્પર સંવાદ થકી તેઓએ વિવિધ સંગઠનાત્મક મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રદેશના મુખ્ય પ્રવકતા ડો. અનિલભાઈ પટેલે આ કાર્યશાળામાં સમગ્ર રાજયમાથી પધારેલા ભાજપાના મીડિયા ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જ મીડિયા વિભાગ અંતર્ગત કરવાની થતી રોજિંદી કામગીરી સંદર્ભેની કાર્યપદ્ધતિ અંગે વિગતવાર છણાવટ કરી હતી અને સાચી અને સચોટ માહિતી મીડિયા દ્વારા જન જન સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું.

### ટેકાના ભાવે ખરીદી...

૧૫ જુલાઈ, ૨૦૨૬ સુધી કરવામાં આવશે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂત મિત્રોને અપીલ કરવામાં આવી છે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો, ૭/૧૨, ૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/અ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કા વાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત બેંક પાસબૂકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને જાણ મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે, જેની નોંધ લેવી. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહી કરવામાં આવે તેની ખેડૂત મિત્રોએ નોંધ લેવી.

નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

### ધોરાજી...

સાધનોની મદદથી ભારે જહેમત બાદ બસ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ઈજાગ્રસ્ત ૪ લોકોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલ ખસેડાયા છે, જેમાં કેટલાકની હાલત નાજુક હોવાથી વધુ સારવાર માટે જૂનાગઢની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, આ દુર્ઘટના પાછળ બસની એક્સેલ ભાંગી ગઈ હોવાથી અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પ્રભારી સચિવ...

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રાજેશ શંકરની નિયુકતી કરવામાં આવી છે.

આ ઉપરાંત તાપી જિલ્લાના પ્રભારી સચિવ તરીકે મિલિંદ તોરવણેની, વડોદરા જિલ્લાના પ્રભારી સચિવ તરીકે પી.સ્વરૂપની વલસાડ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રેમ્યા મોહનની છોટા ઉદેપુર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે પી.કે. સોલંકી અને વાવ-થરાદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે પી.ભારથીની નિયુકતી કરાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલ રાજયની ૬ મહાપાલિકા અને ૩૧ જિલ્લા પંચાયતોમાં વહીવટદાર શાસન અમલમાં છે. આવામાં પ્રભારી સચિવનો રોલ ખૂબજ મહત્વપૂર્ણ બની જાય છે.

### વારસાઈ નોંધ...

હોઈ શકે) પ્રત્યેક વહેંચણીના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડ્યુટી લેવાશે.

આ ઉપરાંત ખેતીની જમીનો માટે જે જોગવાઈ કરવામાં આવી છે તેમાં જે કિસ્સામાં સીધીલીટીના એક પણ વારસ હયાત ન હોય તો જ આડીલીટીના પ્રકારના એક કે વધુ વારસદારોની તરફેણમાં એક અથવા વધુ તબક્કાઓમાં હકક ઉઠાવવો, હયાતીમાં નામ/હક્ક દાખલ કરવા તથા વહેંચણી અંગે, ઉક્ત દર્શાવિલ પ્રત્યેક તબદીલી લેખ રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડ્યુટી વસુલી વિનિયમિત કરવાની રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ પ્રજાલક્ષી નિર્ણયના પરિણામે પરિવારના સભ્યો વચ્ચે મિલકત વહેંચણી સરળ બનવાથી કોર્ટ કેસ અને વિવાદોમાં ઘટાડો થશે, કાયદેસર દસ્તાવેજીકરણમાં વધારો થશે અને હાલમાં સ્ટેમ્પ ડ્યુટી વધુ હોવાથી જે ઘણા વ્યવહારો બિનદસ્તાવેજી રહે છે. તેમાં આ સુધારા પછી લોકો સરળતાથી નોંધણી કરાવશે.

એટલુ જ નહિ, ખેડૂતોને ખેતીની જમીનની વારસાઈ મિલકતના વહેંચાણમાં આર્થિક ભાર ઓછો પડવાથી મોટી રાહત મળશે અને પારદર્શિતા અને સ્પષ્ટતાનો ધ્યેય સાકાર થશે એટલે કે, હક્ક પત્રક વધુ સ્પષ્ટ બનશે અને જમીનના માલિકી હક્ક અંગેની ગેરસમજ ઘટશે. આ રૂ.૩૦૦/- ની સરળ સ્ટેમ્પ ડ્યુટીથી પ્રક્રિયા ઝડપી અને વ્યવહારિક બનશે અને લોકોને વ્યવહારોમાં વધુ સરળતા થવાથી ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ મળશે.

# ડી.પી.જોશી પબ્લિક લાઈબ્રેરી, ગ્રંથગોષ્ઠીની બેઠક મળશે

**અબતક, રાજકોટ**

રાજકોટની ડી.પી. જોશી પબ્લિક લાઈબ્રેરીના ઉપક્રમે શહેરના સાહિત્યરસિકો દર મહિને સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્ર, ૩-બાલમુકુંદ પ્લોટ્સ, રાજકોટ ખાતે 'ગ્રંથગોષ્ઠિ' સાહિત્યસભામાં એકત્ર થઈ વિવિધ ભાષાની ઉત્તમ સાહિત્ય કૃતિનો, સાહિત્યના ઉત્કૃષ્ટ કાર્યક્રમોની દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા પ્રસ્તુતિ તેમજ વિવિધ ક્ષેત્રના તજજ્ઞોની જ્ઞાનવાણીનો આસ્વાદ માણે છે. આ માસની ૩૨૪મી 'ગ્રંથગોષ્ઠિ' બેઠક તા.૦૧-૦૪-૨૦૨૬, બુધવારે સાંજના ૦૫-૦૦ વાગ્યે મળશે. આ બેઠકમાં જાણીતા કવિ સંજુ વાળા 'મારી સર્જન પ્રક્રિયા અને કવિતા' વિષય પર રસપ્રદ વાર્તાલાપ રજૂ કરશે.

# દુઃખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** કુસુમબેન વિનોદભાઈ નંદાણી (ઉ.વ.૮૫) તે ડો.વિનોદભાઈ તુલસીદાસ નંદાણીનાં પત્નિ, ડો.સમીરભાઈ, ડો.સંદિપભાઈના માતા તથા રીતુબેન, અમીબેનના સાસુનું તારીખ ૨૭.૦૩.૨૦૨૬ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતની પ્રાર્થના સભા : તારીખ ૨૯.૦૩.૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ કલાકે, રાષ્ટ્રિય શાળા, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટના ભરતભાઈ અંબારામજી દુધરેજીયા (ઉ.વ.૭૨) નું તા. ૨૬ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૩૦ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન સંતકુટીર, આનંદનગર કોલોની કવાર્ટર નં.૨ એલ-૧૭, નીલકંઠ સીનેમા સામેની શેરી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** પાળીયાદ નિવાસી, હાલ રાજકોટ નિવાસી રાજગોર બ્રાહ્મણ હર્ષદભાઈ બચુભાઈ ચાંવ (ઉ.વ.૬૧) તે સ્વ. બચુભાઈ વિઠલભાઈ ચાવના પુત્ર, ગાયત્રીબેન હર્ષદભાઈ ચાંવના પતિ, કિશોરભાઈ બચુભાઈ ચાંવ, ભગવતિબેન ચંદ્રકાંતભાઈ મહેતાના ભાઈ, નરશીભાઈ હરજીભાઈ શીલુના જમાઈનું તા. ૨૭ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૩૦ ને સોમવારે સાંજે ૪ થી ૬ દરમિયાન શિવશકિત કોલોની, રામેશ્વર મહાદેવ મંદિર, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** દશા સોરઠીયા વણિક પુષ્પાબેન શેઠ (ઉ.વ.૭૩) તે નાનાલાલ ભગવાનજી શેઠના પત્ની, સ્વ. વલ્લભભાઈ, સ્વ. ગુણવંતભાઈ, સ્વ. પ્રવીણભાઈના નાનાભાઈના પત્ની, પ્રદીપ, રાકેશ, સંકલ્પના કાકી, સ્વ. તારાબેન રમણિકભાઈ તલાટી, હસમુખભાઈ જગજીવન ઝવેરી, રશ્મિબેન રાજેશકુમાર માંડવીયાના બહેન, સ્વ. જયાબેન મોતીચંદ શેઠ, શારદાબેન રજનીકાંત સંઘાણીના ભાભીનું તા. ૨૭ના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા. ૨૮ને શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન તેમના નિવાસ સ્થાન સહારા એપાર્ટમેન્ટ, ધર્મજીવન સોસાયટી, ભકિતનગર શેરી નં.૧૨, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**રાજકોટઃ** મોહનભાઈ તન્ના તે સ્વ. પરષોતમભાઈ તન્નાના પુત્ર તે ઉર્મિલાબેન ભાવનાબેન, રેખાબેન, બીનાબેન, નીલાબેન, અનિલભાઈ તન્ના, હેતલબેન (પુત્રવધુ)ના પિતાનું તા. ૨૭ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું (ઉઠમણું) તા. ૩૦ ને સોમવારે સાંજે ૫ થી ૬.૩૦ દરમિયાન જાગનાથ મંદિર ડો. યાજ્ઞીક રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રાજકીય દાનમાં ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે એક વર્ષમાં રૂ.૩૦૯.૨ કરોડનું ફંડિંગ મળ્યું

## રૂ.૩૦૯.૨ કરોડના દાનમાંથી સૌથી વધુ ૩૦૮.૪ કરોડ રૂપિયા ભારતીય જનતા પાર્ટીને મળ્યું: ૮૧ ટકા દાન કોર્પોરેટ સેક્ટરમાંથી આવ્યું

**અબતક, નવી દિલ્હી**

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૨૦ હજાર રૂપિયાથી વધુના રાજકીય દાન અંગે એક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ રિપોર્ટ મુજબ, રાજકીય પક્ષોને દાન આપવા મામલે દિલ્હી અને મહારાષ્ટ્ર બાદ ગુજરાત ૩૦૯.૨ કરોડ રૂપિયા સાથે દેશમાં ત્રીજા ક્રમે રહ્યું છે. રાજ્યમાંથી મળેલા કુલ દાનમાંથી મોટો હિસ્સો શાસક પક્ષને ફાળે ગયો છે.

ગુજરાતમાંથી મળેલા કુલ ૩૦૯.૨ કરોડના દાનમાંથી સૌથી વધુ ૩૦૮.૪ કરોડ રૂપિયા ભારતીય જનતા પાર્ટીને મળ્યા છે. જ્યારે કોંગ્રેસને ૬૯ લાખ અને આમ આદમી પાર્ટીને ૧૦ લાખ રૂપિયાનું દાન મળ્યું છે. આ દાનના સોર્સની વાત કરીએ તો, કુલ દાનમાંથી ૨૫૦.૪ કરોડ રૂપિયા એટલે કે ૮૧ ટકા જેટલું દાન કોર્પોરેટ દાતાઓ તરફથી અને ૫૭.૫ કરોડ એટલે કે ૧૯ ટકા દાન વ્યક્તિગત રીતે આપવામાં આવ્યું છે. અન્યનો ફાળો નહિવત રહ્યો હતો.

રિપોર્ટના વિશ્લેષણ અનુસાર, આઠ કોર્પોરેટ સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલા ૧૨ દાનની રકમ ૧૩૦ કરોડ રૂપિયા થાય છે, જે કુલ દાનના ૪૨ ટકા છે. જેમાં સફલ ગોયલ રિયલ્ટી એલએલપીએ સૌથી વધુ ૪૫ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ અને નિરમા લિમિટેડે ૧૦-૧૦ કરોડનું દાન કર્યું છે. હાર્દિક અગ્રવાલ અને દિનેશચંદ્ર અગ્રવાલ દ્વારા ૧૦-૧૦ કરોડના બે દાન આપવામાં આવ્યા છે. તેમજ નડિયાદ સ્થિત કેદાર એગ્રો ન્યુટ્રીટેક એલએલપીએ ૫-૫ કરોડના ત્રણ દાન કર્યા છે. એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ અને હિમગિરી કોર્પોરેશન દ્વારા પણ ૫ કરોડ રૂપિયાનું દાન આપવામાં આવ્યું છે.

આ વર્ષના રિપોર્ટના આંકડાઓ દર્શાવે છે કે રાજ્યમાંથી કુલ ૬૭ દાતાઓ એવા છે જેમણે ૧ કરોડ રૂપિયાથી વધુનું દાન કર્યું છે. આ ૬૭ દાન પૈકી ૪૫ દાન ૧ કરોડથી ૨ કરોડ રૂપિયાની વચ્ચેના છે. જ્યારે ૧૦ દાન ૨.૫ કરોડથી ૪.૫ કરોડની વચ્ચે અને ૧૨ દાન એવા છે જે ૫ કરોડ કે તેથી વધુ રકમના છે. એડીઆરના આ વિશ્લેષણમાં એ પણ સામે આવ્યું છે કે રાજકીય પક્ષોને દાન આપનાર દાતાઓમાં મોટાભાગનો હિસ્સો ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બિલ્ડિંગ અને કોન્ટ્રાક્ટ, માઈનિંગ તેમજ સિમેન્ટ કંપનીઓનો છે.

માઁ ભગવતિને રાજી કરવા

# બોલબાલા મહાદેવ સેવા સમાજ દ્વારા રાંદલમાઁના ૧૦૮ લોટાનો ધર્મોત્સવ

## લોટા તેડાવવા કાર્યાલયે રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ

**અબતક, રાજકોટ**

રાજકોટના બોલબાલા મહાદેવજી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ભગવતીને રાજી કરવા સમુહ રાંદલમાંના ૧૦૮ લોટા ઉત્સવનું તા. ૫-૪-૨૬ રવિવારના દિવસે લોટા તેડવા માટે આયોજન કરવામાં આવેલ છે.

બોલબાલા મહાદેવજી સેવા સમાજ યજમાનોના સહયોગથી સવારે ૮ કલાકે રાંદલ માતાજીનું સ્થાપન રવિવારે વહેલી સવારથી મોડી રાત્રી સુધી માતાજીના દર્શન, પુજન અર્ચન મહિલા ધુન મંડળની બહેનો દ્વારા ધુન, કિર્તન, રાસ ગરબાની રમઝટ બોલાવવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા માં રાંદલને રાજી કરવાનો સર્વ યજમાનોના સઘળા મનોરથમાં પરીપુર્ણ કરે



તેવા ભાવ સાથે માતાજીને યાચના કરવામાં આવશે. આ અવસરે અનેક સહયોગી દાતાઓને સાથ સહકાર સાંપડી રહ્યો છે.

આ અવસરે ૩૦૦૦ કરતાં વધુ ગોરણીયાના પગ ધોવાનો, ૫૦૦ જેટલા ભાવિકો, યજમાન પરિવાર તેમજ ૫૦ જેટલા કાર્યકર્તા વગેરે માટે પુજન, ભોજન, પ્રસાદ તેમજ ગોરણીઓને આકર્ષક ગીફ્ટ વગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. બોલબાલા મહાદેવજી સેવા સમાજ દ્વારા બહેનો માટે વિશેષ સ્વરોજગાર અને સ્વાવલંબન હેતુસર મહેંદી, હેરકટીંગ, નેઈલ આર્ટ, બીપી સુગર હોમોગ્લોબીન ફ્રી ટેસ્ટ સહિતના અનેક સ્વરોજગાર લક્ષી કાર્યક્રમોના પ્રોજેક્ટ અંતર્ગત એકે બેકરી સામે એક્ટ્રેકશન એકેડમી, કુંડારીયા ફાઉન્ડેશન બી.ટી. સવાણી હોસ્પિટલ સહીત બ્યુટી પાર્લરના બહેનો સહયોગ સાંપડયો છે. બે લોટા તેડવા નો ખર્ચ માત્ર ૧૫૦૦/- ના ટોકન રુપે ભરવાના રહેશે. લોટા તેડવા માટે વહેલા તે પહેલાના ધોરણે બોલબાલા મુખ્ય કાર્યાલય ૩-મીલપરા મેઈન રોડ, રાજકોટ ખાતે રાંદલમાંના લોટા લખાવવા બોલબાલા ના પ્રમુખ જયેશ ઉપાધ્યાય મો.નં. ૯૩૭૪૧ ૦૩૫૨૦ પર સંપર્ક કરવા જણાવ્યું હતું.

# પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત વર્કશોપ યોજાયો

**અબતક, રાજકોટ**

આઈ.સી.ડી.એસ. શાખા રાજકોટ કોર્પોરેશન દ્વારા 'પોષણ સંગમ' કામગીરીને એક દિવસીય વર્કશોપનું ગવર્મેન્ટ પોલિટેકનિકલ કોલેજ ખાતે આયોજન કરવામાં આવ્યો હતો.

'પોષણ સંગમ' કાર્યક્રમની અમલવારીને વધુ અસરકારક અને શુદ્ધ બનાવવા આશ્રયથી એક દિવસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦ પગલાની વિસ્તૃત રીતે સમજ આપવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં ગવર્મેન્ટ પોલિટેકનિકલ કોલેજના પ્રિન્સિપાલ ડો.એસ.એ. પંડ્યા, આઈસીડીએસ શાખા કોર્પોરેશનના પ્રોગ્રામ ઓફિસર શારદાબેન, પ્રોફેસર પ્રિયાબેન સોરઠીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત બાળ વિકાસ યોજના અધિકારી જયશ્રીબેન સાકરીયા તેમજ પૂજાબેન જોશી, મુખ્ય સેવિકા, બ્લોક કો- ઓર્ડીનેટર ઈન્સ્ટ્રક્ટર તેમજ આંગણવાડીના તમામ કાર્યકર બહેનો, આઈસીડીએસ સ્ટાફએ આ કાર્યક્રમમાં સહભાગી થઈ સક્રિય યોગદાન આપ્યું હતું.

# ડીવાઈન ચેરી. ટ્રસ્ટ દ્વારા બુધવારે દંત યજ્ઞ અને બત્રીસી કેમ્પ

**અબતક,રાજકોટ**

સોમનાથ ખાતે દર મહિનાની ૧ લી તારીખે યોજાતા કેમ્પનો લાભ લેવા સોમનાથ ટ્રસ્ટ ના અગ્રણીઓ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ના અગ્રણીઓએ જણાવે છે કે સવારે ૯ થી ૧ "દંત યજ્ઞ અને દાંતની બત્રીસી ના કેમ્પ " નું આયોજન ટુરિસ્ટ ફેસેલીટી સેન્ટર લીલાવતી ગેસ્ટ હાઉસ પાર્કિંગ સામે,મુ.સોમનાથ ( પાટણ ) ખાતે કરવામાં આવેલ છે.જેમાં દાંત ના દર્દીઓને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ ના ડો.જયસુખ મકવાણા અને તેમની ટીમ,ડો.સંજય અગ્રાવત અને મોનિકા ભટ્ટ,જાગૃતિ ચૌહાણ દ્વારા તપાસી ૫૦ વૃદ્ધ વ્યક્તિઓને વિના મુલ્યે બત્રીસી નું માપ લેવાની વ્યવસ્થા કરેલ છે.

દાંત ના અન્ય રોગો ની તપાસ કરી સારવાર દવા વિતરણ પણ કરવામાં આવશે. જેમને બત્રીસી બનાવવી હોય તેમને આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે લાવવી. કેસ સવારે ૯ વાગે લખવામાં આવશે.

વધુ વિગત માટે મોનિકા ભટ્ટ - ૯૪૦૯૭૭૩૬૭૪ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# કંડક્ટર સાથે ડખ્ખો થતા ડ્રાઈવર બસ રેઢી મૂકી ભાગી ગયો: મુસાફરો રઝળી પડ્યા

## ડ્રાઈવરને સસ્પેન્ડ કરવા મુસાફર હિતરક્ષક સમિતિની ઉગ્ર રજૂઆત

**અબતક, રાજકોટ**

સુરત ગ્રામ્ય ડેપોની મોરબી સુરત રૂટની બસ ગઈકાલે સવારે ૬:૫૦ કલાકે મોરબી સુરત રવાના થયા બાદ મોરબી હાઉસિંગ પર ન જતા ત્યાંના પેસેન્જર રહી ગયાં હોય અને ડ્રાઈવર કંડકટરને આ બાબતે ઝઘડો થતાં ડ્રાઈવર ચરાડવા બસ મૂકીને જતા રહેલ જે ન આવતા સુરતની આ બસમાં રહેલા મુસાફરો હેરાન પરેશાન થયા હતા અને અંદાજે એકાદ કલાક વ્યવસ્થા કરવામાં મોડું થયું હતું.

મુસાફરોમાંથી ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગુજરાતના પ્રતિનિધિ ગજેન્દ્રસિંહ ઝાલા ને આ બાબતે મુસાફરો એ વાકેફ કરતા મોરબીના પ્રતિનિધિ પ્રવીણભાઈ જોશીને આ બાબતે તાત્કાલિક યોગ્ય કરવા અને મુસાફરોને પોતાના સ્થળે બસ મૂકી તાત્કાલિક વ્યવસ્થા કરવા જણાવ્યું હતું જે પગલે મોરબીના પ્રતિનિધિ દ્વારા સુરત ગ્રામ્યના ડેપો મેનેજર અને સુરત વિભાગીય નિયામકને આ અંગે તાત્કાલિક જાણ કરી અને ડ્રાઈવરને સસ્પેન્ડ કરવા અપીલ કરવામાં આવી હતી આ પ્રકારની બેદરકારી અને લાપરવાહી કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં નહીં આવે અકસ્માત થાય એ વાત અલગ છે પણ આ પ્રકારે ડ્રાઈવર કે કંડકટર પોતાની જવાબદારી ન સમજે અને મુસાફરોથી ભરેલી બસ મૂકી અને ભાગી જાય અને પછી આવે નહીંએ બાબત યોગ્ય નથી.

# આરટીઈ માટે સંતાનમાં એકમાત્ર દીકરી હોવાનું પ્રમાણપત્ર કોર્પોરેશન દ્વારા આપાશે

## ૪થી ૧૭ એપ્રિલ સુધી સેન્ટ્રલ અને વેસ્ટ ઝોન સિવિક સેન્ટર પરથી સર્ટિફિકેટ આપશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નબળા વર્ગના બાળકોના શિક્ષણ અર્થે શાળા પ્રવેશ અર્થેના રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ જુન - ૨૦૨૫ના સત્રના પ્રથમ ધોરણના પ્રવેશ અર્થેની જાહેરાત થયેલ છે જે જાહેરાતમાં જે માતા-પિતાને ફક્ત એક માત્ર દિકરી હોય તેઓને પ્રથમ ધોરણમાં પ્રવેશમાં અગ્રતા આપવાની જાહેરાત થયેલ છે.

આ જાહેરાત પૈકી જે માતા-પિતાને સંતાનમાં ફક્ત એક માત્ર દિકરી હોય અને તે દિકરીનો જન્મ તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૦/૦૫/૨૦૧૯ દરમ્યાન થયેલ હોય તેવા માતા-પિતા દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન અને વેસ્ટ ઝોન કચેરી ખાતેના સિવિક સેન્ટરમાંથી તા.૪ થી તા.૧૭ એપ્રિલ સુધી કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક સુધી પ્રમાણપત્ર આપવામાં આવશે. આ પ્રમાણપત્ર મેળવવા અર્થે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.RMC.GOV.IN માં ફોર્મસ મેનુમાંથી જન્મ મરણ વિભાગમાં આરટીઈ સિંગલ ગર્લ ચાઈલ્ડ ફોર્મ ડાઉનલોડ કરી તેની સાથે રજુ કરવાના પુરાવા પૈકી બાળકનું જન્મ પ્રમાણપત્ર, બાળકના માતા અને પિતાના આધાર કાર્ડ, કુટુંબનું રાશન કાર્ડ (જેમા બાળકનું નામ ફરજીયાત જરૂરી છે) તેમજ જો પુરાવાઓ રાજકોટ શહેર સિવાયના હોય તો રાજકોટ શહેરમાં જ્યાં રહેતા હોય તે જગ્યાનો રહેણાંકનો પુરાવો. તેમજ સાથે જોડેલ નમુના મુજબનું રૂ. ૫૦ ના સ્ટેમ્પપેપર ઉપર કરેલું નોટરાઈઝ્ડ સોગંદનામુ રજુ કરવાનુંરહેશે.

# એસજીવીપી ગુરૂકુલ ખાતે દ્વિતિય પાટોત્સવ ઉજવાયો

**અબતક, રાજકોટ**

એસ.જી.વી.પી. ગુરુકુલ વાવડી મંદિરના આંગણે દ્વિતીય પાટોત્સવ તથા શ્રીરામ નવમી ઉત્સવની અત્યંત ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ દિવ્ય પ્રસંગે મેમનગર ગુરુકુલથી ખાસ પધારેલા પૂજ્ય વિશ્વવિહારીદાસજી સ્વામીએ ઉપસ્થિત રહી ભકતોને રુડા આશીર્વાદ પાઠવ્યા હતા અને પ્રેરણાદાયી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ મહોત્સવમાં રીબડા ગુરુકુલના સંતો તેમજ અન્ય આમંત્રિત સંતોએ પણ વિશેષ



ઉપસ્થિત રહી ઉત્સવની શોભા વધારી હતી. ઉત્સવની શરૂઆતમાં તમામ ભાઈઓ અને બહેનોએ સાથે મળીને ભકિતભાવપૂર્વક ભગવાનનો ભવ્ય અભિષેક કર્યો હતો. આ અવસરે મહિલા ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં બહેનો પોતાના ઘરેથી ભગવાન માટે વિવિધ પ્રકારની શુદ્ધ વાનગીઓ બનાવી લાવ્યા હતા અને ભગવાન સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

મહોત્સવના અંતિમ ચરણમાં પૂજ્ય સંતો, મહોત્સવના યજમાનશ્રીઓ અને ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં મંદિરના શિખર પર ભકિતસભર વાતાવરણમાં ધ્વજારોહણ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ પધારેલા તમામ હરિભકતો સમૂહમાં મહાપ્રસાદ લઈ ધન્યતા અનુભવી છૂટા પડ્યા હતા. સમગ્ર આયોજનથી વાવડી ગુરુકુલ પરિસરમાં દિવ્યતા અને ભક્તિનો માહોલ છવાઈ ગયો હતો.

# રામભક્તોને નવાનાકા મિત્ર મંડળે સરબત પાઈ કોઠે આપી ટાઢક

## રામનવમીએ રાહદારીઓની કરાય સેવા



**અબતક, રાજકોટ**

રામનવમી નિમિતે નાવાનાકા રોડ મિત્ર મંડળ દ્વારા રાહદારીઓને રાહત મળે તેથી શરબત વિતરણ જેમાં ૩૦૦૦ લોકોએ લાભ લીધેલ આ સત્કાર્યમાં પ્રતિકભાઈ ટોલીયા, કેસરીભાઈ ગમારા, જયેશભાઈ કારીયા, પિયુષભાઈ સિંધી, સિધ્ધાર્થભાઈ શાહ, જીતુભાઈ શાહ તથા હર્ષિલભાઈ શાહ તથા રવિભાઈ સુરાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# બ્રહ્મ સમાજના વેપારીઓનું કાલે અતિથિ એક્ઝિબિશન

## ૫૦ સ્ટોલોમાં પસંદગીની વિશાળ રેન્જ સાથે સંગીત સંધ્યાનો સર્જાશે સમન્વય

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં સમગ્ર બ્રહ્મસમાજ ના એકતાના પ્રતિબિંબ આ વર્ષે એડવોકેટ હીરલબેન જાની દ્વારા એક અતિથી એક્ઝિબિશનનું તા. ૨૯/૦૩/૨૦૨૬ ને રવિવાર સવારે ૧૦ થી સાંજે ૮ સુધી વિરાણી સ્કુલ, વિરાણી ચોક, રાજકોટ ખાતે આયોજન કરેલ છે. જેમાં સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય દર્શીતાબેન શાહ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રાજકોટ શહેર ભા.જ.પા. અધ્યક્ષ માધવભાઈ દવે અને બાર કાઉન્સિલના નવનિયુક્ત મહિલા કારોબારી સભ્ય અમૃતાબેન ભારદ્વાજ તથા સુવિખ્યાત ન્યુરો સર્જન ડો. રાજેન્દ્ર ત્રિવેદી, અને ધારાશાસ્ત્રી પરેશભાઈ ઠાકર ખાસ ઉપસ્થિત રહી તેમના વરદ હસ્તે દિપપ્રાગટય કરી એક્ઝિબિશનને ખુલ્લુ મુકશે આ એકિઝબિશનમાં ફક્ત બ્રહ્મસમાજ ના અલગ-અલગ વ્યવસાય સાથે જોડાયેલ વેપાર ક્ષેત્રના સાહસિકોને પોતાનું નેટવર્ક વધારવાની શ્રેષ્ટ તક એકજ સ્થળે એક્ઝિબિશનના વેપાર માધ્યમથી મળે અને તેના વેપારને પ્રોત્સાહન મળે અને તેનો ઉત્સાહ વધે તે હેતુથી આ આયોજન કરવામાં આવેલ છે. આ આયોજનમાં ૫૦ થી વધુ સ્ટોલ રાખવામાં આવેલ છે. જેમાં અદભુત કલેક્શન ફેશન, વેડીંગ, જવેલરી અને લાઈફ સ્ટાઈલ પ્રોડકટ નું વિશાળ પ્રદર્શન અને અવનવી ડિઝાઈનર વેરાયટી દ્વારા તૈયાર કરાયેલ વસ્ત્રો અને આભુષણો ની લેટેસ્ટ ટ્રેન્ડસ નું વેચાણ થનાર છે. અને સાથે સાથે સાંજે ૫ થી ૮ સંગીત સંધ્યાનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં સીંગર અમીત દ્વીવેદી, મીલન પંડ્યા, કશ્યપ શુક્લ, ડો. પ્રીયંકા ત્રીવેદી, હેતલ ઠાકર, પોતાના સુરમાં સંગીત સંધ્યાને સુરમયી બનાવશે. આ આયોજનમાં વેપારીઓને પ્રોત્સાહીત કરવા પધારવા જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે. આ પ્રદર્શનનો મુખ્ય ઉદેશ્ય સ્થાનિક ગ્રાહકો એકજ સ્થળ ઉપર તમામ શ્રેષ્ટ વસ્તુઓ ઉપલબ્ધ કરાવવાનો અને વેપારને વેગ આપવાનો છે. વિશેષ માહીતી માટે હિરલ બેન જાની ટ મો.૮૩૨૦૮૬૭૩૦૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા આજે સાંજે અધ્યતન ટેલીસ્કોપ દ્વારા કરાવાશે 'આકાશ દર્શન'

## ટેલીસ્કોપથી ગુરૂ અને ઉપગ્રહોનો નજારો નિહાળવા મળશે

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન તેમજ મહાનગરપાલિકા સ્થાપિત અને સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત અને ગુજકોસ્ટ પુરસ્કુત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રેસકોર્સની બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા ૨૮ માર્ચે રોજ "અર્થ અવર" ની ઉજવણીના ભાગ સ્વરૂપે અધતન ટેલિસ્કોપ્સ દ્વારા જાહેર જનતા માટે આકાશ દર્શનનો કાર્યક્રમ યોજાનાર છે. આજે રાત્રે ૭.૩૦ થી ૯.૦૦ સુધી લોક વિજ્ઞાન કેન્દ્ર પ્રાંગણ, આર્ટ ગેલેરી સામે, રેસકોર્ષ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં ચંદ્ર તેમજ ગુરુ ગ્રહનું ટેલિસ્કોપિક નિદર્શન કરાવવામાં આવશે. ક્લબના વિશાળ ટેલિસ્કોપ્સ દ્વારા ચંદ્ર પરના મનમોહક ઉલ્કાગર્તો તેમજ ગુરુ ગ્રહના ૪ ઉપગ્રહો તેમજ તેની સપાટી પરના વાદળો સ્પષ્ટ જોઈ શકાશે. જાહેર જનતા માટેના આ નિઃશુલ્ક કાર્યક્રમનો લાભ લેવા સર્વે ખગોળ પ્રેમીઓને હાર્દિક આમંત્રણ આપ્યું છે.

# સોખડા ચોકડી નજીક પાર્સલની આડમાંથી રૂ.૬.૨૨ લાખનો મોંઘો દારૂ ઝડપાયો

## રાજસ્થાન ખાતેથી લોખંડના ૨૮ બેરલમાં સ્કોચ-વોડકાનો જથ્થો છુપાવી ટ્રાન્સપોર્ટમાં મોકલાયો'તો : પાર્સલ મોરબી પહોંચે તેં પૂર્વે જ પીસીબી ત્રાટકી

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે સોખડા ચોકડી નજીક બોમ્બે સુપર કોમર્શિયલ ઝોનમાં આવેલી ટ્રાન્સપોર્ટ ઓફિસમાં પાર્સલની આડમાં આવેલો રૂ. ૬.૨૨ લાખનો સ્કોચ દારૂ ભરેલા ૨૮ બેરલ મળી આવ્યા હતા. પીસીબી ટીમે અહીં દરોડો પાડી શરાબ કબ્જે કરી રાજસ્થાની સપ્લાયર અને મોરબી ખાતે દારૂનો જથ્થો મંગાવનાર શખ્સની શોધખોળ શરૂ કરી હતી.

દારૂના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર પીસીબી શાખાના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ જે હુણના માર્ગદર્શન હેઠળ શહેરી વિસ્તારમાં દારૂ જુગારની ગેરકાયદે પ્રવૃતિને નાબૂદ કરવા ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ સંતોષભાઈ મોરી અને હરદેવસિંહ જાડેજાને ખાનગી રહે હકીકત મળી હતી કે, સોખડા ચોકડીથી બેડી ચોકડી તરફ જતા રોડ ઉપર બોમ્બે સુપર કોમર્શિયલ ઝોન- ૧૮ ની સામે એસીપીએલ ટ્રાન્સપોર્ટ મેઈન ડેપો સૌભાગ્ય વેરહાઉસ નામના ગોડાઉનમાં બ્લુ કલરના લોખંડના બેરલમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો છુપાવવામાં આવેલ છે. જે હકીકત મળતાની સાથે પીએસઆઈ પી બી ત્રાજીયાની ટીમે દરોડો પાડી અલગ અલગ ૨૮ બેરલમાંથી રૂ. ૬, ૨૨,૬૮૦ ની કિંમતની મોંઘીદાટ શરાબની ૧૭૪ બોટલ કબજે કરી હતી.

દારૂ ભરેલા બેરલ પાર્સલ ઓફિસ ખાતે આવવા મામલે ટ્રાન્સપોર્ટ ઓફિસના કર્મચારીની પૂછપરછ કરતા આ પાર્સલ રાજસ્થાનના નિમરાણા ખાતેથી આવ્યું હોય અને મોરબી ખાતે મોકલવાનો હોય તેવી હકીકત મળી હતી. જેથી પીસીબીની ટીમે અલગ અલગ બે મોબાઈલ નંબર પરથી સપ્લાયર - રીસીવરની શોધખોળ શરૂ કરી હતી.

### છોટુનગર નજીકથી દારૂની ૩૨ બોટલ સાથે નાના મવાનો ચિરાગ જોષી ઝબ્બે

દારૂના અન્ય દરોડામાં ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ આર કે ગોહિલની ટીમના કોન્સ્ટેબલ તુલસીભાઈ ચુડાસમા અને સંજયભાઈ ખાખરીયા સહિતે બાતમીના આધારે હનુમાન મઢી ચોક, છોટુનગર મેઈન રોડ પરથી શંકાસ્પદ હાલતમાં ઉભેલ શખ્સને અટકાવી તેની પાસે રહેલા થેલાની ઝડતી કરતા તેમાંથી રૂ. ૧૪, ૪૦૦ ની કિંમત ની શરાબની ૩૨ બોટલ કબજે કરી દારૂની હેરાફેરી કરતા શખ્સ ચિરાગ કિશોરભાઈ જોશી (ઉવ ૨૮ રહે નાના મવા રોડ, હરિદ્વાર હાઈટ્સ વાળી શેરી, રાજકોટ)ની ધરપકડ કરી હતી.

# જય સરદાર યુવા ગ્રુપ દ્વારા બાપુનગર મુક્તિધામ ખાતે કાલે સામૂહિક અસ્થી પૂજન

**અબતક, રાજકોટ**


જય સરદાર યુવા ગ્રુપ દ્વારા બાપુનગર મુક્તિધામ ખાતે આખા વર્ષ દરમિયાન જે દિવંગતોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે, તેમના અસ્થિ કુંભનું હિન્દુ વિધિ મુજબ ગંગાજીમાં વિસર્જન કરતા પહેલા એક પવિત્ર પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અસ્થિ પૂજન વિધિ તારીખ ૨૯/૦૩/૨૦૨૬, રવિવારના રોજ સવારે ૭:૩૦ થી ૧૦:૩૦ દરમિયાન બાપુનગર મુક્તિધામ ખાતે યોજાશે. ત્યારબાદ, અસ્થિ વિસર્જનની પ્રક્રિયા ૫/૪/૨૦૨૬



ના રોજ હરિદ્વાર ખાતે 'હર કી પૌડી' મુકામે કરવામાં આવશે. આ પુણ્યશાળી પ્રસંગે દિવંગતના પરિવારજનો અને સ્નેહીજનોને ઉપસ્થિત રહેવા માટે ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મેગા ડિમોલીશનના એક મહિના બાદ હવે \ જંગલેશ્વરમાં ટી.પી. રોડને ડેવલપ કરવાનું કામ શરૂ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂ.૫.૭૬ કરોડના ખર્ચે જંગલેશ્વરના રોડના કામનું ખાતમુહુર્તઃ ચોમાસા પહેલા રોડ બની જશે



### લાલપરી તળાવના ડેવલોપમેન્ટ તથા બ્યુટીફિકેશનના રૂ.૧૭.૩૭ કરોડના સહિતના રૂ.૫૪૩.૮૯ કરોડના ૪૦ કામોનું ભૂમિપૂજનઃ રૂ.૨૦૭.૩૧ કરોડના પાંચ કામોનું લોકાર્પણ

**અબતક, રાજકોટ**

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા એક માસ પૂર્વ હાથ ધરવામાં આવેલા મેગા ડિમોલીશન બાદ આજે જંગલેશ્વરમાં ટીપી રોડને ડેવલપ કરવાના રૂ.૫.૭૬ કરોડના કામનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. લાલપરી તળાવને ડેવલપમેન્ટ અને બ્યુટીફિકેશન કરવાના રૂ.૧૭.૩૭ કરોડના કામનું પણ શિલાયન્સ કર્યું હતું.

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજકોટની મુલાકાતે છે. તેઓએ રાજકોટ મહાનગરપાલિકાના શહેરના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, પાણી વ્યવસ્થાપન મજબૂત બનાવવા, ડ્રેનેજ સુવિધા વિસ્તૃત કરવા, માર્ગ અને પ્રકાશ વ્યવસ્થા સુધારવા તેમજ નાગરિક સુવિધાઓ વધારવા માટે કુલ રૂ.૭૫૧.૧૯ કરોડના ૪૫ વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ થતા ખાતમુહુર્ત કર્યું હતું.

વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા કુલ રૂ.૨૦૭.૩૧ કરોડના ૫ મહત્વપૂર્ણ, આવાસ, પાણી અને સુએજ વ્યવસ્થાપન સંબંધિત પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રકલ્પો શહેરમાં વધતી વસ્તી અને વિસ્તરતા વિસ્તારમાં આધુનિક સુએજ ટ્રીટમેન્ટ અને પાણી સંગ્રહ સુવિધા મજબૂત બનાવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં નવા વિકાસકાર્યો હાથ ધરવા માટે કુલ રૂ.૫૪૩.૮૯ કરોડના ૪૦ પ્રકલ્પોના ખાતમુહુર્ત કરવામાં આવશે. આ પ્રકલ્પો વિવિધ વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવશે.

આ તમામ પ્રકલ્પો પૂર્ણ થતા શહેરમાં પાણી પુરવઠા વ્યવસ્થા મજબૂત બનશે, સુએજ ટ્રીટમેન્ટ ક્ષમતા વધશે. ડ્રેનેજ નેટવર્ક વિસ્તરશે, માર્ગ સુવિધાઓમાં સુધારો થશે તેમજ નાગરિકોને આધુનિક નગર સુવિધાઓ ઉપલબ્ધ બનશે. ઉપરાંત શહેરના વિસ્તરતા વિસ્તારોમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું થશે જે ભવિષ્યના આયોજન માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી તથા રાજકોટ જીલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યકક્ષા મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, સંસદસભ્ય પરસોત્તમભાઈ રૂપાલા, રાજ્યસભાના સંસદસભ્ય રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા ગરિમામય ઉપસ્થિતિ રહેશે.

# ભોઈકા કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરે ઉજવાશે હનુમાન જન્મોત્સવ

## ચૈત્ર સુદ પૂનમના પાટોત્સવમાં સવારથી રાત સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ભરમાર



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં રામ ભકતોની આસ્થાનું કેન્દ્ર ભોઈકા કષ્ટભંજન દેવ હનુમાન મંદિર ખાતે ૨એપ્રિલ ગુરૂવારે ૬૬મો પાટોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાશે સ્વામિનારાયણ ભગવાનના સાનિધ્યમાં બિરાજમાન કષ્ટભંજન દેવ નો જન્મ ઉત્સવ ચૈત્ર સુદ પૂનમ ૨ એપ્રિલના રોજ ઉજવાશે. અને સવારથી સાંજ સુધી અનેક ધાર્મિક કાર્યક્રમોની ભરમાર ચાલશે.

ભોઈકા ધામ નો પાટોત્સવ નો ઈતિહાસ જોઈએ તો અમૃતલાલ સોની ''અમુ દાદા''એ ૬૫ વર્ષ પૂર્વે મહોત્સવની શરૂઆત કરી હતી અને ત્યારથી નિરંતર આજની સુધી સેવા ચાલી રહી છે. ગુરૂવાર તા,૨એપ્રિલ ના રોજ સવારે૮ વાગે ધજા પૂજન આરતી ૧૦ વાગે મહાપ્રસાદ, બપોરે ૧૧ વાગ્યાથી રાત સુધી શોભાયાત્રા ૫ વાગ્યે ભજન કીર્તન,૮વાગે ધજા પૂજન કષ્ટભંજન દેવ ભજન મંડળ અમદાવાદથી ભોઈકા પગપાળા સંઘ મહા આરતી સાથે ૧૨ વાગે પહોંચશે ધર્મોત્સવ માંમા યજ્ઞના પાટલે સોની પાર્થ ભાઈ ભરતભાઈ, રાધિકાબેન પાર્થભાઈ બેસસે છ વાગે સંતોના આશીર્વાદ સાથેના આ કાર્યક્રમમાં લીમડી મંદિરના મહંત પ્રેમ વલ્લભ દાસ સ્વામી સેવા વત્સલ સ્વામી સોની કાંતિલાલ મોહનલાલ સોની કાંતાબેન કાંતિલાલ તરફથી સોની ભરતભાઈ કાંતિલાલ અને કાજલબેન ભરતભાઈ દિવ્યમ પાર્થભાઈ યજમાનપદ નો ધર્મ લાભ લેશે.

# કચ્છમાં એક દાયકા બાદ ગુંજ્યો ઘોરાડના બચ્ચાનો કલરવ

## 'ઓપરેશન એગ ટ્રાન્સફર' અને 'જમ્પસ્ટાર્ટ એપ્રોચ' દ્વારા રાજસ્થાનથી લાવેલા ઈંડાનું કચ્છમાં સફળ નેસ્ટ રિપ્લેસમેન્ટ

**અબતક, રાજકોટ**

ગુજરાતના કચ્છ જિલ્લાના અબડાસા વિસ્તારમાં એક દાયકાના લાંબા અંતરાલ બાદ 'ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' એટલે કે ઘોરાડના બચ્ચાનો જન્મ થયો છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ ઘટનાને વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે એક અભૂતપૂર્વ અને ગૌરવપૂર્ણ સફળતા ગણાવી છે. ગુજરાત અને રાજસ્થાનના વન વિભાગ, કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સંયુક્ત પ્રયાસોથી આ સિદ્ધિ હાંસલ થઈ છે.

કચ્છમાં ઘોરાડની વસ્તીમાં નર પક્ષીઓની ગેરહાજરીને કારણે માદા ઘોરાડ જે ઈંડા મૂકતી હતી તે અફલિત રહેતા હતા. આ સમસ્યાના ઉકેલ માટે 'ઓપરેશન એગ ટ્રાન્સફર' હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાંથી ઘોરાડનું એક ફલિત ઈંડું પોર્ટેબલ ઈન્ક્યુબેટરમાં મૂકીને ૧૯ કલાક સુધી સતત રોડ માર્ગે મુસાફરી કરાવીને સુરક્ષિત રીતે કચ્છ લાવવામાં આવ્યું હતું.આ સમગ્ર સફળતા પાછળ 'જમ્પસ્ટાર્ટ એપ્રોચ' નામની અત્યાધુનિક સંરક્ષણ પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો છે. ૨૨ માર્ચના રોજ કચ્છની માદા ઘોરાડના માળામાં રહેલા અફલિત ઈંડાને બદલે રાજસ્થાનથી લાવેલું ફલિત ઈંડું સાવચેતીપૂર્વક મૂકવામાં આવ્યું હતું. માદા ઘોરાડ દ્વારા આ ઈંડાનું કુદરતી રીતે સેવન કરવામાં આવ્યું અને ૨૬ માર્ચના રોજ તેમાંથી તંદુરસ્ત બચ્ચાનો જન્મ થયો હતો.



વર્ષ ૨૦૧૧માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ઘોરાડ પક્ષીઓના કુદરતી નિવાસસ્થાનના સંરક્ષણ માટે રજૂ કરાયેલા વિઝનને આધારે ૨૦૧૬માં 'પ્રોજેક્ટ જિઆઈબી' શરૂ કરવામાં આવ્યો હતો. રાજસ્થાનના સેમ અને રામદેવરા ખાતે સ્થાપિત બ્રીડિંગ સેન્ટરોમાં પક્ષીઓની સંખ્યા વધીને હવે ૭૩ સુધી પહોંચી છે, જે આ પ્રોજેક્ટની લાંબાગાળાની સફળતા દર્શાવે છે.હાલમાં વન વિભાગની ફિલ્ડ મોનિટરિંગ ટીમ દ્વારા માદા ઘોરાડ અને તેના નવજાત બચ્ચાનું ચોવીસ કલાક સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. વન મંત્રીએ આ અભિયાનને સફળ બનાવનાર વાઈલ્ડ લાઈફ ડિવિઝનના અધિકારીઓ અને વૈજ્ઞાનિકોની કામગીરીને બિરદાવી હતી. આ સફળતા ભારતના વન્યજીવ પર્યાવરણ જતનના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે.

# લાખાપાદરમાં મેઘાણી સ્મૃતિ શાળાનું કરાયું લોકાર્પણ

## રાષ્ટ્રીય શાયર જયાં ભણ્યા હતા તે શાળા બની મેઘાણી સ્મૃતિ કેન્દ્ર



**અબતક, રાજકોટ**

લાખાપાદર સ્થિત ઐતિહાસિક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા ખાતે મેઘાણી સ્મૃતિનું લોકાર્પણ અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પી. બી. પંડ્યાના હસ્તે કરવામાં આવ્યું હતું. તે સમયની આ ઐતિહાસિક પ્રાથમિક શાળામાં ૧૯૦૬માં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ અભ્યાસ કર્યો હતો. નવી પેઢી આપણી ગૌરવવંતી સંસ્કૃતિ-સાહિત્યની મહામૂલી વિરાસતથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્ર-ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય તે આશયથી ગુજરાત સરકાર પ્રેરિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત મેઘાણી સ્મૃતિની સ્થાપના ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.ના આર્થિક સહયોગથી કરવામાં આવી છે.ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ સંઘના ચેરમેન પરાગભાઈ ત્રિવેદી, જિલ્લા આંકડા અધિકારી ડી. એ. ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે. વી. મિયાણી, તાલુકા વિકાસ અધિકારી આર. એન. કલસરીયા, પ્રાથમિક શિક્ષણાધિકારી ભગિરથસિંહ ગોહિલ, બિચ્છુભાઈ વાળા, ગિગેશભાઈ હિરપરા, આચાર્યા રમીલાબેન સોલંકી અને શિક્ષકગણ, અગ્રણીઓ ધીરૂભાઈ ચોવટીયા, હસમુખભાઈ મહેતા અને વાલજીભાઈ પિત્રોડાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

જામનગર જિલ્લા કલેકટર તરીકે નિયુકતી પામેલા અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પી. બી. પંડ્યાનું ભાવભર્યુ અભિવાદન કરવામાં આવ્યું હતું.

મેઘાણી સ્મૃતિમાં મનોરમ્ય મેઘાણી-પ્રતિમા, 6x3x1 ફૂટના આકર્ષક કાચના કબાટમાં ઝવેરચંદ મેઘાણી કૃત ૧૦૦ જેટલાં પુસ્તકોનો મેઘાણી-સાહિત્ય કોર્નર તથા ઝવેરચંદ મેઘાણીના રેખાચિત્ર, હસ્તાક્ષર અને ઈતિહાસને આલેખતી 4.5x3.5 ફૂટની કાળા ગ્રેનાઈટની કલાત્મક મેઘાણી-તકતીની સ્થાપના કરવામાં આવી છે. પરિકલ્પના પિનાકી મેઘાણી, શિલ્પ-સ્થાપત્ય શિલ્પકારો મયુરભાઈ વાકાણી (તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટેલિવઝન સિરિયલના સુંદરલાલ), આનંદભાઈ ટીકે અને હેમાલીબેન વાકાણી તથા મેઘાણી-સાહિત્ય કોર્નર, મેઘાણી-તકતી અને મેઘાણી-પ્રદર્શનનું નિર્માણ વાલજીભાઈ પિત્રોડા એ કર્યુ.

# ભારત માટે પેટ્રોલિયમ લઈ જઈ રહેલા બે જહાજો હોર્મુઝમાંથી પસાર

## જહાજોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજોને હાઈ-એલર્ટ પર રાખવામાં આવ્યા

**અબતક, રાજકોટ**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષ અને દરિયાઈ નાકાબંધી વચ્ચે ભારત માટે એક સારા સમાચાર સામે આવ્યા છે. વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ સપ્લાય રૂટ ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માંથી ભારતના બે મોટા ઓઈલ ટેન્કર સુરક્ષિત રીતે પસાર થઈ રહ્યા છે. આ જહાજોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ભારતીય નૌસેનાના યુદ્ધજહાજોને હાઈ-એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં ભારત માટે પેટ્રોલિયમ ઉત્પાદનો લઈને વધુ જહાજો આ માર્ગ પરથી પસાર થવાના છે. ભારતીય નૌસેના આ જહાજોને સુરક્ષા કવચ પૂરું પાડી રહી છે જેથી દેશમાં પેટ્રોલ, ડીઝલ કે એલપીજીના પુરવઠામાં કોઈ વિક્ષેપ ન પડે. હોર્મુઝની ખાડી વૈશ્વિક ઉર્જા વ્યાપાર માટે અત્યંત મહત્ત્વની છે, કારણ કે વિશ્વના કુલ તેલ અને ગેસ પુરવઠાનો લગભગ પાંચમો ભાગ અહીંથી પસાર થાય છે.

તાજેતરમાં જ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટ કર્યું હતું કે ઈરાને ભારત, રશિયા, ચીન અને પાકિસ્તાન જેવા 'મિત્ર રાષ્ટ્રો'ના જહાજોને આ દરિયાઈ માર્ગ પરથી સુરક્ષિત અવરજવરની મંજૂરી આપી છે. ઈરાન દ્વારા કરવામાં આવેલી નાકેબંધીને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે, પરંતુ ભારતીય જહાજો માટે આ માર્ગ ખુલ્લો રહેવો એ મોટી જીત સમાન છે.

# વિશાખાપટ્ટનમથી આવતી ફ્લાઈટનું દિલ્હી એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગઃ તમામ મુસાફરો સુરક્ષિત

## રનવે ૨૮ પર ફુલ ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી હતી, જો કે પાયલટની સુઝબુઝ અને એરપોર્ટ પ્રશાસનની સતર્કતાને કારણે એક મોટી દુર્ઘટના ટળી ગઈ

**અબતક, રાજકોટ**

દિલ્હી એરપોર્ટના રનવે ૨૮ પર ફુલ ઈમરજન્સી લગાવવામાં આવી છે.ઈન્ડિગોની ફ્લાઈટને લઈને ફુલ ઈમરજન્સી લાગુ કરવામાં આવી છે. પ્લેન વિશાખાપટ્ટનમથી દિલ્હી આવી રહ્યું હતું. આ પ્લેનનું એન્જિન ફેલ હોવાની આશંકા છે. આ ફ્લાઈટનું દિલ્હી એરપોર્ટ પર સુરક્ષિત લેન્ડિંગકરવામાં આવ્યું છે. તમામ યાત્રીઓ સુરક્ષિત છે. એરપોર્ટ પર આ સૂચના મળતા જ ફાયર ફાઈટર્સને પણ તૈનાત રાખવામાં આવ્યા હતા.

રનવે ૨૮ પર ફુલ ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી હતી. જો કે પાયલટની સુઝબુઝ અને એરપોર્ટ પ્રશાસનની સતર્કતાને કારણે એક મોટી દુર્ઘટના ટળી ગઈ.

ફાયર ડિપાર્ટમેન્ટ અનુસાર, શનિવારે સવારે ૧૦.૫૩ વાગ્યે ઈમરજન્સી કોલ આવ્યો હતો. ટીમને એલર્ટ પર રાખવામાં આવી હતી, જોકે એરક્રાફ્ટ ૧૦૫૯ વાગ્યે સુરક્ષિત રીતે લેન્ડ થઈ ગયું છે.જાન્યુઆરી ૨૦૨૫ થી દેશની છ મુખ્ય એરલાઈન્સના કુલ ૭૫૪ વિમાનોની ટેકનિકલ તપાસ કરવામાં આવી. તેમાંથી ૩૭૭ વિમાનોમાં વારંવાર આવતી ખામીઓ ઓળખાઈ. એટલે કે, એક જ ખામી વારંવાર સામે આવી, ભલે તેને પહેલાં ઠીક કરવામાં આવી હતી.

# સરગમી ઈવનિંગ પોસ્ટના બુઝુર્ગો સાત-સાત સંગીત સંધ્યાઓનો માણશે આનંદ

## પ્રખ્યાત કલાકારો, ઓરકેસ્ટ્રા ગ્રુપની જમાવટ અને સુંદર આયોજનથી કાર્યક્રમમાં આવશે જમાવટ

**અબતક, રાજકોટ**

રાજકોટના સરગમ કલબની ઈવનિંગ પોસ્ટના બુઝુર્ગો માટે સાત-સાત સંગીત સંધ્યાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં ૩૦/૩/૨૬ને સોમવાર ૫:૩૦ કલાકે 'આર.ટી.મ્યુઝિકલ ગ્રુપ' મંગળવારે ૫:૩૦ કલાકે 'ચંદન મ્યુઝિકલ ગ્રુપ' ૧/૪ બુધવારે ૫:૩૦ કલાકે 'મેલોડી માસ્ટર મ્યુઝિકલ ગ્રુપ', ૨/૪/૨૬ને ગુરૂવારના રોજ ૫:૩૦ કલાકે 'શિવ શે. શૂર ગ્રુપ', ૩/૪/૨૬ને શુક્રવારે ૫:૩૦ કલાકે 'જનકાર કરાઓકો ગ્રુપ', ૪/૪/૨૬ને શનિવારે ૫:૩૦ કલાકે 'શ્રુતિ વંદના ગ્રુપ' ૫/૪/૨૬ને રવિવારે ૫:૩૦ કલાકે 'ઓમકાર મ્યુઝિકલ ગ્રુપ' દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, રમેશભાઈ વિસવાડિયા, ચંદ્રેશભાઈ ચૌહાણ, ઈતુભાઈ સવાણી, સુમનબેન બારિયા, સલીમભાઈ ચાનીયા, મનીષભાઈ વ્યાસ તેમજ જગદીશભાઈ રાણપરા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# હાપા- માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ મંગળવારે શહીદ કેપ્ટન તુષાર મહાજન સ્ટેશન સુધી જશે


**અબતક, રાજકોટ**

ઉત્તર રેલવેના જમ્મુ તવી ડિવિઝનના જમ્મુ તવી- માતા વૈષ્ણોદેવી કટરા સેક્શનમાં ચાલી રહેલા વિદ્યુતિકરણ કાર્ય અને ટ્રાફિક બ્લોકને કારણે, તારીખ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ હાપાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૨૪૭૫, હાપા- માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ તેના નિર્ધારિત ગંતવ્ય સ્થાન સુધી ન જતા માત્ર શહીદ કેપ્ટન તુષાર મહાજન સ્ટેશન સુધી જ દોડાવવામાં આવશે.પરિણામે, આ ટ્રેન શહીદ કેપ્ટન તુષાર મહાજન સ્ટેશન અને માતા વૈષ્ણોદેવી કટરા સ્ટેશન વચ્ચે (આશરે ૨૫ કિલોમીટર) આંશિક રીતે રદ રહેશે. આ સમયગાળા દરમિયાન ટ્રેનનું માતા વૈષ્ણોદેવી કટરા સ્ટેશન પર સ્ટોપેજ રહેશે નહીં.રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન અંગેની નવીનતમ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry. indianrail. gov.in ની મુલાકાત લે, જેથી કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.

# વડાપ્રધાન મંગળવારે ગુજરાતને આપશે રૂ.૫,૨૯૫ કરોડના ૪૪ વિકાસ પ્રકલ્પોની ભેટ

## શહેરી વિકાસનો રચાશે નવો ઈતિહાસઃ અમદાવાદમાં જ રૂ.૪,૬૪૦ કરોડના ૩૨ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્તઃ ગરીબ અને મધ્યમ વર્ગના હજારો પરિવારોનું ઘરનું સપનું થશે સાકાર

**અબતક, રાજકોટ**



ગુજરાતના શહેરી વિકાસના ઈતિહાસમાં વધુ એક સુવર્ણ સોપાન ઉમેરાવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૧ માર્ચના રોજ ગુજરાતની મુલાકાત દરમિયાન રાજ્યના શહેરી વિસ્તારોમાં જનસુખાકારી અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચરને વેગ આપતા કુલ રૂ ૫,૨૯૫.૫૪ કરોડના ૪૪ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ મુલાકાત દરમિયાન રૂ૧,૮૬૮ કરોડના ૧૮ કામોનું લોકાર્પણ અને રૂ૩,૪૨૭ કરોડના ૨૬ નવા કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આ મુલાકાતમાં સૌથી વધુ અમદાવાદ મહાનગરપાલિકાના રૂ૪,૬૪૦ કરોડના ૩૨ પ્રકલ્પો પર મંજૂરીની મહોર વાગશે. જેમાં રૂ૮૧૧ કરોડના ખર્ચે તૈયાર થયેલ ખારીકટ કેનાલ ડેવલપમેન્ટ (પેકેજ ૧, ૨, ૩)નું લોકાર્પણ અને રૂ૧,૦૬૧ કરોડના ખર્ચે ફેઝ-૨નું ખાતમુહૂર્ત મુખ્ય આકર્ષણ રહેશે. આ ઉપરાંત, અમદાવાદમાં બીઆરટીએસ અને એએમટીએસ માટે રૂ૪૬૭ કરોડની આધુનિક એટીએમએસ ૨.૦ સિસ્ટમ, સુભાષ બ્રિજનું નવનિર્માણ અને ઓલિમ્પિક-૨૦૩૬ની તૈયારીઓના ભાગરૂપે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે વોટર લાઈન શિફ્ટિંગ જેવા મહત્વના કામો હાથ ધરાશે.

આવાસ યોજના અને જનસુવિધા પર ભાર

વડાપ્રધાન ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ તૈયાર થયેલા હજારો મકાનોનું લોકાર્પણ કરશે. અમદાવાદના નિકોલ, નરોડા, ગોતા અને અસારવા સહિતના વિસ્તારોમાં ઈડબલ્યુએસ આવાસોનું લોકાર્પણ થતા હજારો પરિવારોને પોતાનું ઘર મળશે. ગાંધીનગર મહાનગરપાલિકા અને 'ગુડા' હેઠળ પણ અંદાજે રૂ ૫૭૭ કરોડના ખર્ચે આવાસ યોજના, ડ્રેનેજ નેટવર્ક અને વર્કિંગ વુમન હોસ્ટેલ જેવા પ્રકલ્પો સાકાર થશે.

ઐતિહાસિક નગરી વડનગરના વારસાને જાળવવા રૂ૩૪.૪૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા 'હેરિટેજ ટાઉન' અને માર્ગ સૌંદર્યીકરણ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવશે. સાથોસાથ પાટણ શહેરમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા ૪૩ કરોડના ખર્ચે બનેલા ૮૯૮ મીટર લાંબા રેલવે ઓવરબ્રિજનું પણ લોકાર્પણ વડાપ્રધાનના હસ્તે થશે, જેનાથી અંદાજે બે લાખ લોકોને ઝડપી મુસાફરીની સુવિધા મળશે. રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા આ તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. વડાપ્રધાન આ મુલાકાત ગુજરાતના શહેરી માળખાને વૈશ્વિક સ્તરે વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાની દિશામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# મેળવીને મળે તે સુખ, આપીને મળે તે આનંદ : પૂ. જીગ્નેશદાદા

## પૂ. જીગ્નેશદાદાના વ્યાસાસને શ્રીમદ ભાગવત મોક્ષગાથાનો ભવ્ય પ્રારંભ, હજારો ભક્તો ભક્તિમાં રસતરબોળ




તસવીરઃ શૈલેષ વાડોલિયા

### લક્ઝરી કારો અને બગીઓ સાથેની ભવ્ય પોથીયાત્રામાં જનસૈલાબ

રાજકોટના રાજમાર્ગો પર નીકળેલી ભવ્ય પોથીયાત્રા ભક્તિ અને વૈભવનો અદભૂત સંગમ બની રહી હતી. જાગનાથ મહાદેવ મંદિરથી રેસકોર્સ મેદાન સુધી યોજાયેલી આ યાત્રામાં વિન્ટેજ ઓડી, મર્સિડીઝ જેવી લક્ઝરી કારો સાથે પરંપરાગત ઘોડાગાડી અને બગીઓએ આકર્ષણ જમાવ્યું હતું. અદ્યતન સાઉન્ડ સિસ્ટમ, ડીજે અને ઢોલ-નગારાના તાલે હજારો ભાવિકો અવનવા પહેરવેશમાં રાસ-ગરબાની રમઝટ બોલાવતા જોડાયા હતા. સમગ્ર યાજ્ઞિક રોડ 'રાધે-રાધે'ના ગુંજારવથી ભક્તિમય બની ગયો હતો, જેમાં તમામ સમાજના અગ્રણીઓ અને ભાવિકોએ અત્યંત ઉત્સાહપૂર્વક જોડાઈને પોથીજીનું ભવ્ય સ્વાગત કર્યું હતું.









**અબતક, રાજકોટ**

રાજકોટની સંસ્કારી નગરીમાં સર્વજ્ઞાતિ પિતૃઓના મોક્ષાર્થે અને તથાસ્તુ વિદ્યાપીઠ અને રાધે-રાધે પરિવાર દ્વારા આયોજિત 'શ્રીમદ ભાગવત મોક્ષ ગાથા'નો રેસકોર્સ મેદાન ખાતે ભવ્ય પ્રારંભ થયો છે. તા. ૨૭ માર્ચથી ૨ એપ્રિલ સુધી દરરોજ સાંજે ૪ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી ચાલનારી આ કથાના પ્રથમ દિવસે દીપ પ્રાગટ્ય સાથે મંગલચરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને પ્રથમ દિવસે જ જાગનાથ મહાદેવ મંદિરથી રેસકોર્સ સુધી નીકળેલી શાહી પોથીયાત્રામાં વિન્ટેજ લક્ઝરી કારો, બગી અને ઢોલ-નગારાના તાલે ભક્તો ભાવવિભોર બન્યા હતા.

વ્યાસપીઠ પરથી પૂજ્ય જીજ્ઞેશદાદાએ કથાનો પ્રારંભ કરતા ભગવાન રામના ચરણોમાં વંદના કરી રામનવમીનો મહિમા ગાયો હતો. તેમણે જણાવ્યું હતું કે, માનવ મનને શુદ્ધ કરવા માટે ભાગવત સિવાય બીજું કોઈ શ્રેષ્ઠ માધ્યમ નથી. ભાગવત જ્ઞાન એ અજ્ઞાનના અંધકારને દૂર કરનારું અને માનવીની મનોકામનાઓ પૂર્ણ કરનારૂ છે. આ પવિત્ર ગ્રંથ સત્યની ખોજ છે અને જ્યાં સુધી પૃથ્વી પર ભાગવત રહેશે ત્યાં સુધી કલિયુગનો પ્રભાવ વર્તાશે નહીં. ભગવાન શ્રીકૃષ્ણએ ભાગવતનું જ્ઞાન આપીને જગત પર મોટો ઉપકાર કર્યો છે તેમ દાદાએ પોતાની દિવ્યવાણીમાં સમજાવ્યું હતું.

આ ધાર્મિક મહોત્સવમાં ઉપસ્થિત સ્વામિનારાયણ મંદિર (કાલાવડ રોડ)ના અપૂર્વમુનિ સ્વામીએ આયોજનની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, સાંપ્રત સમયમાં જો નવી પેઢી ભાગવત શાસ્ત્રને અપનાવે તો સમાજની અનેક સમસ્યાઓ આપોઆપ હલ થઈ શકે છે. માનસિક ભ્રમણામાં રાચતા લોકો માટે ભાગવતનો સંદેશ આશીર્વાદરૂપ છે. આ પ્રસંગે રાધારમણ સ્વામી, વિવેકસાગર સ્વામી સહિતના સંતો તેમજ મુખ્ય મનોરથીઓ રાજુભાઈ પોબારુ, મનીષભાઈ માદેકા, હિરેનભાઈ ખખ્ખર, સુધીરભાઈ દુબલ અને અકિલા પરિવારના કિરણબેન ગણાત્રા સહિતના મહાનુભવોએ વ્યાસપીઠના આશીર્વાદ લીધા હતા. (અનુ. આઠમા પાને)

### ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા કથા સ્થળ સુધી પહોંચવા વિનામૂલ્યે બસ સેવા

વિવિધ વિસ્તારોમાંથી ભાવિકો કથા સ્થળ રેસકોર્સ સુધી સરળતાથી પહોંચી શકે તે માટે ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલ તરફથી દરરોજ સાંજે ૭ વાગ્યે વિનામૂલ્યે બસ સેવા પૂરી પાડવામાં આવશે. આ સુવિધાનો લાભ લેવા માટે શહેરના મુખ્ય પોઈન્ટ્સ જેવા કે સ્પીડવેલ ચોક, સ્વામિનારાયણ ચોક, કુવાડવા રોડ ડી-માર્ટ, ભક્તિનગર સર્કલ, આકાશવાણી ચોક, મહુડી ચોકડી, જલિયાણ ચોક અને રેલ નગર ખાતેથી કથા સ્થળ સુધી જવા માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી ભક્તો સમયસર કથા શ્રવણનો લાભ લઈ શકે.

# વિશ્વ રંગભૂમિ દિવસે 'મંચ એક, નાટકો અનેક' થિયેટર ફેસ્ટિવલ સંપન્ન





## સમયસર, ઘોરે બાહિરે, સ્ટિયરિંગ, યુધિષ્ઠિર જેવા નાટકોને નાટ્યપ્રેમીઓ રસભેર માણ્યા

**અબતક,રાજકોટ**

શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી નાટય પ્રવૃત્તિમાં ઘણા સારા પ્રોજેકટ થઈ રહ્યા છે, ત્યારે વિશ્વ રંગભૂમિ દિવસે 'મંચ એક નાટકો અનેક' શિર્ષક તળે થિયેટર ફેસ્ટિવલ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં સતત ચાર કલાક સુધી પાંચ એકાંકી નાટકોનું મંચન થયું હતુ. નાટ્ય પ્રેમી જનતાએ નાટકોનો ભરપૂર આનંદ માણ્યો હતો.

આ ફેસ્ટિવલમાં સમયસર, ઘોરેબાહિરે, સ્ટિયરિંગ, યુધિષ્ઠિર યુધ્ધવિષાદ અને મિત્ર, માર્ગ અને માધવ નાટકો રજૂ થયા હતા. બધાજ નાટકોમાં યુવા કલાકારોએ સુંદર અભિનય આપ્યો હતો.

આ નાટક ફેસ્ટિવલમાં જીલ્લા યુવા વિકાસ અધિકારી હિતેષભાઈ દિહોરા, અબતકના સિનિયર રિપોર્ટર અરૂણ દવે, શૈલેષ ટેવાણી, કૌશિક સિંધવ, નયન ભટ્ટ, ભરત ત્રિવેદી, અરવિંદ રાવલ, મનીષ પારેખ, પરેશ પોપટ, દિનેશ બાલાસરા, નિર્લોક પરમાર, જતીન ભટ્ટ, સુનિલ ઓઝા, રાજુ યાજ્ઞીક અને મૃણાલીની ભટ્ટ જેવા મહાનુભાવો હાજર રહીને યુવા કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા.

રિપોર્ટરઃ અરૂણ દવે
તસ્વીરઃશૈલેષ વાડોલિયા

સમગ્ર કાર્યક્રમ સંચાલન ચેતસ ઓઝા એ કરેલ જયારે આભાર વિધી ગૌતમ દવેએ કરેલ હતી. આ નાટ્ય ઉત્સવમાં ફેક સ્માઈલ પ્રોડકસન્સ, થિયેટર એકશન સ્ટુડિયો, શિવમ ફાઉન્ડેશન, આત્મીય કોલેજ ગ્રુપ અને નવજીવન આર્ટ દ્વારા પ્રસ્તૃત નાટકો રજૂ થયા હતા.વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે રાજકોટના શૈક્ષણિક અને સાંસ્કૃતિક હાર્દ સમાન વિરાણી હાઈસ્કૂલ ખાતે ભવ્ય 'રાજકોટ થિયેટર ફેસ્ટિવલ' યોજાયો હતો. આ મહોત્સવમાં ''એક મંચ, નાટકો અનેક'' ની થીમ હેઠળ શહેરની વિવિધ નાટ્ય સંસ્થાઓએ પોતાની શ્રેષ્ઠ કૃતિઓ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી, ત્યારબાદ મંચ પર એક પછી એક દમદાર પ્રસ્તુતિઓ થઈ હતી. ઉમાશંકર જોશી લિખિત 'યુધિષ્ઠિર યુદ્ધવિષાદ' નાટકે પ્રેક્ષકોને મહાભારતના કાળમાં લઈ જઈ યુદ્ધની ભયાનકતા અને પશ્ચાતાપનો અહેસાસ કરાવ્યો હતો, તો બીજી તરફ 'મિત્ર, માર્ગ અને માધવ' તેમજ (અનુ. આઠમા પાને)

### 'અબતક' ચેનલ અને ડિજિટલ પ્લેટફોર્મ પર હજારો દર્શકોએ માણ્યો કલાનો ઉત્સવ

# કલા ક્ષેત્રે કારકિર્દી બનાવવા સરકાર પાસે યોજનાઓ છે 'ખજાનો': હિતેષભાઈ દિહોરા

## પ્રાચીન સંગીત વાદ્યો, લુપ્ત થતી કલાઓનાં સંવર્ધન માટે વિવિધ તાલીમ પ્રોજેકટની માહિતીની અબતક 'ચાય પે ચર્ચા'માં થયું મંથન

**અબતક,રાજકોટ**

ગુજરાત સરકારનાં યુવક-સેવા અને સંસ્કૃતિક વિભાગ દ્વારા યુવા કલાકારોને પ્રોત્સાહન આપવા વિવિધ યોજના અમલમાં છે, જેનો લાભ નવા કલાકારો લઈને કલા ક્ષેત્રે આગળ વધી રહ્યા છે. નાટયકલા, ચિત્રકલા, ટ્રેકીંગ, લેખન કલા જેવી વિવિધ કલાની તાલિમ આપીને પણ તેને નિપુણ બનાવવામાં આવે છે. લુપ્ત થતી આપણા ગુજરાતની વિવિધ કલાના સંવર્ધન માટે પણ આ કચેરી સંપૂર્ણ સાથ સહકાર સાથે ગ્રાન્ટ આપી રહી છે. આપણી ગુજરાતની સંસ્કૃતિના વિવિધ પ્રાચિન વાદ્યોના કલાકારોને પ્રોત્સાહન આપીને ફરી જીવંત કરાય છે.અબતકના સ્પેશિયલ કાર્યક્રમમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશભાઈ દિહોરાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૧૯૭૨થી રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ કાર્યરત છે, જે શરૂઆતમાં શિક્ષણ વિભાગ હેઠળ હતો પરંતુ હવે તે સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. આ વિભાગ હેઠળ હાલમાં લાઈબ્રેરી, પુરાતત્વ અને રમત-ગમત જેવી કુલ આઠ મહત્વની કચેરીઓ કાર્યરત છે.

રિપોર્ટરઃ અરૂણ દવે
તસ્વીરઃશૈલેષ વાડોલિયા



ખાસ કરીને નિવૃત્ત કલાકારો માટે સરકાર દ્વારા પેન્શન યોજના અમલમાં મૂકવામાં આવી છે, જે લાંબા સમયથી બંધ હતી તેને પુનઃ શરૂ કરીને વર્ષો સુધી કલાની સેવા કરનાર નિરાધાર કલાકારોને આર્થિક ટેકો પૂરો પાડવામાં આવે છે.નાના અને ઉભરતા કલાકારોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવા માટે સરકાર 'ગામના ચોરે' વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે, જેમાં સ્થાનિક કલાકારોને પોતાની કલા પ્રદર્શિત કરવાની તક ફાળવવામાં આવે છે. આ અંતર્ગત ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ જેવા વિશેષ અવસરો પર સાંસ્કૃતિક કાર્યક્રમો અને ભવ્ય ડાયરાઓનું આયોજન કરી લોકકલા અને સામાજિક ચેતનાને વેગ આપવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા છેવાડાના કલાકારોને પ્રોત્સાહન અને રોજગારી બંને મળી રહે છે.

આજના આધુનિક યુગમાં બાળકોને મોબાઈલના વળગણથી દૂર રાખવા અને શારીરિક રીતે સક્રિય કરવા માટે સરકાર દ્વારા ૮ થી ૧૦ જેટલી વિવિધ યોજનાઓ ચલાવવામાં આવે છે. જેમાં વેકેશન દરમિયાન ખાસ કરીને એડવેન્ચર કેમ્પ અને ટ્રેકિંગ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. આ શિબિરોમાં ૮ થી ૧૩ વર્ષના બાળકો તેમજ ૪૫ વર્ષ સુધીની વયના લોકો ઉત્સાહભેર ભાગ લઈ શકે છે, જેનાથી નવી પેઢીમાં સાહસવૃત્તિ અને પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ કેળવાય છે.યુવાનો માટે 'યુથ એક્સચેન્જ' કાર્યક્રમ એ સંસ્કૃતિના આદાન-પ્રદાનનું એક સશક્ત માધ્યમ છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના યુવાનોને અન્ય રાજ્યોની મુલાકાતે મોકલવામાં આવે છે, જ્યાં તેઓ પાંચથી સાત દિવસ રોકાઈને ત્યાંની ખેતી, ધંધાકીય માળખું, પ્રાદેશિક ભાષા, ખોરાક અને જીવનશૈલીનો પ્રત્યક્ષ અનુભવ મેળવે છે. આ પ્રકારના પ્રવાસોથી યુવાનોનો દ્રષ્ટિકોણ વ્યાપક બને છે અને દેશની વિવિધતાસભર સંસ્કૃતિની ઊંડી સમજ કેળવાય છે.

સમગ્ર રીતે જોતા, રાજ્ય સરકારનો આ વિભાગ રમત-ગમતની સાથે સાથે કલા, વારસો અને યુવા શકિતના ઘડતર માટે સતત પ્રયત્નશીલ છે. લાઈબ્રેરી અને પુરાતત્વ વિભાગ દ્વારા જ્ઞાન અને ઈતિહાસનું જતન કરવામાં આવે છે, જ્યારે સાંસ્કૃતિક વિભાગ દ્વારા પ્રાચીન અને અર્વાચીન કલાઓને જીવંત રાખવામાં આવે છે. આમ, શારીરિક તંદુરસ્તીથી લઈને આધ્યાત્મિક અને બૌદ્ધિક વિકાસ સુધીની તમામ પ્રવૃત્તિઓને એક જ વિભાગ હેઠળ આવરી લઈને સરકાર 'હરિયાળા અને હરખભર્યા' ગુજરાતનું નિર્માણ કરી રહી છે.

### 'યુથ એક્સચેન્જ' થકી યુવા વિકાસ

યુવાનોના સર્વાંગી વિકાસ માટે 'યુથ એક્સચેન્જ' કાર્યક્રમ એક સશક્ત માધ્યમ સાબિત થયો છે. આ અંતર્ગત રાજ્યના યુવાનોને અન્ય રાજ્યોમાં પાંચથી સાત દિવસ માટે મોકલવામાં આવે છે, જ્યાં તેઓ ત્યાંની ખેતી, વ્યવસાય, ભાષા અને જીવનશૈલીનો પ્રત્યક્ષ અનુભવ મેળવે છે. આ પ્રકારના સાંસ્કૃતિક આદાન-પ્રદાનથી યુવાનોનો દ્રષ્ટિકોણ વ્યાપક બને છે અને દેશની વિવિધતાસભર સંસ્કૃતિની ઊંડી સમજ કેળવાય છે.

## સ્પોર્ટ્સ અબતક

### વિશ્વની સૌથી લોકપ્રિય લીગ

# આજથી આઈપીએલનો શુભારંભઃ બે મહિના સુધી જામશે ક્રિકેટ ફીવર

**ચેમ્પિયન બેંગલોર અને હૈદરાબાદ વચ્ચે મુકાબલો, સાંજે ૭.૩૦થી મેચનો પ્રારંભઃ દસ ટીમ, ૭૪ મેચ અને બે મહિનામાં રોમાંચક મુકાબલા જોવા મળશે**



## વિરાટની પોતાની જાત સાથે જ સ્પર્ધા, રોહિત નવા અવતારમાં જોવા મળશે

ગયા વર્ષે જ્યારે બેંગલોરે તેનું પ્રથમ આઈપીએલ ટાઈટલ જીત્યું, ત્યારે કોહલીએ તેના ચમકતા કેબિનેટમાં એકમાત્ર ખૂટતી ટ્રોફીનો ઉમેરો કર્યો હતો. હવે પોતાનું વર્ષો જૂનું સપનું પૂરું કર્યા પછી શું આ દિગ્ગજ ખેલાડી આ સિઝનમાં પણ તેની એ જ જૂની તીવ્રતા જાળવી શકશે? આ સંદર્ભમાં, કોહલીનો મુકાબલો પોતાની જાત સાથે પણ હશે. જાન્યુઆરીમાં ન્યૂઝીલેન્ડ સામેની ઘરઆંગણે રમાયેલી વન-ડે સિરીઝ બાદ તે સંપૂર્ણ આરામ કરીને મેદાનમાં ઉતરી રહ્યો છે.બીજી તરફ રોહિત શર્માનો કિસ્સો થોડો અલગ છે, જેની છેલ્લી સ્પર્ધાત્મક મેચ પણ કિવિ ટીમ સામે જ હતી. એક બેટ્સમેન તરીકે તેણે ક્યારેય આઈપીએલમાં મેદાન ગજવ્યું નથી. ૩૮ વર્ષીય રોહિતે ક્યારેય એક સિઝનમાં ૫૩૮ થી વધુ રન ફટકાર્યા નથી. આ વખતે તે એક શાનદાર સિઝન રમીને આ રેકોર્ડ સુધારવા અને મુંબઈને છઠ્ઠું ટાઈટલ જીતાડવા માંગશે. રોહિત હાલમાં ફિટ દેખાઈ રહ્યો છે, તેણે પોતાનું વજન પણ ઘટાડ્યું છે.

## બોલિંગની નબળાઈ અને સ્ટાર ખેલાડીઓની ગેરહાજરી

બેંગલોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ એમ બંને ટીમ હાલ બોલિંગમાં નબળી જણાય છે. બેંગલોરની ટીમમાં જોશ હેઝલવુડ અને ડાબોડી સીમર યશ દયાલની ગેરહાજરી વર્તાશે. હેઝલવુડ હાલ ઓસ્ટ્રેલિયામાં રિહેબ હેઠળ છે, જ્યારે યશ દયાલ જાતીય સતામણીના આરોપોને કારણે સમગ્ર સિઝન બહાર રહેશે. હવે ટીમની જવાબદારી ભુવનેશ્વર કુમાર, કૃણાલ પંડ્યા અને યુવાન બોલર મંગેશ યાદવ પર રહેશે. બીજી તરફ સનરાઈઝર્સ હૈદરાબાદનો કેપ્ટન પેટ કમિન્સ શરૂઆતની મેચોમાં ઉપલબ્ધ નથી, તેથી ઈશાન કિશન કાર્યકારી કેપ્ટન તરીકે જવાબદારી સંભાળશે. હૈદરાબાદ પાસે બેકઅપમાં હર્ષલ પટેલ અને જયદેવ ઉનડકટ જેવા વિકલ્પો છે પરંતુ સપાટ પિચ પર તેઓ પડકારરૂપ બની શકે છે. બંને ટીમ તેમની બેટિંગ શક્તિ દ્વારા બોલિંગની ખામીઓને છુપાવવા પ્રયાસ કરશે. આરસીબી પાસે વિરાટ કોહલી, ટિમ ડેવિડ અને કેપ્ટન રજત પાટીદાર છે તો હૈદરાબાદ પાસે ટ્રેવિસ હેડ અને હેનરિક ક્લાસેન જેવા વિસ્ફોટક બેટ્સમેનો છે.

**અબતક, રાજકોટ**

છેલ્લા ૧૮ વર્ષથી ભારતમાં ધૂમ મચાવી રહેલી અને સમગ્ર વિશ્વમાં ટી૨૦ ક્રિકેટના આકર્ષણ સમાન ટી૨૦ લીગ એટલે કે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)નો શનિવારથી પ્રારંભ થશે. ગયા વર્ષની ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે આજે સાંજે ૭.૩૦ કલાકે અહીંના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે મેચ રમાશે તે સાથે જ લગભગ બે મહિના સુધી સમગ્ર દેશ ક્રિકેટના જવરમાં જકડાઈ જશે.આગામી બે મહિના દરમિયાન દસ અલગ અલગગ ફ્રેન્ચાઈઝીની ટીમો ૭૦ મુકાબલા કરશે અને તેને અંતે બે ક્વોલિફાયર્સ અને એક એલિમિનેટર મેચ અને અંતે ફાઈનલ મેચ રમાશે. આમ આ વખતે બધુ મળીને ૭૪ મેચ યોજાશે જેમાં ભારત અને અન્ય દેશના સંખ્યાબંધ ખેલાડીઓ વિવિધ ટીમને સફળતા અપાવવા માટે અથાગ પ્રયાસ કરશે. ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર ઉપરાંત મુંબઈ ઈન્ડિયન્સ,ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ તેમના ટાઈટલની સંખ્યામાં ઉમેરો કરવા મથશે તો ગુજરાત ટાઈટન્સની ટીમ શુભમન ગિલની આગેવાનીમાં સફળતા હાંસલ કરવા ઈચ્છશે. ગુજરાત ટાઈટન્સે ૨૦૨૨માં પહેલી વાર આ લીગમાં રમીને હાર્દિક પંડયાના નેતૃત્વમાં ટાઈટલ જીત્યું હતું અને બીજા વર્ષે તે રનર્સ અપ રહ્યું હતું. જોકે ૨૦૨૫માં તેનું પ્રદર્શન સારું રહ્યું ન હતું. હવે ગિલને ભારતીય ટી૨૦ ટીમના સુકાનીપદ માટેનો દાવેદાર માનવામાં આવી રહ્યો છે ત્યારે તેની પાસેથી અસામાન્ય પ્રદર્શનની અપેક્ષા રખાય છે.ગયા વર્ષે રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ ચેમ્પિયન બની હતી. પરંતુ, ૨૦૨૫માં ચેમ્પિયન બન્યા બાદની અણધારી દુર્ઘટના બાદ ફરી બેઠા થવાનો પ્રયાસ કરી રહેલા ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ રોયલ ચેલેન્જર્સ બેંગલોર માટે આ પ્રારંભ નોંધપાત્ર છે. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે રમતી વખતે ટાઈટલ ધારક રોયલ ચેલેન્જર્સ બેંગલોર (આરસીબી) લીગની આ ૧૯મી સિઝનમાં વધુ ભપકા સાથે પ્રવેશવા માંગતી હતી પરંતુ હાલ ત્યાં ગમગીન વાતાવરણ છે. ગયા વર્ષે ટીમના વિજય ઉત્સવ દરમિયાન ચોથી જૂને સ્ટેડિયમની બહાર થયેલી નાસભાગમાં જીવ ગુમાવનાર ૧૧ રમતપ્રેમીઓની યાદો હજી પણ તાજી છે.કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિયેશન અને આરસીબી મેનેજમેન્ટે આ મૃતકોની યાદમાં મહત્વના પગલાં લીધાં છે. આ વખતે આ લીગનો ઉદઘાટન સમારંભ યોજાનારો નથી. આ ઉપરાંત એસોસિયેશને સ્ટેડિયમમાં ૧૧ બેઠકો કાયમ માટે ખાલી રાખવાની જાહેરાત કરી છે.

## સાઉથ આફ્રિકાના ૧૬, ઓસ્ટ્રેલિયાના ૧૩ અને ઈંગ્લેન્ડના ૧૨ ખેલાડી જોવા મળશે

આઈપીએલની ૧૯મી સિઝનનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે જેમાં ભારતીય ખેલાડીઓની સાથે વિદેશી ખેલાડીઓ પણ પોતાની પ્રતિભા દર્શાવવા મેદાને ઉતરશે. વિશ્વભરના સ્ટાર ખેલાડીઓને આઈપીએલ ફ્રેન્ચાઈઝીઓએ ટીમમાં સામેલ કર્યા છે. જેમાં આ વખતે સાઉથ આફ્રિકાના ૧૬ સ્ટાર ક્રિકેટર વિવિધ ટીમ તરફથી રમતા જોવા મળશે. આ વખતે સાઉથ આફ્રિકાના સૌથી વધુ ૧૬ ખેલાડીઓની ખરીદી કરાઈ છે જ્યારે ઓસ્ટ્રેલિયાના ૧૩ અને ઈંગ્લેન્ડના ૧૨ ખેલાડીઓ ખરીદાયા છે. ત્યાર બાદ ન્યૂઝીલેન્ડના ૧૧, શ્રીલંકાના આઠ, વેસ્ટ ઈન્ડિઝના સાત, અફઘાનિસ્તાનના ચાર અને ઝિમ્બાબ્વેનો એક ક્રિકેટર ભાગ લેશે.સાઉથ આફ્રિકાના અનુભવી અને ઉભરતા ખેલાડીઓએ વૈશ્વિક મંચ પર સારો દેખાવ કરતાં આઈપીએલની આ સિઝનમાં ફ્રેન્ચાઈઝીઓ તેમની તરફ આકર્ષાઈ હતી. જેમાં રાજસ્થાન રોયલ્સે ચાર, મુંબઈ ઈન્ડિયન્સ, દિલ્હી કેપિટલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સે ત્રણ ત્રણ અને ચેન્નાઈ સુપર કિંગ્સ, ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરબાદે આફ્રિકાના એક એક ખેલાડીને ટીમમાં સામેલ કર્યા છે.ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના ખેલાડીઓ પર ફ્રેન્ચાઈઝીની નજર હોય છે અને તેમને ટીમમાં સામેલ કરવા પર ખાસ ધ્યાન અપાતું હોય છે. આ વખતે પણ ઓસ્ટ્રેલિયાના ૧૩ ખેલાડી રમતા જોવા મળશે. જેમાં પંજાબ કિંગ્સે ઓસ્ટ્રેલિયન્સ પર દાવ લગાવ્યો હોય તેમ પાંચ ખેલાડીને ટીમમાં સામેલ કર્યા છે જ્યારે સનરાઈઝર્સ હૈદરાબાદ અને લખનૌ સુપર જાયન્ટ્સે, રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ બે બે, કોલકાતા નાઈટ રાઈડર્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સે ઓસ્ટ્રેલિયાના એક એક ખેલાડીને સામેલ કર્યા છે.ઈંગ્લેન્ડના એક ડઝન ખેલાડી આ વખતે આ ટી૨૦ લીગમાં રમતા જોવા મળશે જેમાં ગુજરાત ટાઈટન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને સનરાઈઝર્સ હૈદરાબાદે ત્રણ ત્રણ ખેલાડીને ખરીદ્યા છે જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ, મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સે ઈંગ્લેન્ડના એક એક ખેલાડી ખરીદ્યો છે. તાજેતરમાં યોજાયેલા ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચનારી ન્યૂઝીલેન્ડની ટીમે પણ ફ્રેન્ચાઈઝીઓનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું. આ વખતે કિવિ ટીમના ૧૧ ખેલાડી રમી રહ્યા છે જેમાં કેકેઆરે ત્રણ ખેલાડીને ટીમમાં સામેલ કર્યા છે જ્યારે મુંબઈ ઈન્ડિયન્સે બે અને ચેન્નાઈ, દિલ્હી કેપિટલ્સ, ગુજરાત ટાઈટન્સ, પંજાબ કિંગ્સ, રાજસ્થાન રોયલ્સ અને આરસીબીએ એક એક ખેલાડીને ટીમમાં સમાવ્યા છે.

## આઈપીએલમાં ૧૨ ભાષાઓમાં સંભળાશે ૧૬૦ થી વધુ લોકોનો અવાજ

ચેન્નાઈ સુપર કિંગ્સના ભૂતપૂર્વ ખેલાડી આર અશ્વિન આઈપીએલ ૨૦૨૬માં પ્રવેશવા માટે તૈયાર છે. તેમણે આઈપીએલ ૨૦૨૬મીની ઓક્શન પહેલા ટુર્નામેન્ટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી.આ સિઝનમાં અશ્વિન એક નવા અવતારમાં જોવા મળશે.અશ્વિન પોતાની સ્પિન બોલિંગથી મેદાન પર પોતાની છાપ છોડતો હતો,પરંતુ આ વર્ષે તે કોમેન્ટ્રી પેનલનો ભાગ બનશે.

અશ્વિનને ક્રિકેટની ઊંડી સમજ છે અને લોકો તેને સાંભળવાનો આનંદ માણે છે. તેની પાસે નોંધપાત્ર સબ્સ્ક્રાઈબર બેઝ સાથે તેની પોતાની ચેનલ છે.

આર અશ્વિન, જે તેની બોલિંગ માટે જાણીતો છે,આ વખતે આઈપીએલ માં પોતાનો અવાજનો જાદુ ફેલાવતો જોવા મળશે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં, બ્રોડકાસ્ટરે સ્ટાર કોમેન્ટેટર્સની યાદી જાહેર કરી.આ યાદીમાં આર.અશ્વિન, સુરેશ રૈના, હરભજન સિંહ,






ઈરફાન પઠાણ, વીરેન્દ્ર સેહવાગ, અનિલ કુંબલે, પીયૂષ ચાવલા, ઉમેશ યાદવ,આકાશ ચોપરા,ચેતેશ્વર પૂજારા,આદિત્ય તારે, નવજોત સિંહ સિદ્ધુ, સુનીલ ગાવસ્કર, સંજય બાંગર, અજય મોહમ્મદ કૈફ, દીપક, કાફલા વગેરેનો સમાવેશ થાય છે.પદમજીત સેહરાવત, અનંત ત્યાગી અને સુનીલ તનેજા.

આ ઉપરાંત અંગ્રેજી કોમેન્ટ્રી માટે વેટરન્સની પસંદગી કરવામાં આવી છે. રવિ શાસ્ત્રી, સુનીલ ગાવસ્કર, એબી ડી વિલિયર્સ, ડેલ સ્ટેન, ફાફ ડુ પ્લેસિસ, કેવિન પીટરસન, એરોન ફિન્ચ, ઈયોન મોર્ગન, માઈકલ ક્લાર્ક, એમ મેકક્લેનાઘન, દીપ દાસગુપ્તા, હર્ષા ભોગલે, ઈયાન બિશપ, સિમોન ડૌલ, ડેની મોરિસન, ગંગા, કેવિન, કેવિન, કાર્તિક, કાર્તિક, સ્વ. ડબલ્યુવી રમન, અંજુમ, મુકુંદ, વિલ્કિન્સ, કેટી માર્ટિન અને રૌનક કપૂરની અંગ્રેજી ટીમમાં પસંદગી કરવામાં આવી છે.

### મિયામી ઓપન

## સબાલેન્કા સેમિફાઈનલમાં, રેબાકિના સામે થશે મુકાબલો



**અબતક, રાજકોટ**

મહિલા ટેનિસની નંબર વન ખેલાડી આર્યના સબાલેન્કાએ શાનદાર પ્રદર્શન કરતાં હેલી બેપ્ટિસ્ટને ૬-૪, ૬-૪થી પરાજય આપી મિયામી ઓપનની વુમન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે જ્યાં તેનો સામનો વિશ્વમાં બીજો ક્રમાંક ધરાવતી કઝાખસ્તાનની એલેના રિબાકિના સામે થશે. જેણે અન્ય એક સેમિફાઈનલ મુકાબલામાં જેસિકા પેગુલાને ૨-૬, ૬-૩, ૬-૪થી પરાજય આપ્યો હતો. પ્રથમ સેટમાં બેપ્ટિસ્ટે સારી રમત દર્શાવી હતી પરંતુ સબાલેન્કાએ ત્રણ બ્રેક પોઈન્ટ બચાવીને મેચમાં પકડ બનાવી હતી. સેટના અંતમાં બેપ્ટિસ્ટએ ડબલ ફોલ્ટ કર્યો જેનો ફાયદો ઉઠાવી પ્રથમ સેટ સબાલેન્કાએ જીતી લીધો હતો.

બીજા સેટમાં બેપ્ટિસ્ટે મેચમાં વાપસી કરતાં એક સમયે સ્કોર ૪-૪ની બરાબરી કરી લીધો હતો પરંતુ ૫-૪ પર સબાલેન્કાની સર્વિસ બાદ બેપ્ટિસ્ટ ફરી દબાણમાં આવી ગઈ અને સતત ત્રણ ડબલ ફોલ્ટ કર્યા હતા.

## ઈજાના કારણે ધોનીને બે સપ્તાહનો ‘આરામ’, ત્રણ મોટી મેચ ગુમાવશે

**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડકપ બાદ હવે ભારતના ક્રિકેટ પ્રેમીઓ આતુરતાથી આઈપીએલ ૨૦૨૬ની રાહ જોઈ રહ્યા છે. આજે આરસીબી અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે ટુર્નામેન્ટની પહેલી મેચ રમાવવાની છે. જોકે ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલા જ મહેન્દ્ર સિંહ ધોનીના ચાહકોની ચિંતા વધી છે. ચેન્નઈનો સ્ટાર ખેલાડી ધોની શરૂઆતની મેચોમાં જોવા મળશે નહીં. ૨૮ માર્ચે ચેન્નાઈ સુપર કિંગ્સે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી જણાવ્યું કે ધોની અત્યારે 'કાફ સ્ટ્રેઈન'ની સમસ્યાથી પીડાઈ રહ્યો છે. ડોક્ટર્સે ધોનીને બે સપ્તાહ સુધી આરામ કરવાની સલાહ આપી છે. જેના કારણે તે પ્રથમ બે સપ્તાહમાં મેચમાં જોવા મળશે નહીં.



અત્યારની સ્થિતિ મુજબ, એમએસ ધોની ૧૧ એપ્રિલના રોજ દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં મેદાનમાં પરત ફરી શકે તેવી શકયતા છે. ધોનીની ગેરહાજરીમાં હવે વિકેટ પાછળ ગ્લવ્સ કોણ પહેરશે અને મિડલ ઓર્ડરમાં ફિનિશરની ભૂમિકા કોણ ભજવશે, તે સીએસકે માટે મોટો સવાલ છે.

ચેન્નાઈ સુપર કિંગ્સના નિવેદન અનુસાર એમએસ ધોની ૨ અઠવાડિયા સુધી આઈપીએલમાંથી બહાર રહી શકે છે. આ બે અઠવાડિયામાં સીએસકેની ૪ મેચો થશે. પ્રથમ મેચ ૩૦ માર્ચે રાજસ્થાન રોયલ્સ સાથે છે. ગુવાહાટીમાં યોજાનારી આ મેચ બાદ ટીમ પોતાના ઘરઆંગણે પંજાબ કિંગ્સ સામે ૩ એપ્રિલે રમશે. ત્યારબાદ ૫ એપ્રિલે આરસીબી સામે અને ૧૧ એપ્રિલે દિલ્હી કેપિટલ્સ સામે મેચ થશે. આ ૪ મેચો આગામી ૨ અઠવાડિયામાં યોજાવાની છે.૪ મેચો બાદ ચેન્નાઈની આગામી મેચ ૧૪ એપ્રિલે કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે છે. જો ધોનીની ઈજા અપેક્ષા મુજબ સમયસર ઠીક નહીં થાય તો તે આ મેચમાંથી પણ બહાર રહી શકે છે. તે ૧૮ એપ્રિલે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચથી વાપસી કરી શકે છે. જોકે, આ ધોનીની ખેલાડી તરીકેની છેલ્લી આઈપીએલ આવૃત્તિ માનવામાં આવી રહી છે. ૪૪ વર્ષીય ધોની પોતાની કેપ્ટન્સીમાં સીએસકે ને ૫ ખિતાબ જીતાડી ચૂક્યો છે અને ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી ૬ વર્ષ પહેલા (૨૦૨૦) નિવૃત્ત થઈ ગયો છે.



### સંજુ સેમસન કરી શકે છે વિકેટકીપિંગ

એમએસ ધોની છેલ્લા કેટલાક વર્ષોથી ઘૂંટણની ઈજાથી પરેશાન રહ્યો છે. આ હોવા છતાં તે આઈએસકે માટે સતત રમી રહ્યો છે અને ૨૦૨૩ માં તેની કેપ્ટન્સીમાં ચેન્નાઈએ પાંચમો આઈપીએલ ખિતાબ જીત્યો હતો. હવે આ સીઝનમાં એમએસ ધોનીની ગેરહાજરીમાં સંજુ સેમસન વિકેટકીપિંગની ભૂમિકા ભજવતો જોવા મળી શકે છે. ચેન્નાઈનું પ્રદર્શન આઈપીએલ ૨૦૨૫ માં ખૂબ જ ખરાબ રહ્યું હતું. ગત સીઝનમાં તેમની ટીમ પોઈન્ટ ટેબલમાં સૌથી છેલ્લા સ્થાને હતી.

# ખનન માફીયાઓ સામે લાલ આંખ: ભુણાવા ગામે રૂ.૧.૫૯ કરોડની ખનીજ ચોરી કરનારા ૬ શખ્સો સામે ગુનો નોંધાયો

## ગૌચર અને સરકારી ખરાબાની જમીનમાં છેલ્લા પાંચ વર્ષથી ગેરકાયદે ખનન કરી માટી ચોરી આર્થિક લાભ મેળવી લેતા શખ્સો સામે ખનીજ વિભાગની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકા ભુણાવા ગામે ગૌચર અને સરકારી ખરાબાની જમીનમાં ગેરકાયદે સાદી રેતી અને સોફ્ટ મોરમની ચોરી કરનારા ૬ શખ્સો વિરૂધ્ધ ગોંડલ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાયો છે. રૂ.૧.૫૯ કરોડની ખનીજ ચોરી કરનાર ૬ શખ્સોની ટોળકી સામે ખનીજ વિભાગે લાલ આંખ કરી કાર્યવાહી કરતા ખનન માફીયાઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે. બનાવ અંગે મૂળ ભૂજના વતની અને હાલ રાજકોટના રાધે એપાર્ટમેન્ટ માયાણી ચોક ખાતે રહેતા અને ખનીજ ખાતામાં રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકે નોકરી કરતા કિશનભાઈ લાલજીભાઈ રાણવાએ આરોપી તરીકે સહદેવસિંહ રેવતુભા જાડેજા, સિધ્ધરાજસિંહ નિરૂભા જાડેજા, મજબૂતસિંહ કિરૂભા જાડેજા, રણજીતસિંહ નટુભા જાડેજા, દિગ્વિજયસિંહ બાપાલાલ જાડેજા (રહે. તમામ ભુણાવા, ગોંડલ, રાજકોટ) અને ચન્નાભાઈ આંબાભાઈ સરસીયા (રહે. મહિકા મોટા ગોંડલ, રાજકોટ)નું નામ આપતા ગોંડલ તાલુકા પોલીસની ટીમે આઈપીસીની કલમ-૩૭૯, ૩૪, ૪૧૪ અને માઈન્સ એન્ડ મિનરલ્સ રેગ્યુલેશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રોયલ્ટી ઈન્સ્પેક્ટરની ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ રાજકોટ ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતામાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે. સમગ્ર રાજકોટ જિલ્લામાં ખનીજની ગેરકાયદે પ્રવૃત્તિ પર દેખરેખ રાખવાની તેમની કામગીરી હોય છે અને ગેરકાયદે ખનીજ ચોરી કરતા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવાની સત્તા તેમને આપવામાં આવેલ છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે કલેક્ટર કચેરીના જનસંપર્ક અધિકારીને એક લેખિત ફરિયાદ મળી હતી કે ગોંડલ તાલુકાના ભુણાવા ગામના ગૌચરની જમીન તથા સરકારી ખરાબાની જમીનમાં ગેરકાયદે માટી ચોરીની ફરિયાદ કરવામાં આવી હતી જે અનુસંધાને રાજકોટ ભૂસ્તર શાસ્ત્રીની સૂચનાથી ગત તા.૦૮/૧૨/૨૦૨૫ના રોજ ખનીજ ખાતાની ટીમે ભુણાવા ગામે ચેકીંગ હાથ ધર્યું હતું પરંતુ તે સમયે સ્થળ પરથી ખનીજ ચોરીની કોઈ પ્રવૃત્તિ મળી આવી ન હતી. જો કે, સોફ્ટ મોરમ ખનીજનું જ્યુપીટર રોલ ફોર્મ મશીન ત્રા.લી. દ્વારા તાજું/નવું પુરાણ/સંગ્રહ કરવામાં આવ્યાનું ધ્યાને આવતા સ્થાનિકો સાથે આ અંગે વાતચિત કરતા જ્યુપીટર રોલ ફોર્મ મશીન ત્રા.લી. જગ્યામાં કોઈપણ મંજૂરી વિના સંગ્રહ/પુરાણ કરવામાં આવ્યાનું જાણવા મળ્યું હતું. જે અનુસંધાને જ્યુપીટર રોલ ફોર્મ મશીન ત્રા.લી.ને ૧૮૫૮.૬૨ મેટ્રીક ટન પુરાણ/સંગ્રહ બાબતે કારણદર્શક નોટીસ ફટકારવામાં આવેલ હતી. જે નોટીસ અનુસંધાને ગત તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ કસૂરદાર દ્વારા સમાધાન પેટેની રકમ ભરપાઈ કરવામાં આવી હતી.

ત્યારબાદ ભૂસ્તર શાસ્ત્રીને અરજદાર દ્વારા વધુ એક પત્ર લખવામાં આવ્યો હતો. જેમાં ભુણાવા ગામના ગૌચર અને સરકારી ખરાબાની જમીનમાં થયેલ ખોદકામ બાબતે અરજદારને હાજર રાખી તપાસ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જેથી ગત તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજ ખનીજ વિભાગની ટીમે ગોંડલ તાલુકા પોલીસની ટીમને સાથે રાખી ભુણાવા ગામે જઈ પોલીસ, નાયબ મામલતદાર, અરજદારને સાથે રાખી તપાસ હાથધરી હતી ત્યારે અહિંથી ગેરકાયદે ખનીજનું ખનન કે વહનને લગતી કોઈ પ્રવૃત્તિ મળી આવી ન હતી. જેથી તપાસ સમયે ખોદકામ થયેલ જગ્યાના સર્વે નંબરની ખરાઈ કરવા નાયબ મામલતદારને જણાવવામાં આવ્યું હતું. બાદમાં તપાસ સમયે અરજદાર દ્વારા બતાવવામાં આવેલ સ્થળે સાદી માટીનું નવું ખોદકામ થયેલ હોવાનું જાણવા મળતા અરજદારે નવું અને જુનું ખોદકામ સહદેવસિંહ રેવતુભા જાડેજા, સિધ્ધરાજસિંહ નિરૂભા જાડેજા, મજબૂતસિંહ કિરૂભા જાડેજા, રણજીતસિંહ નટુભા જાડેજા, દિગ્વિજયસિંહ બાપાલાલ જાડેજાના કહેવાથી મોટા મહિકાના રહેવાસી ચન્નાભાઈ આંબાભાઈ સરસીયા દ્વારા મશીનરી દ્વારા ગેરકાયદે ખોદકામ કરવામાં આવે છે. વધુમાં અરજદારે જણાવ્યું હતું કે ૬ શખ્સોની ટોળકી દ્વારા છેલ્લા પાંચ વર્ષથી કોઈપણ મંજૂરી વિના ગેરકાયદે ખોદકામ કરી ખનીજ ચોરી કરવામાં આવી રહી છે. જે બાદ ખોદકામ થયેલ જમીન જેના સર્વે નં.૨૦૩ અને ૧૦૬માં થયેલ ખોદકામની ખરાઈ કરતા કોઈપણ પ્રકારની મંજૂરી વગર કુલ ૩૮૫૧૪.૩૧ મેટ્રીક ટન સોફ્ટ મોરમ અને ૩૧૭૯૮.૧૦ મેટ્રીક ટન સાદી માટીની ચોરી થયાનું ધ્યાનમાં આવતા ખનીજ વિભાગની ટીમે પ્રતિ મેટ્રીક ટનના રૂ.૧૭૫ લેખે રૂ.૫૫૬૪૬૬૮, પર્યાવરણને નુકશાન વળતર પેટે રૂ.૨૨૮૧૫૧૪, સોફ્ટ મોરમની ચોરી પેટે રૂ.૫૭૭૭૧૪૭ તેમજ પર્યાવરણના દંડ પેટે રૂ.૨૩૬૮૬૩૦ મળી કુલ રૂ.૧,૫૯,૯૧,૬૫૯ની ખનીજ ચોરી થયાનું ફલીત થતા ખનીજ વિભાગની ટીમે ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ચડત ભરણ પોષણ નહીં ચૂકવનાર પતિને ૫૮૦ દિવસની સજા

## રૂપિયા રૂ.૪.૬૬ લાખ મેળવવા ખાધા ખોરાકી મેળવવા રહેલી પત્નીએ કોર્ટમાં દાદ માગી ’તી

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતી પરિણીતાએ ચડત ભરણ પોષણ રૂપિયા ૪.૬૬ લાખ મેળવવા માટે કરેલી અરજીના કામે અદાલતે પોરબંદર સ્થિત પતિને ૫૮૦ દિવસની સાદી કેદની સજા નો હુકમ ફરમાવ્યો છે. વધુ વિગત મુજબ પોરબંદર છાયા વિસ્તારમાં રહેતા દિનેશ મનસુખભાઈ મોનાણી નામના યુવાનના રાજકોટ સ્થિત રાજેશ્રીબેન સાથે લગ્ન થયા હતા લગ્નજીવનથી સંતાનમાં એક પુત્રીનો જન્મ થયો હતો. બાદ દંપતિ વચ્ચે મનમેળનો રહેતા અને શારીરિક ત્રાસથી પરિણીતા રાજેશ્રીબેન પોતાની પુત્રી સાથે પિયર પરત ફર્યા હતા. રાજેશ્રીબેનએ પોતાનું અને પોતાની પુત્રીનું ભરણપોષણ મેળવવા કરેલી અરજી અદાલતે મંજુર કરી પત્નીને પુત્રીને માસિક ૮૦૦૦ ચૂકવવા હુકમ કર્યો હતો બાદ પતિ દિનેશ મનસુખ મોનાણીએ ચડત ભરણપોષણ રૂપિયા ૪.૬૬ લાખ ન ચૂકવતા ફેમિલી કોર્ટમાં દાદ માંગી હતી જે ચડત ભરણપોષણની અરજી ચાલી જતા અદાલતે પતિ દિનેશ મનસુખ મોનાણી ને ભરણપોષણ ની રકમ ન ચૂકવવા બદલ કસૂરવાન ઠેરવી ૫૮૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે આ કામમાં અરજદાર રાજશ્રીબેન વતી લીગલ એડ પેનલના એડવોકેટ કિશન રૂઘાની હાજર રહ્યા હતા.

# રૂ.૧.૨૯ કરોડના વ્યવહાર ગુનામાં આરોપીની જામીન અરજી મંજૂર

## વેપારી પેઢી પાસેથી સોનુ અને દાગીનામાં રહેલ ડાયમંડ અને હોલમાર્ક ચાર્જીસ સહિતની ઠગાઈ કરી

**અબતક, રાજકોટ**

શહેરમાં સોનાના રૂ.૧.૨૯ કરોડના વ્યવહાર ગુનામાં આરોપીની જામીન અરજી મંજૂર કરી છે.શહેરની વેપારી પેઢી પાસેથી સોનુ અને દાગીનામાં રહેલ ડાયમંડ અને હોલમાર્ક ચાર્જીસ સહિત રૂપિયા ૧,૨૯,૬૭,૮૨૭ની નિખિલ દિનેશભાઈ કાત્રોડિયાએ છેતરપિંડી કર્યા અંગેની માલવીયાનગર પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી. પોલીસે નિખિલ કાત્રોડિયા ની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યા હતા.બાદ રેગ્યુલર જામીન મંજૂર કરી હતી. બાદ જામીન અરજીની ચુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ જસ્મિન મુરલીભાઈ દવે દ્વારા વિગતવાર અને વિસ્તૃત દલીલો રજૂ કરવામાં આવી હતી તેને માન્ય રાખી હતી.બંને પક્ષોની વિગતવાર દલીલો સાંભળ્યા બાદ તથા રેકોર્ડ પરના પુરાવાઓનું અવલોકન કરીને અદાલતે નોંધ્યું હતું કે, પક્ષકારો વચ્ચેના વ્યવહારો વ્યાપારી સ્વરૂપના છે અને તેમાંના અનેક લેવડદેવડ પહેલેથી જ સેટલ થયેલા છે, જ્યારે બાકી રહેલો મુદ્દો મૂળતઃ નાગરિક સ્વરૂપનો વિવાદ છે. અદાલતે વધુમાં નોંધ્યું કે તપાસનો મોટો ભાગ પૂર્ણ થઈ ચૂક્યો છે, કેસ મુખ્યત્વે દસ્તાવેજી પુરાવા પર આધારિત છે અને આરોપી વધુ કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી નથી. અદાલતે આ બાબતને પણ ધ્યાનમાં લીધી કે આરોપી સ્થાનિક રહેવાસી છે, તેણે તપાસમાં સંપૂર્ણ સહકાર આપ્યો છે, તેની સામે કોઈ ગુનાહિત ભૂતકાળ નથી અને લાંબા સમય સુધી કસ્ટડીમાં રાખવું એ પ્રી-ટ્રાયલ સજા સમાન બની સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત કાનૂની સિદ્ધાંતોના આધારે અદાલતે અરજદારને શરતો સાથે જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.આ કેસમાં અરજદારો વતી એડવોકેટ જસમીન એમ. દવે, ભવ્ય વોરા નિશાંત જોષી રોકાયા હતા.

### મોટા મવા સીતારામ પાર્કની સૂચિત સોસાયટીની જમીનમાં વર્ષોથી ચાલતા વિવાદમાં

# જમીનનો માલિકી હક્ક ઠરાવી આપવાનો રહેવાસીઓનો દાવો નામંજૂર

## સોસાયટી નોંધાયેલ નથી, બાંધકામની મંજૂરી નથી, ખેતીની જમીન હોવા સહિતની રજૂઆતો થઈ: પ્રતિવાદીની તરફેણમાં ચુકાદો

**અબતક, રાજકોટ**

રાજકોટના મોટા મવા ગામની સર્વે નંબર ૫૦ ની જમીનમાં વર્ષોથી ચાલતા વિવાદમાં સૂચિત સોસાયટીના રહેવાસીઓનો દાવો નામંજૂર કરી

જમીનના માલિક અને ખરીદનારની તરફેણમા કોર્ટેએ ચુકાદો આપ્યો છે.વધુ વિગત મુજબ મોટા મવા ગામના સરવે નંબર ૫૦મા સીતારામ પાર્ક વાળી સૂચિત સોસાયટીના રહેવાસીઓ દ્વારા માગણી કરી હતી.કે આશરે ૧૯૯૮થી રહેણાક અને ધંધાની જગ્યાઓ ધરાવી છી કે કબજા ના સિધ્ધાંત મુજબ માલિક બની ગયેલ છે તેવી માંગણી સાથે સિવિલ કોર્ટમાં દાવો લાવવામાં આવ્યો છે. કબજા અંગે ઈલેક્ટ્રિસિટી કનેકશન, વેરા ભર્યાની પહોચ સહિત સરકારી દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હતા. હાલમાં આ જગ્યા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ની હદમાં આવી જતા ત્યાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મુકવામાં આવી છે.દાવા સામે જમીનના મૂળ માલિક અને ત્યારબાદ ખરીદનારાઓ દ્વારા લેખિત વાંધો લઈને દાવો પ્રથમથી જ રદબાતલ છે અને આવો દાવા લાવવા માટે તેઓને કોઈ હક નથી તેવા વાંધા લેવામાં આવેલ હતા. કબજા અંગેની માગણી કરવામાં આવી હતી .દાવો ચાલવા પાત્ર ન હોઈ રદ કરવા માંગણી કરી હતી.અરજીની સુનાવણી દરમિયાન કબજાથી માલિક બનવા અંગેના સિદ્ધાંત મુજબ જમીનના કબજેદારો તરફે એવી દલીલ મુકવામાં આવી હતી કે કબજાથી માલિક બનવાની કાયદામાં કોઈ જોગવાઈ નથી પરંતુ લિમિટેશન એકટની કલમ ૨૭ મુજબ જો માલિક સમય મર્યાદામાં આવો ગેરકાયદેનો કબ્જો ખાલી કરાવવા અથવા મેળવવા માટે કોઈ કાયદેસરની કાર્યવાહી કરે નહીં તો માલિક તેનો માલિકી-હક્ક જતો કરે છે તેવું સાબિત થઈ જાય. આવા કિસ્સામાં માલિકને ગેરકાયદે કબજાની જાણ થતા, કાયદાકિય પગલાં લેવા ૧૨ વર્ષનો સમય જોગવાઈ મુજબ નિયત કરવામાં આવે છે. તેની સામે જમીનના માલિકની દલીલમા આવા દાવા લાવવા માટે કબજેદારને સ્પષ્ટ રીતે તેમજ અચૂક પણે કોર્ટને જણાવવું પડે કે તેનો કબજો કયારથી માલિકની વિરુદ્ધનો છે. કબજો માલિક ને જાણ થાય તે રીતે બેરોકટોક આવેલ છે તે પણ લખવું પડે. છતાં પણ ૧૨ વર્ષ કરતા વધુ સમયથી તેને ખાલી કરાવવા માલિકે કોઈ પગલાં લીધેલ નથી. તેવી દાદ મિલ્કતના માલિક સામે માંગવી જોઈએ. સિવિલ કોર્ટ દ્વારા જમીન માલિકની અરજી મંજૂર કરી કરી છે કે વાદી દ્વારા ચતુરાઈ પૂર્વકનું ડ્રાફ્ટિંગ કરવામાં આવેલુ છે તેમજ આવી કોઈ સોસાયટી નોંધાયેલી નથી. જેથી તેવા શેર સર્ટિફિકેટ ની કાયદાકિય રીતે કોઈ માન્યતા રહેતી નથી. બતાવવામાં આવેલ બાંધકામની મંજૂરી લીધેલ નથી જેથી તે ગેરકાયદે છે. વાદવાળી જગ્યા ખેતીની છે તેમાં પૂર્વ મંજૂરી સિવાય અન્ય કોઈ ઉપયોગ થઈ શકે નહીં. વધુમાં એવું પણ ઠરાવવામાં આવેલુ છે કે દાવા અરજી જોતા તેમાં વાદી દ્વારા દાવાનું કોઈ કારણ જણાવવામાં આવેલ નથી અથવા તો પ્રતિવાદી દ્વારા એવું કોઈ કૃત્ય કરવામાં આવેલ હોય કે જેનાથી દાવો લાવવાની જરૂર પડેલ હોય તેવું પણ દાવા-અરજીમાં જણાવેલ ન હોવાથી, સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ માં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત મુજબ દીવાની કાર્ય સંહિતાના ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ દાવો નામંજૂર કરવામાં આવેલો છે. પ્રતિવાદી તરફે સેજપાલ એસોસિએટ્સ એડવોકેટ્સ ના સંદીપ આર. જોશી અને ઈશિતા ડાભલીયા હાજર રહેલા હતા.

# મહાપાલિકા કર્મચારી મંડળીની ચૂંટણી પર સ્ટેની માંગણી ફગાવતી લવાદ કોર્ટ

## બે ઉમેદવારી પત્રો રદ થવા મામલે શિકાટ્રા કર્મચારી મંડળે ચૂંટણી રદ કરવાની અરજી સાથે સ્ટે માંગ્યો હતો

**અબતક, રાજકોટ**

મ્યુ. કોર્પોરેશન કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ની કારોબારી સમિતિની આજની ચૂંટણી સંદર્ભે બે ઉમેદવારોના નામપત્રો નામજુંર થયા મામલે શિકાટ્રા મ્યુનિસિપલ કર્મચારી મંડળ દ્વારા ચૂંટણી રોકવા કરાયેલી સહકારી લવાદ કોર્ટે નામંજૂર કરતા ચૂંટણી કાર્યવાહી યથાવત ચાલુ રહી છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળીની ચૂંટણીમાં ફોર્મ ભરનાર બે ઉમેદવારો કાંતાબેન દિનેશભાઈ ચાવડા તથા વિશાલ કેશુભાઈ રાઠોડના નામપત્રો ચૂંટણી અધિકારી દ્વારા ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવેલ હતા. અને તે માટે ચુંટણીની તારીખે એટલે કે તા. ૨૮/ ૩/ ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રીનો કાર્યક્રમ હોય અને કોર્પોરેશનના કર્મચારીઓને તેમાં ફરજમાં મુકેલ હોય ચુંટણી રદ કરાવવા અને સ્ટે કરવા માટેની દાદ સાથે રાજકોટ લવાદ કોર્ટ સમક્ષ દાદ માંગેલ છે. અને તે અન્વયે મનાઈ હુકમ માંગેલ અને તેમાં રાજકોટ મ્યુ. કોર્પોરેશનના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. તથા તેના ચુંટણી અધિકારી વતી એડવોકેટ સતિષ દેથલીયાએ રજુઆત રાજકોટ મ્યુ. કોર્પોરેશન કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ની વ્ય.કમીટી સભ્યોની ચુંટણી ચાલુ થયેલ, તેમાં ૧ સીટ અનુસુચીત જાતિના સભાસદોની હતી અને ૨ સીટ મહીલા અનામત સભાસદોની સીટ હતી, તેમાં કાંતાબેન દિનેશભાઈ ચાવડાએ સ્ત્રી અનામતમાં તથા વિશાલ કેશુભાઈ રાઠોડએ અનુસુચીત જાતિ અનામતમાં ઉમેદવારી કરેલ અને બન્નેના ઉમેદવારી ફોર્મમાં ટેકો આપનાર વ્યકિતએ તેના મતદાર યાદી નંબર ખોટા દર્શાવેલ હતા. તેથી તેના ઉમેદવારી ફોર્મ કાયદા, કાનુન અને ચુંટણીના નિયમો સાથે સુસંગત ન હોય રદ કરવામાં આવેલ. અને તે બન્ને ઉમેદવારો વતી કોઈપણ હકક કે અધિકાર વગર શિકાટ્રા મ્યુનિસિપલ કર્મચારી મંડળ દ્વારા દાવો અને ચુંટણી સ્ટે કરવાની અરજી દાખલ કરેલ છે. તેમજ વચગાળાના તબકકે ઉમેદવારી ફોર્મ ગેરકાયદેસર કરાવીને ચુંટણી સ્ટે થઈ શકે નહીં, તેમજ એક વાર ચુંટણી ચાલુ થાય પછી તેને અટકાવવાના વચગાળાના આદેશાત્મક હુકમ થઈ શકે નહીં તેવી રજૂઆતો ધ્યાને લઈ લવાદ કોર્ટના જજ જે.એન. દવેએ ચુંટણી અટકાવવી પડે તેવી હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી, ચુંટણી અંતીમ તબકકામાં છે, તેનો કોઈ પ્રથમ દર્શનીય કેસ બનતો નથી, તેમ ગણીને વાદીની મનાઈ હુકમની અરજી રદ કરી છે. અને આજે ચૂંટણી તેના કાર્યક્રમ મુજબ ચાલુ રહી છે. આ કામમાં રાજકોટ મ્યુ. કોર્પોરેશન કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. વતી એડવોકેટ સતિષ દેથલીયા, સુભાષ પટેલ, સહાયક રમેશ સોલંકી રોકાયા છે.

# ભગવતીપરામાં આર્થિક ભીંસથી કંટાળી બ્યુટી પાર્લર સંચાલિકાએ ઝેરી દવા પીધી

**અબતક, રાજકોટ**

શહેરના ભગવતી પરા વિસ્તારમાં આવેલી માધવ રેસિડેન્સી પાસે રહેતી ૨૪ વર્ષીય પરિણીતાએ આર્થિક દેણું થઈ જતાં ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. હાલ મહિલાને ગંભીર હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.મળતી માહિતી મુજબ, ભગવતી પરા માધવ રેસિડેન્સીમાં રહેતા અને મૂળ ઉપલેટાના વતની સહકમાબેન અલ્ફાજભાઈ બુખારી (ઉં.વ. ૨૪)છેલ્લા એક મહિનાથી પરિવાર સાથે રાજકોટ સ્થાયી થયા છે. સહકમાબેન કપડાની દુકાન ચલાવતા હતા, પરંતુ તેમને બ્યુટી પાર્લરનો વ્યવસાય શરૂ કરવાનો શોખ હોવાથી તેમણે પાર્લર ખોલ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, બ્યુટી પાર્લરના વ્યવસાયમાં તેમને આશરે રૂ. ૨ લાખનું દેણું થઈ ગયું હતું. આ આર્થિક બોજને કારણે તેઓ છેલ્લા કેટલાક સમયથી ટેન્શનમાં રહેતા હતા. ગઈકાલે રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ ઘરે હતા, ત્યારે આર્થિક ભીંસથી કંટાળીને તેમણે ઝેરી દવા પી લીધી હતી.પરિણીતાની તબિયત લથડતા પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે પ્રાથમિક નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રૂ.૧૫ લાખના ચેક રિટર્નના કેસમાં સેલ્સ પર્સન નિર્દોષ

## ફરિયાદીએ નાણા આપ્યા હોવા અંગેનો દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા નથી કે લેણું પણ સાબિત કર્યું નહીં હોવાની દલીલો

**અબતક, રાજકોટ**

વ્યવસાયિક સંબંધોના દાવે લીધેલા રૂપિયા ૧૫ લાખ પરત ચૂકવવા માટે આપેલા ત્રણ ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે આરોપી નિલેશ મધુભાઈ મહેતાનો નિર્દોષ છુટકારો ફરમાવ્યો છે.આ કેસની ફરિયાદની હકીકત મુજબ, રાજકોટમાં કરિયાણા, અનાજની દ્વારકાધીશ એજન્સીના ભાગીદાર જયંતીલાલ ધરમશીભાઈ વેકરીયા અને ગ્રોસરી સેલ્સ પર્સન નીલેશ મધુભાઈ મહેતા વચ્ચે વ્યવસાયિક સંબંધો હોય, નીલેશ મહેતાએ જયંતીલાલ વેકરીયા પાસેથી સંબંધના દાવે ઉછીના લીધેલા રૂપિયા ૧૫ લાખ પરત કરવા માટે ત્રણ ચેક આપ્યા હતા, જે ચેક બેંકમાં રજૂ કરાતા ચેક લખનારે ખાતું બંધ કરી દીધું હોવાની નોંધ સાથે પરત ફર્યા હતા. આથી જયંતીભાઈ વેકરીયાએ લીગલ નોટિસ મોકલ્યા બાદ આરોપી નીલેશ મધુભાઈ મહેતા સામે નેગોસિબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ હેઠળ કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી.

આ કેસ ચાલવા ઉપર આવતા, આરોપી પક્ષે એવી રજૂઆતો દલીલો કરવામાં આવી હતી કે, રજૂ કરાયેલા ૩ ચેક કોઈ કાનૂની દેવાની ચુકવણી માટે નહોતા, પરંતુ સિક્યુરિટી ચેકસ તરીકે આપેલા હતા, આ ઉપરાંત ફરિયાદીએ અગાઉ આરોપીને રકમ આપી હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો, લેખિત કરાર કે એકાઉન્ટ સ્ટેટમેન્ટ જેવો કોઈ નાણાકીય રેકોર્ડ રજૂ કર્યો નથી. આ દલીલો અને રજૂઆતો ધ્યાને લઈ કોર્ટ દ્વારા ફરિયાદ પક્ષ નાણાકીય વ્યવહાર અંગે કોઈ સ્પષ્ટતા કે વિશ્વસનીયતા દર્શાવી શકેલ નથી, તેમજ ચેક આપવાના હેતુ અંગે પણ શંકા ઉભી થતી હોવાનું ઠરાવી આરોપી નીલેશ મધુભાઈ મહેતાને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી શેઠ એસોસિયેટ્સના એડવોકેટસ ધર્મેશ એન્ડ શેઠ, હિત શેઠ અને અંકુર શેઠ રોકાયા હતા.

# ડ્રગ્સના ગુનામાં પંચો, પોલીસનું લોકેશન અને કોલ ડીટેઈલ રેકોર્ડ જાળવવા કોર્ટનો હુકમ

**અબતક, રાજકોટ**

શહેર એસસોજીએ નાર્કોટીકસના પાડેલા દરોડામાં પોલીસ અધીકારી, સરકારી પંચો અને રેઈડીંગ ટીમના લોકેશન ચાર્ટ અને કોલ ડીટેઈલ રેકોર્ડ (CDR) જાળવવાનો અદાલતે હુકમ કર્યો છે. ગત તા. ૧૯/૦૪/૨૦૨૪ ના રોજ કહેવા પ્રમાણે શહેરના રૈયા ગામ મુક્તિધામ ખાતે તા. ૧૯/૦૪/૨૦૨૪ ના રોજ SOG ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આક્ષેપીત વ્યક્તિ પાસે ૨૪.૦૧ ગ્રામ માદક પદાર્થ મેકેડ્રોન (MD) મળી આવતા આક્ષેપિત વ્યકિતને સ્પેશીયલ ગઉજ્જ કોર્ટ સમક્ષ રજુ કર્યા હતા. આક્ષેપીત વ્યક્તિએ વકીલ મારફતે સ્પેશીયલ કોર્ટમાં પોલીસ અધીકારી, સરકારી પંચો તેમજ રેઈડીંગ ટીમના લોકેશન ચાર્ટ તેમજ કોલ ડીટેઈલ રેકોર્ડ ઈઉછ જાળવવા અરજી કરી હતી,કેમ આરોપીના વકીલ ધ્વારા દલીલ કરવામાં આવેલ છે, આરોપીને અનુચ્છેદ-૨૧ અંતર્ગત Fair Trial નો અધીકાર છે, સ્પે. કોર્ટ સમક્ષ આરોપીને ખોટી રીતે નાર્કોટીકસના કેસમાં સંડોવી દેવાની ઈન્કવાયરી પેન્ડીંગ છે. ડીપાર્ટમેન્ટ ઓફ ટેલેકોમ્યુનીકેશનનું તા.૨૧/૧૨/૨૦૨૧ના નોટીફીકેશન અનુસાર સમય મર્યાદા બાદ લોકેશન ચાર્ટ અને કોલ ડીટેઈલનું રેકોર્ડ (CDR) નષ્ટ થઈ શકે તેમ હતા.તેમજ ઉચ્ચ અદાલતોના ચુકાદો રજુ રાખવામાં આવ્યા હતા, જે સેશન્સ કોર્ટ ધ્વારા માન્ય રાખી આક્ષેપીત દરોડાના પોલીસ અધિકારીઓના, સરકારી પંચોના અને રેઈડીંગ ટીમના લોકેશન ચાર્ટ અને કોલ ડીટેઈલ રેકોર્ડ (CDR) જાળવવા માટેનો હુકમ કરવામાં આવેલો છે. આરોપી વતી જય એમ. વણઝારા, રીધ્ધી એમ. ગણાત્રા અને કૌશલ એ. મહેતા રોકાયા હતા.

# ગોંડલ યાર્ડના વેપારીના ૧૨ હજાર કિલો ચણા રાજકોટનો ટ્રાન્સપોર્ટર અને ડ્રાઈવર ઓળવી ગયા

## અમદાવાદ પહોંચાડવા આપેલો રૂ. ૭.૦૯ લાખનો જથ્થો બારોબાર વેંચી માર્યો : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે છેતરપીંડીનો બનાવ સામે આવ્યો છે. રાજકોટના ટ્રાન્સપોર્ટર અને ટ્રક ડ્રાઈવરએ મળી ૧૨ હજાર કિલો ચણા અમદાવાદ પહોંચાડવાની જગ્યાએ પોતે ઓળવી જઈ રૂ.૭.૦૯ લાખના ચણા બારોબાર વેંચી નાંખ્યા હતાં. બનાવ અંગે ગોંડલ સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે ગોંડલ ખોડલદીપ રેસ્ટોરન્ટની સામે રમાનાથ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતાં મુળ રાણાવાવના વતની મનોજભાઈ મહેન્દ્રભાઈ માખેચા (ઉં.વ.૪૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાજકોટમાં આવેલ જય ગુરૂદેવ ટ્રાન્સપોર્ટના માલીક નૈમિશ, દાના લક્ષ્મણ કોડિયાતર અને મોબાઈલ નં.૯૭૨૩૭૫૪૨૮૭ ના ધારકનું નામ આપતાં ગોંડલ બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૧૦ વર્ષથી ગોંડલ નવા માર્કેટીંગ યાર્ડમા લેન્ડમાર્ક એગ્રી એક્સપોર્ટ નામની ભાગીદારી પેઢી ચલાવે છે. આ પેઢીમા ચાર ભાગીદાર છે, યાર્ડમાં ઓફીસ નંબર બી ૧૪૬ નામની પેઢીમા અનાજ કઠોળનો હોલસેલ વેપાર કરે છે.

ગઈ તા.૨૧ ના તેઓને એક પાર્ટી અરમાનીયા એગ્રી ઈન્ડસ્ટ્રીઝ હિમંતનગરનો ૨૩૯ કટા વજન ૧૨૦૧૦ રૂ.૭,૦૯,૮૨૫ નો ઓર્ડર હતો. જે માલ નરોડા અમદાવાદ એચ.આર કોલ્ડસ્ટ્રોરેઝમા ડીલીવરી કરવાની હોય જેથી જય ગુરૂદેવ ટ્રાન્સપોર્ટ રાજકોટના માલીક નૈમિષને વાત કરી ટ્રક મોકલવા જણાવેલ અને ભાડુ રૂ. ૧૧ હજાર નક્કી કરેલ હતું. નૈમિશે જણાવેલ કે, નં. જીજે-૦૩-એવાય-૭૭૮૦ ટ્રક જે ડ્રાઈવરના મો.નં.૯૭૨૩૭૫૪૨૮૭ છે, તે આવશે જેથી આ ટ્રક ડ્રાઈવરના મોબાઈલ ઉપર કોન્ટેક કરી અને તેમને ગોંડલ માર્કેટીંગ યાર્ડમા આવી જવા જણાવેલ હતું.

તે ડ્રાઈવરે સાંજના આઠેક વાગ્યે ફોન કરી કહેલ કે, હું માલ ભરવા ટ્રક લઈને આવી ગયેલ છું. આથી મજુરને મોકલેલ અને આ ટ્રકમા ચણા ભરાઈ જતા ટ્રક ડ્રાઈવરનુ નામ પુછતા દાના લક્ષ્મણ કોડીયાતર ઓફીસે આવેલ અને વજનની કાંટા ચિઠ્ઠી આપેલ હતી. તેમને ચણાનુ બીલ નંબર [illegible]૫૮૨ આપેલ અને તેમને જણાવેલ કે, આ માલ નરોડા અમદાવાદ ખાતે એચ.આર. કોલ્ડસ્ટોરેઝમા ઉતારવાનો છે. તે ડ્રાઈવર ટ્રક લઈ જતો રહેલ બાદમા બીજા દિવસે તા. ૨૨ ના બપોરના ત્રણેક વાગ્યે ટ્રક ડ્રાઈવરનો ફોન આવેલ કે, એચ.આર. કોલ્ડ સ્ટોરેજને મોબાઈલ કરેલ તેમણે જણાવેલ કે આજે રવિવાર છે. એટલે ટ્રક ખાલી નહિ થાય અને હું મારો ટ્રક હોટલે રાખી સુઈ જાવ છું, સવારના ખાલી કરવા જઈશ.

બાદમા તા.૨૩ ના સવારના અગીયારેક વાગ્યે ગુરૂદેવ ટ્રાન્સપોર્ટમાથી ફોન આવેલ અને વાત કરેલ કે, જે ટ્રક ચણા ભરી મોકલેલ તે માલ પહોંચી ગયેલ છે કે કેમ આથી ફોન કરી ખરાઈ કરતા કોલ્ડ સ્ટોરેજ વાળાએ જણાવેલ કે, તમારો માલ મળેલ નથી. આથી મેજેથી ટ્રાન્સપોર્ટ વાળા પાસેથી માલ મોકલ્યાની એલ.આર. મોકલતા જેમા આ ટ્રાન્સપોર્ટ વાળાએ જે ટ્રક નંબર આપેલ તેના બદલે બીજા નંબરની ટ્રક જીજે-૩૭-વી-૯૯૨૩ વાળી મોકલેલ અને જે ટ્રક ડ્રાઈવરના મોબાઈલ નંબર જણાવેલ તે ડ્રાઈવર કે ટ્રક નહિ મોકલી આરોપીઓએ વિશ્વાસઘાત કરી ચણાના ૨૩૯ કટા વજન ૧૨૦૧૦ કિગ્રા રૂ. ૭,૦૯,૮૨૫ જે બારો બાર વેચી નાંખતા ફરીયાદ નોંધાવી હતી.

# બાબરામાં શરાબના ૧૪૪ ચપલા સાથે ત્રણ શખ્સ ઝડપાયા

**અબતક**
**અપ્પુ જોશી, બાબરા**

બાબરા પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, શાહ પંપ પાસે એક શખ્સ થેલામાં વિદેશી દારૂના જથ્થા સાથે ઉભો છે.

બાબરા પોલીસ ની ટીમ પેટ્રોલ પંપ પાસે પહોંચી માહિતી મળેલા શખ્સને ઝડપી તેની પાસે રહેલા થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂના ૧૪૪ ચપલા મળી આવ્યા હતા.પોલીસે રાજસ્થાનના સાંગસિંગ અર્જુનસિંગ સોઢા ને ઝડપી લઈ દારૂ અંગેની પૂછપરછ કરતા, તેની સાથે લાઠી તાલુકાના હરસૂરપુર ગામનો જયરાજભાઈ દેહાભાઈ વાળા અને બાબરા ગામનો વિવેક પ્રવીણભાઈ પોપટ નામના શખ્સો સંડોવાયા હોવાની કબુલાત આપતા, બંને શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી ,બંનેને ઝડપી લીધા છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં

# ઉમેદવારોની પસંદગી માટે ભાજપ ટૂંક સમયમાં ગાઈડ લાઈન જાહેર કરશે

## ૬૦ વર્ષથી વધુ વયના આગેવાનો, ત્રણ ટર્મ ચૂંટાયેલા નેતા કે સંગઠનના હોદેદારોને ટિકિટ નહીં અપાયઃ અન્ય કેટલાક નિયમો પણ આવશે

**અબતક, રાજકોટ**

રાજય ચૂંટણી પંચ દ્વારા આવતા સપ્તાહે મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે તારીખોનું એલાન કરી દેવામાં આવશે. સતાધારી પાર્ટી ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે ટુંક સમયમાં ચારથી પાંચ આકરા નિયમો સાથેની ગાઈડલાઈન જાહેર કરવામાં આવશે. દરમિયાન ચૂંટણી લડવા ઈચ્છુક કાર્યકરોને સાંભળવા માટે આગામી દિવસોમાં દરેક જિલ્લા અને મહાનગરો માટે નિરિક્ષકોના નામ પણ જાહેર કરવામાં આવી શકે છે.

સામાન્ય રીતે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે કોઈ નિયમો બનાવવામાં આવતા નથી પરંતુ તત્કાલીન પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે વર્ષ ૨૦૨૧ની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે કેટલાક નિયમો અમલમાં મૂલ્યા હતા આ વખતે પણ ટિકિટ ફાળવણી માટે ચારથી પાંચ નિયમોની માર્ગદર્શિકા અમલમાં મૂકવામાં આવશે. પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા આગામી દિવસોમાં ગાઈડલાઈન જાહેર કરવામાં આવી શકે છે.

સ્થાનિક સ્વરાજયની



ચૂંટણીમાં ૬૦ વર્ષથી વધુ વયના આગેવાનોને ભાજપ દ્વારા ટિકિટની ફાળવણી કરવામાં આવશે નહી આ

(અનુ. આઠમા પાને)

## મીડિયા ઈન્ચાર્જ સહ ઈન્ચાર્જ સાથે જગદીશ વિશ્વકર્માની બેઠક

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં અને પ્રદેશના મુખ્ય પ્રવકતા ડો. અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે જિલ્લા તથા મહાનગરના મીડિયા ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જ ઓ ની 'મીડિયા કાર્યશાળા' યોજાઈ હતી.

આ કાર્યશાળામાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, ડિજિટલ મીડિયા સહિત વિવિધ માધ્યમો થકી ભાજપાની સંગઠનાત્મક અને સેવાકીય કામગીરી, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજય સરકારની જનકલ્યાણની કામગીરીની માહિતી અસરકારકતા સાથે જનતા સુધી પહોંચાડવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

તેઓએ આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના અનુસંધાને વિપક્ષના ભ્રામક અપપ્રચાર સામે સંપર્ક, સંવાદ અને સંકલન દ્વારા લોકશાહીના

(અનુ. આઠમા પાને)

# બાજરી, જુવાર અને મકાઈની ૧ મેથી ૧૫ જુલાઈ સુધી ટેકાના ભાવે ખરીદી

## ૧ થી ૩૦ એપ્રિલ દરમિયાન ટેકાના ભાવે વેચાણ માટે ખેડુતો નોંધણી કરાવી શકશે

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે બાજરી રૂ. ૨,૭૭૫ પ્રતિ ક્વી., જુવાર-માલદંડી માટે રૂ. ૩,૭૪૯ પ્રતિ ક્વી., જુવાર-હાઈબ્રીડ માટે રૂ. ૩,૬૯૯ પ્રતિ ક્વી. તથા મકાઈ માટે રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વી. લઘુત્તમ ટેકાનો દર નિયત કરવામાં આવ્યો છે. ખેડૂતોને મહત્તમ ટેકાના ભાવનો લાભ મળી રહે તે માટે બાજરી તેમજ જુવારની ખરીદી ઉપર ટેકાના ભાવ ઉપરાંત રૂ. ૩૦૦ પ્રતિ ક્વી. બોનસની ચુકવણી કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે બાજરી, જુવાર તથા મકાઈની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવશે.

લઘુત્તમ ટેકાના ભાવે બાજરી, જુવાર તથા મકાઈના વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ જીઆઈ મારફતે તા. ૦૧ થી ૩૦ એપ્રિલ,સુધી કરવામાં આવશે તેમજ બાજરી, જુવાર તથા મકાઈની ખરીદી તા. ૦૧ મે થી

(અનુ. આઠમા પાને)

# ધોરાજી નજીક પુરપાટ ઝડપે જતી ખાનગી બસ ગોથું મારી ગઈઃ ચાર મુસાફરો ગંભીર

પાટણ ખાતે અસ્થી વિસર્જન કરી પરત ફરી રહેલા પરિવારના ૧૮ સભ્યને નડ્યો અકસ્માત

## લક્ઝરી બસ બે બાઈકને ઠોકરે લઈ પલટી જઈ ઝાડ સાથે અથડાય, ૩ મુસાફરોને ક્રેનની મદદથી બહાર કાઢ્યા



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

રાજકોટ-પોરબંદર ધોરી માર્ગ પર આવેલા ધોરાજી નજીક પનઘટ હોટલ પાસે હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં અસ્થિ વિસર્જન કરી પરત ફરી રહેલા પરિવારની પુરપાટ ઝડપે જતી ખાનગી બસ પલટી મારી જતાં હાઈવે પર ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ પાટણ પંથકના વતની અને હાલ ધોરાજી શહેરના ભૂમિ પ્લાસ્ટિક કારખાના નજીક રહેતા રાજુભાઈ બચુભાઈ રાઠોડ ના પિતા બચુભાઈ ભુદરભાઈ રાઠોડ નું અવસાન થયું હોવાથી તેમના અસ્થિ વિસર્જન માટે પરિવાર અને સગા સંબંધીઓ સાથે ખાનગી ટ્રાવેલ્સની આ બસમાં અંદાજે ૧૮ જેટલા મુસાફરો સાથે વતન ખાતેથી પરત આવી રહ્યા હતા ત્યારે ધોરાજી નજીક પનઘટ હોટલ પાસે ૩ ૪૦૮૭ નંબરની ગુરુકૃપા ટ્રાવેલ્સની બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા બે બાઈક ને ઠોકરે લઈ બસ ગટરમાં પલટી ખાઈ ઝાડ સાથે અથડાઈ હતી.. અકસ્માત એટલો ભીષણ હતો કે બસ પલટી ખાતા જ ત્રણ મુસાફરો બસ દબાઈ ગયા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકો અને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ક્રેન અને અન્ય

(અનુ. આઠમા પાને)

# ૩૪ જિલ્લાના પ્રભારી સચિવ નિમાયાઃ રાજકોટમાં ફરી રાહુલ ગુપ્તા







## એમ.થેન્નારસનને અમદાવાદના સંદીપકુમારને અમરેલીના, બી.એ. શાહને બોટાદના, આલોકકુમાર પાંડેને ભાવનગરના, ધવલ પટેલને દેવભૂમિ દ્વારકાના જેનું દેવનને ગીર સોમનાથના, આરતી કંવરને જામનગરના, દિલીપ રાણાને જૂનાગઢના, રાજકુમાર બેનીવાલને કચ્છના, રાજેન્દ્રકુમારને મોરબીના, હિતેશ કોયાને પોરબંદરના જયારે રાકેશ શંકરને સુરેન્દ્રનગરના પ્રભારી સચિવ બનાવાયા

**અબતક, રાજકોટ**

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજયના ૩૪ જિલ્લાના પ્રભારી સચિવોના નામ જાહેર કરવામાં આવ્યા છે. રાહુલ ગુપ્તાને ફરી એકવાર રાજકોટ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂર્વે પ્રભારી સચિવોની નિયુકતી ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અમદાવાદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે એમ.થેન્નારસનની, અમરેલી જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સંદીપકુમારની, અરવલ્લી જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રૂપવંતસિંહ, આણંદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સુ.શ્રી અવંતિકા સિંઘ ઔલખ, બનાસકાંઠા જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સુશ્રી પ્રવિણ ડી.કે. બોટાદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સંધ્યા ભૂલ્લરની ભાવનરના પ્રભારી સચિવ તરીકે આલોકકુમાર પાંડે, દાહોદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે વિજયકુમાર ખરાડી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી સચિવ તરીકે ધવલભાઈ પટેલની નિયુકતી કરાય છે.

જયારે ડાંગજિલ્લાના પ્રભારી સચિવ તરીકે મહેશભાઈ પટેલની, ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે ડો.વિનોદ રાવ, ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે જેનું દેવન, જામનગર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે આરતી કંવર, જૂનાગઢ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે દિલીપ રાણાની, કચ્છના પ્રભારી સચિવ તરીકે રાજકુમાર બેનીવાલની, ખેડાના પ્રભારી સચિવ તરીકે ડો.કુલદીપ આર્યની, મહેસાણાના રંજીપ કુમાર જે.ની મોરબી જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રાજેન્દ્રકુમાર, મહિસાગરના પ્રભારી સચિવ તરીકે કે.એલ. બચાનીની નર્મદા જિલ્લાના પ્રભારી સચિવ તરીકે ડો. રંજીતકુમાર સિંહની, નવસારી જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સુશ્રી આર્દ્રા અગ્રવાલની પંચમહાલ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રાજેશ માંઝ્યુની પાટણ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે લોચન સેહરાની, પોરબંદર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે, હિતેશ કોયાની, રાજકોટ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રાહુલ ગુપ્તાની સાંબરકાંઠા જિલ્લાના પ્રભારી સચિવ તરીકે ડો.રતનકંવર ગઢવી ચારણની સુરત જિલ્લાના પ્રભારી સચિવ તરીકે, સુશ્રી શાલીની અગ્રવાલની જયારે

(અનુ. આઠમા પાને)

# રાજકોટમાં ૧૦ હજાર સહિત રાજયના ૧ લાખ વિદ્યાર્થીઓની કાલે ગુજકેટની પરીક્ષા

## વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે માટે દરેક કેન્દ્ર પર પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા અને આરોગ્ય વિભાગની ટીમ તૈનાત રાખવાની સૂચના

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પ્રતિષ્ઠિત ગુજકેટ-૨૦૨૬ની પરીક્ષા આવતીકાલે યોજાશે. એન્જિનિયરિંગ, ફાર્મસી અને મેડિકલમાં પ્રવેશ લેવા ઈચ્છતા રાજયના ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓનું ભાવિ આવતીકાલે ઓએમઆર શીટમાં કેદ થશે. ખાસ કરીને રાજકોટમાં ૪૬ જેટલા પરીક્ષા કેન્દ્ર પર ૯૩૦૬ પરીક્ષાર્થીઓ નોંધાયા છે જેના માટે તંત્રએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવીની બાજ નજર હેઠળ એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

માર્ચના અંતમાં ગરમીનો પારો આસમાને પહોંચી રહ્યો છે ત્યારે વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે માટે દરેક કેન્દ્ર પર પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા અને આરોગ્ય વિભાગની ટીમ તૈનાત રાખવાની સૂચના આપવામાં આવી છે. જો કોઈ વિદ્યાર્થીને ડીહાઈડ્રેશન કે ગભરામણ જેવી સમસ્યા થાય તો ત્વરિત સારવાર મળી રહે તેવું આયોજન કરાયું છે. પરીક્ષાની ગરિમા જળવાઈ રહે તે માટે બોર્ડ દ્વારા આ વખતે વિશેષ તકેદારી રાખવામાં આવી છે. પરીક્ષા કામગીરીના અનુભવી હોય તેવા વર્ગ-૨ના અધિકારીઓની ઝોનલ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ અધિકારીઓ પ્રશ્નપત્રો અને ઓએમઆર શીટના ગોપનીય પરિવહનથી લઈ પરીક્ષા પૂર્ણ થયા બાદ સાહિત્ય પરત મેળવવા સુધીની પ્રક્રિયા પર સીધી દેખરેખ રાખશે.

પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય અને શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પૂર્ણ થાય તે માટે ગુજરાત બોર્ડ દ્વારા ખાસ એક્શન પ્લાન પણ તૈયાર કરવામાં આવેલો છે. પરીક્ષામાં ગેરરીતિ થતી અટકાવવા સીસીટીવી કેમેરા હેઠળ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા પણ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ગરમીનું પ્રમાણ વધુ હોવાથી પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા અને આરોગ્ય ટીમ પણ તમામ પરીક્ષા કેન્દ્ર પર રાખવાની અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણ અધિકારીએ સૂચના આપી છે.

# જૈન વારસો અને સંસ્કૃતિના અદ્ભુત સંગમ સાથે ગાંધીનગરના કોબામાં સમ્રાટ સંપ્રતિ મહારાજને સમર્પિત મ્યુઝિયમ ખુલશે

## વેદ, પુરાણ અને આયુર્વેદના પ્રાચીન ગ્રંથો અને ૮મી સદીથી લઈને ૨૦મી સદી સુધીના દુર્લભ સિક્કાઓનો સંગ્રહ અને ૩ લાખથી વધુ હસ્તપ્રતો અને ૪ લાખથી વધુ પુસ્તકો સંગ્રહિત

**અબતક, રાજકોટ**

આગામી ૩૧ માર્ચે મહાવીર જયંતીના શુભ અવસરે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગરના કોબા ખાતે 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું ઉદઘાટન કરશે. મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતે બનેલા આ મ્યુઝિયમના લોકાર્પણ સમયે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

આ મ્યુઝિયમ સમ્રાટ અશોકના પૌત્ર અને જૈન ધર્મના પ્રચારક સમ્રાટ સંપ્રતિ મહારાજને સમર્પિત છે. તેમણે ભારતભરમાં હજારો જૈન મંદિરો બંધાવ્યા હતા અને અહિંસાના સંદેશનો પ્રસાર કર્યો હતો. આચાર્ય પદ્મસાગરસૂરીજીએ છેલ્લા ૬૦ વર્ષમાં ભારત અને નેપાળમાં ૨ લાખ કિમી પદયાત્રા કરીને જે અમૂલ્ય પ્રાચીન વસ્તુઓ ભેગી કરી છે, તેને અહીં સાચવવામાં આવી છે.

અહીં સાત અલગ-અલગ વિભાગોમાં જૈન દર્શન, તીર્થંકરોની ગાથા, પ્રાચીન હસ્તપ્રતો, મૂર્તિઓ, મુઘલ કાળના ફરમાનો, ચાંદીના રથ અને પ્રાચીન સિક્કાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મ્યુઝિયમની જગ્યામાં ૨૦૦થી વધુ લીમડાના વૃક્ષો હતા. ડિઝાઈન એવી રીતે કરવામાં આવી છે કે એક પણ વૃક્ષ કાપ્યા વગર તેની આસપાસ નાના આંગણા બનાવીને મ્યુઝિયમ તૈયાર કરાયું છે. આ મ્યુઝિયમની ડિઝાઈન રાજસ્થાનના પ્રખ્યાત 'રાણકપુર જૈન મંદિર' અને 'મંડલા' આકૃતિ પર આધારિત છે. વેદ, પુરાણ અને આયુર્વેદના પણ પ્રાચીન ગ્રંથો અને ૮મી સદીથી લઈને ૨૦મી સદી સુધીના દુર્લભ સિક્કાઓનો સંગ્રહ છે.અહીં ૩ લાખથી વધુ હસ્તપ્રતો અને ૪ લાખથી વધુ પુસ્તકો સંગ્રહિત છે. જૂના વારસાની સાથે અહીં ઓડિયો-વિઝ્યુઅલ ટેકનોલોજી અને આધ્યાત્મિક સંગીતનો ઉપયોગ કરાયો છે, જેથી મુલાકાતીઓને નવો અનુભવ મળે.

# ખેડૂતો માત્ર રૂ.૩૦૦ની ટોકન સ્ટેમ્પ ડ્યુટીમાં વારસાઈ નોંધ કરાવી શકશે

## વારસાઈ સંબંધિત જમીન વ્યવહારોમાં સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત આપતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ખેડૂતો અને પ્રજાહિતકારી નિર્ણયઃ પરિવારના સભ્યો વચ્ચે મિલકતો વહેંચણીની સરળતા થતાં વિવાદ અને કોર્ટ કેસમાં ઘટાડો થશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સીધી લીટીના અને આડી લીટીના વારસદારો વચ્ચે થતા જમીન સંબંધિત આંતરિક વ્યવહારો માટે જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈઓમાં રાહત આપવાનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી સમક્ષ સમાજના વિવિધ અગ્રણીઓ, કિસાન સંઘ તથા ખેડૂત સંગઠનો દ્વારા કરવામાં આવેલી રજૂઆતનો તેમણે સકારાત્મક પ્રતિસાદ આપીને આ ખેડૂત તથા પ્રજા હિતકારી નિર્ણય કર્યો છે.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ હેઠળ રાજ્ય સરકારને સ્ટેમ્પ ડ્યુટી ઘટાડવા અથવા માફ કરવા મળેલી સત્તા અન્વયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેતીની જમીન અંગેના કેટલાક કિસ્સાઓમાં જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈઓમાંથી રાહત આપીને રૂપિયા ૩૦૦ ટોકન સ્ટેમ્પ ડ્યુટી લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

આ મહત્વપૂર્ણ નિર્ણય અનુસાર વારસાઈની નોંધ/નોંધો હેઠળના સંયુકત કબજેદારો પૈકીના કોઈ એક અથવા વધુ વારસો (મરણ જનાર મુળ ખાતેદારના સીધી લીટીના કેસમાં એક પણ વારસ હયાત ન હોય તો આડી લીટીના વારસો) દ્વારા અન્ય એક કે વધુ વારસદારોની તરફેણમાં એક અથવા વધુ તબક્કાઓમાં હક્ક ઉઠાવવાના કિસ્સામાં પ્રત્યેક હક્ક ઉઠાવવા/કમીના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડ્યુટી લેવાશે.

જો સીધીલીટીના વારસો હયાત હોય તો તે પૈકીના એક યા વધુના નામ એક અથવા વધુ તબક્કાઓમાં દાખલ કરવાના કિસ્સામાં, સીધીલીટીના એક પણ વારસ હયાત ન હોય તો આડીલીટીના હયાત પૈકીના એક યા વધુ વારસોના નામ દાખલ કરવાના કિસ્સામાં પ્રત્યેક હયાતીમાં હકક દાખલના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડયુટી વસૂલ કરવામાં આવશે.

સમયના ક્રમાનુસાર એક યા વધુ તબક્કે વારસાઈ નોંધ/નોંધો અન્વયે દાખલ થયેલ સંયુકત ખાતેદારો દ્વારા એક અથવા વધુ તબક્કે વહેંચણી કરવામાં આવે (આવી વારસાઈથી સીધીલીટી અથવા તેની હયાતી ન હોય ત્યારે આડીલીટીના વારસો દાખલ થયેલ

(અનુ. આઠમા પાને)

## ગણોતીયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત ડિસેમ્બર સુધી વધારાઈ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ગણોત વહિવટ અને ખેતીની જમીન અધિનિયમની કલમ-૩૨ અંતર્ગત ગણોતીયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત એક વર્ષ વધારવાનો સંવેદના સ્પર્શી નિર્ણય કર્યો છે.ગુજરાત ગણોત વહિવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ મુજબ કલમ ૩૨ જી અંતર્ગત ખેડૂતો/ગણોતીયાઓ માટે મામલતદાર અને કૃષિ પંચ દ્વારા ખરીદ કિંમત નક્કી કરવામાં આવે છે અને આ કિંમત કાયદા મુજબની સમય મર્યાદામાં ભરપાઈ કરવાની હોય છે. ગણોતીયાઓ દ્વારા અજ્ઞાનતાના કારણે ખરીદ કિંમત ભરપાઈ ન કરી હોવાના કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા છે. આવી ખરીદ કિંમત ન ભરવાના કિસ્સામાં તેમને કાયદેસરના માલિક ગણી શકાતા નથી. આના પરિણામે ખેડૂતો દ્વારા ખેતીની જમીન વેચાણ, બિન ખેતીના પ્રસંગોએ જે મુશ્કેલીઓ પડે છે તે નિવારવા રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં વખતો વખત આવી ખરીદ કિંમત ભરપાઈ કરવાની છુટ આપીને સમય મર્યાદા લંબાવવાના નિર્ણયો કરેલા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ખેડૂતોએ કરેલી રજૂઆતો અને ૩૧ ડિસેમ્બર-૨૦૨૫ના અંતે કેસોની બાકી રહેલી સંખ્યા ધ્યાનમાં લઈને તેમણે ખેડૂતોની તરફેણમાં વધુ નરમ વલણ દર્શાવીને ગણોતીયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની આ મુદત તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૬ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ ખેડૂતહિતલક્ષી નિર્ણયના પરિણામે ખેડૂતો/ગણોતીયાઓ ખરીદ કિંમત ભરપાઈ કરીને કાયદેસર માલિક બની શકશે.